**સુંવિચાર**

માણસની મોટી તકલીફ એ છે કે એને ‘તરત’ ‘સરસ’ અને ‘મફત’ બધું એકજ સાથે જોઈતું હોય છે...

# સમય મિરર




SAMAY MIRROR (MORNING DAILY)

samaymirror@gmail.com

RETAIL SELLING PRICE Rs. 3 ■ ANNUAL SUBSCRIPTION Rs. 900 ■ LANGUAGE : GUJARATI

RNI NO:-GUJGUJ/2022/84575


Year-3, Issue-175 ■ DATE : 6-5-2025 ■ TUESDAY ■ Page-10 ■ વૈશાખ સુદ ૯, વિક્રમ સંવંત-2081

■ OWNER : ZALA PRADIPSINH GHANSHYAMSINH ■ EDITOR, PRINTER & PUBLISHER : HINESH PRAVINBHAI PANCHOLI ■ MANAGING EDITOR : ZALA PRADIPSINH GHANSHYAMSINH

■ PLACE OF PUBLICATION : 201, JALARAM ASSOCIATE, 20- NEW JAGNATH, DR. YAGNIK ROAD, RAJKOT-360001 (GUJARAT) ■ PRINTED AT SANJ MEDIA SANJ SAMACHAR CORPORATE HOUSE KASTURBA ROAD, NEAR SHARDA BAUG, RAJKOT-360001


# આતંકવાદ વિરુદ્ધ ભારતને રશિયાનું સંપૂર્ણ સમર્થન

## વ્લાદિમીર પુતિને વડાપ્રધાન મોદીને ફોન કરી હુમલાની નિંદા કરી : પુનઃ શોક વ્યક્ત કર્યો



**સમય મિરર । નવી દિલ્હી**

પહલગામમાં પ્રવાસીઓ પર કાયરતાપૂર્ણ હુમલા બાદ ભારતમાં તણાવનું વાતાવરણ છે. એવામાં રશિયાએ આતંકવાદ સામેની લડાઈમાં ભારતને ટેકો આપવાની પ્રતિબદ્ધતાની વાત ફરી કરી છે. રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને સોમવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને ફોન કર્યો અને પહલગામ આતંકવાદી હુમલાની નિંદા કરી.

આ મામલે વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે, ’રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને વડા પ્રધાન નરેન્દ્ર મોદીને ફોન કર્યો હતો અને પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાની કડક નિંદા કરી હતી. તેમણે નિર્દોષ લોકોના મોત પર શોક પણ વ્યક્ત કર્યો. તેમણે આતંકવાદ સામેની લડાઈમાં ભારતને સંપૂર્ણ સમર્થન આપવાની વાત કરી.’


જયસ્વાલે કહ્યું, ’પુતિને એ વાત પર ભાર મૂક્યો કે આ જઘન્ય હુમલાના ગુનેગારો અને તેમના સાથીઓને ન્યાયના કઠેડામાં લાવવા જોઈએ. તેમજ બંને નેતાઓએ ભારત-રશિયાની વિશેષ અને વિશેષાધિકૃત વ્યૂહાત્મક ભાગીદારીને વધુ ગાઢ બનાવવાની વાત કરી. પીએમ મોદીએ પુતિનને વિજય દિવસની ૮૦મી વર્ષગાંઠ પર શુભેચ્છા પાઠવી અને આ વર્ષના અંતમાં ભારતમાં યોજાનારી વાર્ષિક સમિટમાં ભાગ લેવા આમંત્રણ આપ્યું.’

રશિયાએ ભારતની મદદ કરવાનું વચન આપ્યું છે. પાકિસ્તાન સરકાર અને મંત્રીઓનું કહેવું છે કે આમારી પાસે પરમાણુ હથિયાર છે, જેના કારણે યુધ્ધમાં ગંભીર પરિણામ આવી શકે છે. એવામાં રશિયાનું આ પગલું પાકિસ્તાન માટે એક ઝટકા જેવું છે.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે એક્સપોસ્ટને જણાવ્યું હતું કે વાતચીત દરમિયાન, રશિયન રાષ્ટ્રપતિએ ભાર મૂક્યો હતો કે હુમલામાં સામેલ અને તેમને સાથ આપનારા લોકોને ન્યાયના કઠેડામાં લાવવા જોઈએ.

રાષ્ટ્રપતિ પુતિન આ વર્ષે ભારતની મુલાકાત લેશે. તેમની મુલાકાત માટે તૈયારીઓ ચાલી રહી છે. જોકે, તેમની મુલાકાત કયા મહિને કે તારીખે થશે તે અંગે હજુ સુધી માહિતી જાહેર કરવામાં આવી નથી. ૨૦૨૨માં યુક્રેન યુદ્ધ શરૂ થયા પછી પુતિન આ પહેલી ભારતની મુલાકાતે આવશે.

૨૨ એપ્રિલ, પહેલગામ હુમલાના દિવસે પણ રશિયાએ ભારતને પોતાનો ટેકો વ્યક્ત કર્યો હતો. ત્યારે રાષ્ટ્રપતિ પુતિને કહ્યું હતું કે પહેલગામ હુમલાના ગુનેગારોને કડક સજા મળશે. અમે ભારત સાથે છીએ. શોકગ્રસ્ત પરિવારો સાથે અમારી સંવેદના છે. અમે બધા ઘાયલોના ઝડપી સ્વસ્થ થવા માટે પ્રાર્થના કરીએ છીએ.



## પાકિસ્તાનને ADB તરફથી મળતું ફંડિંગ રોકવા ભારતની માંગ

જમ્મુ-કાશ્મીરના પહલગામમાં ૨૨ એપ્રિલ, ૨૦૨૫ના રોજ થયેલા આતંકી હુમલા બાદ ભારતે પાકિસ્તાન વિરૂદ્ધમાં કેટલાક કડક નિર્ણય લીધા હતા. જ્યારે સોમવારે ૫ મેના રોજ ભારતના નાણાંમંત્રી નિર્મલા સિતારામણે એશિયન ડેવલપમેન્ટ બેંકના અધ્યક્ષ માસાતો કાંડા સાથે મુલાકાત કરીને પાકિસ્તાનને આર્થિક મદદ બંધ કરવાની માગ કરી છે. આ સાથે નાણાંમંત્રીએ માસાતો સિવાય ઈટલીના નાણાંમંત્રી જિયાનકાર્લો જિયોર્જેટ્ટી સાથે મુલાકાત કરીને પોતાની માગને જણાવી હતી. ભારતે સ્પષ્ટ કર્યું કે, આતંકવાદને રક્ષણ અને પ્રોત્સાહન આપનારાઓને નાણાકીય ભંડોળ આપવું જોઈએ નહીં. પાકિસ્તાનની આર્થિક સ્થિતિ અત્યંત ખરાબ છે. તેવામાં પાકિસ્તાનને દુનિયામાં અનેક બેંકો જેવી કે, ADB અને આંતરરાષ્ટ્રીય મુદ્રા કોષથી અરબો ડોલરની મદદ કરવામાં આવી છે. આ સહાય વિકાસ, આબોહવા પરિવર્તન સામે લડવા, રસ્તા બનાવવા, વીજળી વગેરે ક્ષેત્રો માટે આપવામાં આવે છે. ભારતનું કહેવું છે કે, પાકિસ્તાનને અલગ-અલગ બેંકમાંથી સહાય મળે છે, જેમાંથી મોટાભાગના રૂપિયા આતંકી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે. જ્યારે ભારતની માગ છે કે, તેને FATFની લિસ્ટમાં ફરીથી નાખી દેવામાં આવે. ભારતે પાકિસ્તાનને IMF તરફથી મળવાના ૭ બિલિયન ડોલરના પેકેજ પર પણ પ્રશ્નો ઉઠાવ્યા છે.

### રાત્રે સાયરન વગાડી અંધારપટ કરવામાં આવશે

# કાલે દેશના તમામ રાજ્યોમાં સિવિલ ડિફેન્સની મોકડ્રીલ

## દુશ્મન દેશના હુમલાની સ્થિતિમાં નાગરિકોએ રાખવાની થતી સાવચેતીનું નિર્દેશન કરાશે

**સમય મિરર । નવી દિલ્હી**

પહેલગામ હુમલા બાદ લગાતાર એ ચર્ચા ચાલી રહી છે કે, ભારત ખુબ જલ્દી પાડોશી મુલ્ક પાકિસ્તાન ઉપર મોટી એક્શન લઈ શકે છે. આ વ્યાપક ચર્ચા વચ્ચે કેન્દ્રીય ગૃહમંત્રાલયે સિવિલ ડિફેન્સને લઈને મોક ડ્રીલનું એલાન કર્યુ છે. દેશના તમામ રાજ્યોને એ નિર્દેશ આપવામાં આવ્યો છે નાગરિકોની સુરક્ષાને લઈને સરકાર તરફથી લગાતાર જરૂરી પગલા ઉઠાવામાં આવી રહ્યા છે. આ કડીમાં કેન્દ્રીય ગૃહમંત્રાલયે રાજ્યોને સિવિલ ડિફેન્સ માટે મોકડ્રીલ કરવાનો આદેશ કર્યો છે. આ મોકડ્રીલ આવતી કાલે ૭ મે અને બુધવારે કરવામાં આવશે. સુત્રોના જણાવ્યા અનુસાર આ મોકડ્રીલ નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે કરવામાં આવશે. આ મોકડ્રીલનો ઉદ્દેશ દુશ્મનદેશના હુમલાની સ્થિતિમાં નાગરિકોને કઈ રીતે પોતાની સુરક્ષા જાતે કરવી તે અંગે નિર્દેશન આપવામાં આવશે.

ગૃહમંત્રાલયના સુત્રોના જણાવ્યા અનુસાર આ મોકડ્રીલ માટે ઘણાબધા જરૂરી પગલાઓ ઉઠાવવામાં આવશે. સૌથી પહેલા એર રેડ વોર્નિંગ સાયરન શરૂ કરવામાં આવશે આનો મતલબ એ છે કે, હુમલાની ચેતવણી દેવા વાળુ સાયરન વગાડવામાં આવશે. બીજુ કે, નાગરિકો અને વિદ્યાર્થીઓને સિવિલ ડિફેન્સની બાબતનું પ્રશિક્ષણ આપવામાં આવશે. તેઓને ટ્રેનીંગ આપવામાં આવશે કે હુમલાની સ્થિતિમાં કેવી રીતે બચી શકાય આ ઉપરાંત રાત્રે ક્રેસ બ્લેક આઉટનો ઉપાય પણ અજમાવવામાં આવશે. આનો મતલબ એ છે કે, દુશ્મન દેશના હુમલા દરમિયાન પ્રકાશ સદંતર બંધ કરવો એટલે કે, ક્રેશ બ્લેકઆઉટની વ્યવસ્થા કરવી ચોથુ દેશના મહત્વપૂર્ણ પ્રતિષ્ઠાનોને જલદીથી કઈ રીતે દુશ્મન દેશની નજરથી છુપાવી શકાય તેની વ્યવસ્થા કરવામાં આવશે. ખાસ કરીને મોટા પ્લાન્ટો અને સંવેદનશીલ જગ્યાઓને દુશ્મનની નજરથી બચાવવા માટે કેવા ઉપાયો અજમાવવા તે અંગેનું માર્ગદર્શન આપવામાં આવશે. પાંચમું કે નિકાશી યોજના એટલે કે, એવેકુએશન પ્લાન શું હોઈ શકે આનાથી લોકોને નવી માહિતીથી અપડેટ કરવામાં આવશે. આ સાથે જ તેનો અભ્યાસ કરવામાં આવશે. એવેકુએશન પ્લાનનો મતલબ છે કે, લોકોને સુરક્ષીત સ્થાનો પર લઈ જવાની યોજના એટલે કે, યુદ્ધની સ્થિતિમાં સામાન્ય જનતાને કઈ રીતે સુરક્ષીત જગ્યા પર લઈ જવા તેની તૈયારીઓનું નિર્દેશન પણ કરવામાં આવશે.

મહત્વપૂર્ણ છે કે, ગઈકાલે રવિવારે પંજાબના ફિરોજપુરમાં કમ્પ્લીટ બ્લેક આઉટ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત ગૃહમંત્રાલયે સુચના આપી છે કે, પંજાબના સંવેદનશીલ શહેરો અને ખાસ કરીને પાકિસ્તાનની નજીક આવેલા વિસ્તારોમાં બ્લેકઆઉટ કરવાની પ્રેક્ટિસ કરવામાં આવી હતી. પંજાબમાં બ્લેકઆઉટના નિર્દેશન દરમિયાન એક ખાસ સાયરન વગાડ્યા બાદ રાત્રે ૯ વાગ્યાથી ૩૦ મીનીટ સુધી એટલે કે ૯:૩૦ વાગ્યા સુધી તમામ પ્રકારની લાઈટો બંધ કરીને ઘોર અંધારુ કરી નાખવામાં આવ્યું હતું. જેમાં ખાસ કરીને રસ્તાઓ ઉપર ચાલતા નાના-મોટા વાહનોની હેડલાઈટોને પણ બંધ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. આ બ્લેકઆઉટ દરમિયાન લોકોને સુચિત કરવામાં આવ્યા હતાં કે, ઘરની અંદર કે બહાર ઈન્વટર કે, બેટરી મારફતે પણ કોઈપણ પ્રકારની લાઈટ ચાલુ કરવામાં ન આવે આ માટે આ અભ્યાસ પહેલા લાઉડ સ્પીકર ઉપરથી આ અંગેની સૂચના આપવા માટેનું એલાન પણ કરવામાં આવ્યું હતું. નોંધનીય છે કે, સોમવારે વડાપ્રધાન મોદીએ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ સાથે એક ઉચ્ચસ્તરીએ બેઠકનું આયોજન કર્યુ હતું. આ બેઠક બાદ તરત જ વડાપ્રધાન મોદીએ ગૃહસચિવ ગોવિંદ મોહન સાથે પણ ખાસ મુલાકાત કરી હતી.

આ દરમિયાન જાણવા મળતી માહિતી મુજબ લોકસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધી પણ પીએમઓ પહોંચ્યા હતાં અને તેમણે નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી હતી. આ મુલાકાત નવા સીબીઆઈ ડાયરેક્ટરની નિયુક્તિને લઈને કરવામાં આવી હોવાનું સુત્રો મારફતે જાણવા મળી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે, પાછલા વર્ષોમાં સીબીઆઈની કાર્યવાહી પર વિપક્ષ વારંવાર સવાલો ઉઠાવી રહ્યો છે. ત્યારે હાલ યુદ્ધ જેવી સ્થિતિમાં રાહુલ ગાંધીએ અચાનક વડાપ્રધાનની મુલાકાત લેતા અનેક તર્ક વિતર્કો સર્જાયા છે.

### ભારત સાથે યુદ્ધ થશે તો

# ઈમરાન ખાનની PTI સિવાય પાકિસ્તાનની તમામ રાજકીય પાર્ટીઓ એકજૂટ થશે

**સમય મિરર । નવી દિલ્હી**

પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ સતત વધી રહ્યો છે. ગત રવિવારે મોડીરાત્રે પાકિસ્તાની સેનાએ તમામ રાજકીય પક્ષોને વર્તમાન પરિસ્થિતિ વિશે માહિતી આપી. આ બ્રીફિંગ ઈન્ટર-સર્વિસીઝ પબ્લિક રિલેશન્સ (ISPR)ના ડિરેક્ટર જનરલ લેફ્ટનન્ટ જનરલ અહેમદ શરીફ ચૌધરી અને માહિતી મંત્રી અત્તાઉલ્લાહ તરાર દ્વારા આપવામાં આવ્યું હતું.

બેઠકમાં હાજર તમામ પક્ષોએ ભારતીય હુમલાના કિસ્સામાં બદલો લેવાની કાર્યવાહી માટે પોતાનો ટેકો વ્યક્ત કર્યો. પાકિસ્તાની અખબારના અહેવાલ મુજબ, યુદ્ધની સ્થિતિમાં તમામ પક્ષો સાથે મળીને સંયુક્ત મોરચો બનાવવા માટે પણ સંમત થયા હતા. ઈમરાન ખાનના મુખ્ય વિપક્ષી પક્ષ પીટીઆઈએ આ બ્રીફિંગમાં ભાગ લીધો નહોતો. વાસ્તવમાં પીટીઆઈ ઈમરાનને જેલમાંથી મુક્ત કરવાની માગ કરી રહી છે, જેને સરકારે નકારી કાઢી છે. આ બેઠકમાં પીપીપીના રાજા પરવેઝ અશરફ, કમર ઝમાન કૈરા, શાઝિયા મારી, પીએમએલ-એનના બેરિસ્ટર અકીલ, તારિક ફઝલ ચૌધરી, તલાલ ચૌધરી અને કાશ્મીરી નેતા શાહ ગુલામ કાદિર અને અન્ય ઘણા નેતાઓ હાજર રહ્યા હતા. અહેવાલ મુજબ, પાકિસ્તાનના તમામ રાજકીય પક્ષોએ કહ્યું હતું કે ભારતીય હુમલાની સ્થિતિમાં તેઓ સેનાની સાથે ઊભા રહેશે. સંરક્ષણમંત્રી ખ્વાજા આસિફે બેઠકમાં કહ્યું હતું કે સરકાર આ મુદ્દા પર તમામ રાજકીય પક્ષો પાસેથી પ્રતિસાદ લેવા માગે છે. રિપોર્ટ અનુસાર, બેઠકમાં કહેવામાં આવ્યું હતું કે ભારત દુનિયા સમક્ષ પોતાનો મુદ્દો સ્પષ્ટ કરી શક્યું નથી. જ્યારે પાકિસ્તાનનો પક્ષ વધુ મજબૂત બન્યો છે. બીજી તરફ, પાકિસ્તાની સેનાએ પણ રાજકીય પક્ષોને તેની તૈયારીઓ વિશે માહિતી આપી. ભારતે પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા માટે પાકિસ્તાનને જવાબદાર ઠેરવ્યું છે. બીજી તરફ, પાકિસ્તાને આ આરોપોને નકારી કાઢ્યા છે અને સ્વતંત્ર અને નિષ્પક્ષ તપાસની માગ કરી છે.

# ચિનાબ નદીના જળ રોક્યા બાદ ભારતે સલાલ ડેમના દરવાજા બંધ કર્યા

## જળ પ્રવાહ બંધ થતાં રિયાસી જિલ્લામાં ચિનાબનું જળસ્તર ઘટ્યું

**સમય મિરર । નવી દિલ્હી**



પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ભારત તરફથી પાકિસ્તાન વિરૂદ્ધ સતત કાર્યવાહી થઈ રહી છે. ભારતે સિંધુ જળ સંધિ પર રોકના નિર્ણય હેઠળ પાકિસ્તાન જતી ચિનાબ નદીના પાણી રોકી દીધા છે. ગઈકાલે ચિનાબ નદી પર બનેલા બગલિહાર ડેમના દરવાજા બંધ કર્યા બાદ હવે સલાલ ડેમના દરવાજા પણ બંધ કરી દીધા છે. આ જળ પ્રવાહ બંધ થતાં જ પાકિસ્તાન વહેતી ચિનાબ નદીનું જળ સ્તર ઘટ્યું છે. ઘણા સ્થળોએ નદી સુકાઈ ગઈ છે. જો કે, રામબનમાં ચેનાબ નદીમાં બગલિહાર હાઈડ્રોઈલેક્ટ્રિક પાવર પ્રોજેક્ટ ડેમમાંથી પાણીનો પ્રવાહ ચાલુ છે.

ભાજપ આઈટી સેલના અમિત માલવિયે વડાપ્રધાન મોદીના નિર્ણયને આવકરતાં X પર લખ્યું હતું કે, ભારતના હિત માટે રાજકારણમાં આકરા નિર્ણયો લેવા પડશે. વડાપ્રધાન મોદીએ પોતાની કાર્યવાહી મારફત તે બતાવી દીધું. આતંકવાદ વિરૂદ્ધ ભારત અડગ અને દ્રઢ નિશ્ચય ધરાવે છે. પાણી અને અમારા નાગરિકોના લોહી એકસાથે વહી શકશે નહીં. જમ્મુ-કાશ્મીરના રિયાસી જિલ્લામાં સ્થિત સલાલ ડેમના તમામ દરવાજા ભારતે બંધ કરી દીધા છે. જેથી રિયાસી જિલ્લામાં ચિનાબ નદીનું જળસ્તર ઘટ્યું છે. ચિનાબ નદી અનેક સ્થળે સુકાઈ ગઈ છે. હવે ભારત જેલમ નદી પર બનેલા કિશનગંગા ડેમ પર પણ આ પ્રકારની કાર્યવાહી કરવાની તૈયારી કરી રહી છે.

# વક્ફ સંશોધન એક્ટ પર ૧૫મીએ નવા CJI વધુ સુનાવણી કરશે

**સમય મિરર । નવી દિલ્હી**

સુપ્રીમ કોર્ટે વક્ફ સંશોધન એક્ટ મામલે દાખલ કરાયેલી અરજીઓની સુનવાણી આજે (૫ મે) ટાળી દીધી છે. હવે ૧૫ મેએ સુનાવણી હાથ ધરાશે. મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્નાએ કહ્યું કે, આ મામલે વિસ્તારથી સુનાવણી કરવાની જરૂર છે. હવે આ મામલો નવા ચીફ જસ્ટિસ ભૂષણ રામાકૃષ્ણ સુનાવણી સમક્ષ જશે. આ દરમિયાન સોલિસિટર જનરલ તુષાર મહેતાએ સીજેઆઈ સંજીવ ખન્નાની નિવૃત્તિથી ભાવુક થઈ ગયા હતા.

મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્ના ૧૩ મેએ નિવૃત્ત થઈ રહ્યા છે અને ન્યાયાધીશ ભૂષણ રામકૃષ્ણ ગવઈ ૧૪ મેએ નવા સીજેઆઈ તરીકે શપથ લેશે. કેન્દ્ર વતી સોલિસિટર જનરલ તુષાર મહેતા અને અરજદારો વતી કપિલ સિબ્બલ અને અભિષેક મનુ સિંઘવી જેવા વરિષ્ઠ વકીલો હાજર રહ્યા હતા. તુષાર મહેતાએ કોર્ટને ખાતરી આપી હતી કે, આગામી સુનાવણી સુધી કેસમાં યથાસ્થિતિ જાળવી રાખવામાં આવશે. ૧૭મી એપ્રીલે CJI સંજીવ ખન્નાએ બંને પક્ષોને પૂછ્યું હતું કે, જો તેઓ બધા સંમત થાય, તો કેસને બુધવાર અથવા અન્ય કોઈપણ દિવસે સુનાવણી માટે જસ્ટિસ ગવઈની બેન્ચમાં મોકલવો જોઈએ, પરંતુ આ માટે તેમણે ૨-૩ દિવસનો સમય આપવો પડશે. આના પર એડવોકેટ અભિષેક મનુ સિંઘવીએ કહ્યું કે, સુનાવણી આવતા અઠવાડિયે થઈ શકે છે અને CJIએ કેસ ૧૫ મે માટે લિસ્ટ કર્યો હતો. આ પહેલા ૧૭ એપ્રિલના રોજ મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્ના, ન્યાયાધીશ સંજય કુમાર અને ન્યાયાધીશ કે.વી. વિશ્વનાથનની બેંચ સમક્ષ કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં ખાતરી આપી હતી કે, સુપ્રીમના આદેશને ધ્યાનમાં રાખીને આગામી સુનાવણી સુધી વક્ફ કાયદામાં કરાયેલા કેટલાક સુધારાઓનો અમલ નહીં કરવામાં આવે. જે બાદ કેન્દ્ર સરકારે એક સોગંદનામુ રજુ કર્યું હતું જેમાં આ તમામ સુધારાઓનો બચાવ કર્યો હતો. જે સુધારાઓને અટકાવાયા છે તેમાં વક્ફ બાય યૂઝર, અગાઉથી નોંધાયેલ વક્ફ સંપત્તિ કે પછી નોટિફિકેશન દ્વારા વક્ફ જાહેર કરાયેલી સંપત્તિનું ફરી નોટિફિકેશન નહીં થાય કે તેમાં કોઇ હાલ દખલ નહીં અપાય. સુપ્રીમ કોર્ટમાં કેન્દ્ર સરકારે ૧૩૩૨ પેજનું વિસ્તૃત સોગંદનામુ દાખલ કર્યું હતું. અને કહ્યું હતું. કે વક્ફ કાયદામાં સુધારા સામેની તમામ અરજીઓ ફગાવવામાં આવે, કેમ કે આ કાયદામાં કોઇ જ વાંધાજનક સુધારો નથી કરાયો, કોઇ પણ ધર્મને ઠેસ પહોંચે તેવી જોગવાઇ નથી. વક્ફ બાય યૂઝર સંપત્તિનું રજિસ્ટ્રેશન કરાવવું હાલ ફરજિયાત નથી કર્યું પરંતુ તે તો વર્ષોથી ફરજિયાત છે. સાથે કેન્દ્રએ કહ્યું હતું કે વક્ફની સંપત્તિ વર્ષ ૨૦૧૩ બાદ બમણી થઇ ગઇ છે. કાયદામાં સુધારો આ સંપત્તિની યોગ્ય રીતે દેખરેખ થાય તેને ધ્યાનમાં રાખી કરાયો છે.

# ભારત સાથે તણાવ ઘટાડવા પાકિસ્તાને રશિયા પાસે ખોળો પાથર્યો

**સમય મિરર । નવી દિલ્હી**

પહલગામ આતંકી હુમલા બાદ ભારત દ્વારા ગમેત્યારે હુમલો થવાના ભય હેઠળ જીવી રહેલા પાકિસ્તાને ફરી એકવાર રશિયાની મદદ માગી છે. રશિયાના વિદેશ મંત્રી સર્ગેઈ લવરોવે પાકિસ્તાનની દરખાસ્તને ધ્યાનમાં લેતાં બંને દેશો વચ્ચે ચાલી રહેલા તણાવનો ઉકેલ શોધવા મદદ કરવા સહમતિ દર્શાવી છે.

સર્ગેઈ લવરોવે પાકિસ્તાન સાથે ટેલિફોનિક વાતચીત કર્યા બાદ ટેલિગ્રામ પર નિવેદન આપ્યું હતું કે, રશિયા કાશ્મીર ખીણના પહલગામમાં ૨૨ એપ્રિલના રોજ થયેલા આતંકી હુમલા બાદ સર્જાયેલા તણાવને દૂર કરવા તૈયાર છે. જો ઈસ્લામાબાદ અને નવી દિલ્હી બંને રાજકીય સમાધાન માટે સહમતિ દર્શાવે તો રશિયા મદદ કરશે. પાકિસ્તાનના નાયબ વડાપ્રધાન અને વિદેશ મંત્રી ઈશાક ડારે જણાવ્યું હતું કે, નવી દિલ્હી અને ઈસ્લામાબાદ વચ્ચે તણાવ વધી રહ્યો છે. જેના પર ધ્યાન આપવું જરૂરી છે.

રશિયામાં પાકિસ્તાનના રાજદૂત મોહમ્મદ ખાલિદ જમાલીએ અગાઉ પણ રશિયાના નાયબ વિદેશ મંત્રી આંદ્રે રૂદેનકો સાથે મુલાકાત કરી રશિયાને આ યુદ્ધ રોકવા અપીલ કરી છે. પાકિસ્તાનને સતત ભય છે કે, ભારત ગમે ત્યારે પાકિસ્તાન પર યુદ્ધ કરી શકે છે. પહલગામ આતંકવાદી હુમલા બાદ ભારત એક્શનમાં છે. અત્યારસુધી અનેક મોટા નિર્ણયો લેવામાં આવ્યા છે. જોકે તે સમયે રશિયાએ પાકિસ્તાનને જવાબ આપ્યો હતો કે, તમે બંને દેશો વાતચીતના માધ્યમથી ઉકેલ લાવો. પણ આ વખતે મદદની અપીલ પર રશિયા મધ્યસ્થી બનવા તૈયાર થયું છે.

શુક્રવારે ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરે રશિયાના વિદેશ મંત્રી સાથે ટેલિફોનિક વાતચીત કરી હતી. જેમાં સર્ગેઈએ બંને પક્ષોને ૧૯૭૨ના શિમલા કરાર અને ૧૯૯૯ના લાહોર ઘોષણાપત્રની જોગવાઈઓને અનુરૂપ તણાવ ઘટાડવા આગ્રહ કર્યો હતો. જેમાં બંને દેશ ત્રીજા પક્ષની મધ્યસ્થી વિના દ્વિપક્ષીય રૂપે મુદ્દાઓ ઉકેલવાની જોગવાઈ છે.

## ધ વર્લ્ડ એરાઉન્ડ

### ઉજ્જૈન મહાકાલ મંદિરની બહાર ભિષણ આગ : કોઈ જાનહાની નહીં

**ઉજ્જૈન :** મધ્ય પ્રદેશના ઉજ્જૈનમાં મહાકાલ મંદિરના ગેટ નંબર ૧ પર આગની ઘટના સામે આવી છે. અહીં અચાનક આગ લાગવાની ઘટનાથી અફરાતફરી મચી હતી. આ ઘટનાની જાણ થતા ફાયર બ્રિગેડની ગાડીઓ પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ઘણી મહેનત બાદ આગ પર કાબુ મેળવી શકાયો છે. આગનું કારણ શોર્ટ સર્કિટ હોવાનું કહેવાય છે. જોકે, પોલીસ તપાસ કરે પછી જ કારણ સ્પષ્ટ થશે. અહેવાલો અનુસાર, સોમવારે (પાંચમી મે) બપોરે હાકાલ મંદિર સ્થિત સુવિધા કેન્દ્રની ઉપર સ્થિત પ્રદૂષણ બોર્ડના કંટ્રોલ રૂમમાં અચાનક આગ લાગી ગઈ હતી. થોડી જ વારમાં આગની જવાળાઓ ફેલાઈ ગઈ હતી. આ માહિતી તાત્કાલિક પોલીસ અને ફાયર બ્રિગેડ ટીમને આપવામાં આવી હતી. આગ એટલી ભયાનક હતી કે કિલોમીટરો દૂર સુધી તેના ધૂમાડાના ગોટે ગોટા જોઈ શકાયા હતા. જોકે, હાલ આગ પર કાબુ મેળવી લીધો છે અને કોઈ જાનહાનિના સમાચાર નથી. ડ્ઝઈ અનુસાર પરિસરમાં આગની ઘટના બાદ મંદિરમાં થોડો સમય માટે દર્શન બંધ કરવામાં આવ્યા હતા.

### કરાંચી-લાહોરમાં ગુરૂકુળ બનાવવાની બાબા રામદેવની ખ્વાહિશ

**નવી દિલ્હી :** જમ્મુ-કાશ્મીરના પહલગામમાં ૨૨ એપ્રિલના રોજ થયેલા આતંકવાદી હુમલા બાદ બંને દેશો વચ્ચેના સંબંધોમાં આવેલી ખટાશ બાદ બાબા રામદેવે કહ્યું છે કે, 'હવે પાકિસ્તાન અને કરાચીમાં ગુરુકુળ બનાવવાની જરૂર છે.' યોગ ગુરુ બાબા રામદેવનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. જેમાં બાબા રામદેવે પાકિસ્તાનને નિષ્ફળ રાષ્ટ્ર ગણાવીને તેના પર નિશાન સાધ્યું છે. યોગ ગુરુ બાબા રામદેવે કહ્યું કે, 'મને લાગે છે કે થોડા દિવસોમાં આપણે કરાચી અને લાહોરમાં ગુરુકુળ બનાવવું પડશે. પાકિસ્તાન પોતાની મેળે જ વિખેરાઈ જશે. પશ્તુન અને બલૂચિસ્તાનના લોકો તેમની સ્વતંત્રતાની માંગ કરી રહ્યા છે. પાકિસ્તાન અધિકૃત કાશ્મીરની હાલત વધુ ખરાબ છે. તેની પાસે ભારત સામે લડવાની તાકાત નથી. તે યુદ્ધમાં ચાર દિવસ પણ ભારત સામે ટકી શકે તેમાં નથી. આવી સ્થિતિમાં, તેની પાસે ભારત સામે લડવાની તાકાત ક્યાં છે?'

### કેનેડામાંથી ૮ લાખ હિન્દુને હાંકી કાઢવાની માંગ કરતા ખાલિસ્તાની સમર્થકો

**નવી દિલ્હી :** કેનેડામાં ફરી એકવાર હિન્દુઓને નિશાન બનાવવામાં આવી રહ્યા હોવાનો મામલો સામે આવ્યો છે. ટોરેન્ટોમાં હિન્દુ વિરોધી એક પરેડનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, કેનેડામાં તાજેતરમાં જ ચૂંટણી યોજાઈ હતી અને માર્ક કાર્નીની જીત સાથે ફરી વડાપ્રધાનનું પદ સંભાળ્યું છે. હકીકતમાં કેનેડાના પત્રકાર જેનિયલ બોર્ડમેને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પોસ્ટ શેર કરી છે. જેમાં વીડિયો પણ જોડવામાં આવ્યો છે. વીડિયોમાં કથિત રીતે મલટનના ગુરુદ્વારામાં કથિત રીતે હિન્દુ વિરોધી પરેડ જોવા મળી હતી. બોર્ડમેને પોસ્ટમાં કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીની સરકારને સવાલ પણ પૂછ્યા છે. તેમણે લખ્યું હતું કે, તેઓ પૂર્વ વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોની ખાલિસ્તાનીઓ પ્રતિ નરમ વલણ અપનાવશે કે સખત રહેશે. પત્રકાર બોર્ડમેને X પર લખ્યુ કે,' અમારા રસ્તાઓ પર હોબાળો મચાવનારા જેહાદીઓએ સામાજિક માળખાને ભારે નુકસાન પહોંચાડ્યું છે અને દરેક યહૂદીને ધમકી આપી રહ્યા છે, પરંતુ ખાલિસ્તાનીઓ તેમને સમાજ માટે સૌથી ઘૃણાસ્પદ વિદેશી ભંડોળ ખતરો તરીકે સખત ટક્કર આપી રહ્યા છે. શું માર્ક કાર્નીનું કેનેડા જસ્ટિન ટ્રુડોના કેનેડાથી અલગ હશે? સોશિયલ મીડિયા X પર શોન બિંદા નામના એક યૂઝરે લખ્યું હતું કે, 'માલ્ટન ગુરુદ્વારા ટોરેન્ટોમાં કે-ગેંગે બેશરમીથી ૮ લાખ હિન્દુઓને ભારત પરત મોકલવાની માંગ કરી છે.આ દરેક ત્રિનિદાદ, ગુયાના, સૂરીનામ, જમૈકા, દક્ષિણ આફ્રિકા, નેધરલેન્ડ, મલેશિયા, શ્રીલંકા, સિંગાપુર, કેન્યા અને અન્ય જગ્યાઓથી સંબંધ રાખે છે.' બિંદાની આ પોસ્ટને પત્રકાર બોર્ડમેને રિપોસ્ચ કરી હતી.

### કાનપુરમાં ૬ માળના બિલ્ડીંગમાં આગ માતા-પિતા, ૩ પુત્રી સહિત ૬ જીવતા ભડથું

**કાનપુર :** ઉત્તર પ્રદેશના કાનપુરના પ્રેમ નગરમાં એક એપાર્ટમેન્ટના પહેલા માળે આવેલી જૂતાની ફેક્ટરીમાં રવિવારે રાત્રે લગભગ ૮.૩૦ વાગ્યે શોર્ટ સર્કિટને કારણે ભીષણ આગ લાગી હતી. રસાયણોના કારણે આગ એટલી ઝડપથી ફેલાઈ ગઈ કે તેણે બધા છ માળને પોતાની લપેટમાં લઈ લીધા. ઘરોમાં રાખેલા સિલિન્ડર, એસી અને કેમિકલ ડ્રમમાં વિસ્ફોટ થતાં વિસ્તારમાં ગભરાટ ફેલાયો હતો. આ અકસ્માતમાં છ લોકો જીવતા બળી ગયા હતા. ફાયર ફાઇટરોએ જૂતાના વેપારી દાનિશ, તેમની પત્ની નાઝનીન અને ત્રણ પુત્રીઓ અને તેમને ભણાવવા આવેલા તેમના ટ્યુશન શિક્ષકના સળગેલા મૃતદેહોને બહાર કાઢ્યા, જેઓ ઈમારતની અંદર ફસાયેલા હતા. આગની ગંભીરતા જોઈને આસપાસની ઈમારતોને ખાલી કરાવવામાં આવી હતી. વીજળી પણ કાપી નાખવામાં આવી હતી. મોડી રાત્રે પહોંચેલી ૪૦ થી વધુ ફાયર એન્જિન અને SDRF ટીમ આગ ઓલવવામાં રોકાયેલી હતી. જો કે પરિવારના ૪ લોકોને બચાવી લેવાયા હતા. પ્રેમનગરના રહેવાસી અકીલનો મોટો દીકરો દાનિશ સેનાને જૂતા સપ્લાય કરે છે. તેમના છ માળના એપાર્ટમેન્ટની નીચે જૂતાની ફેક્ટરી છે. તે અને તેનો ભાઈ કાસિમ ઉપરના માળે રહે છે. રવિવારે ફેક્ટરી બંધ હતી. કાસિમ જાજમાઉમાં તેના સંબંધીના ઘરે ગયો હતો. ઘરમાં અકીલ, પુત્ર દાનિશ, તેની પત્ની નાઝનીન અને ત્રણ બાળકો ઉપરાંત, કાશિફનો પરિવાર રહેતો હતો. રાત્રે લગભગ ૮:૩૦ વાગ્યે, એપાર્ટમેન્ટના પહેલા માળે આવેલી ફેક્ટરીમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હતી. ફાયર ફાઇટરોએ ત્રીજા માળે ફસાયેલા ચાર લોકોને બચાવ્યા. ચોથા માળે ફસાયેલાં માતા-પિતા અને તેમની ત્રણ પુત્રીને ૭ કલાકની મહેનત પછી પણ બચાવી શકાયા નહીં. સવારે ૩ વાગ્યે પાંચ મૃતદેહ મળ્યા હતા. દીકરીના મૃતદેહને માતા સાથે લપેટાયેલો જોઈને લશ્કર પણ રડી પડ્યા હતા.

## ઉતાવળે


- પી.એમ. મોદીની સંરક્ષણ સચિવ રાજેશ કુમાર સાથે મહત્વપૂર્ણ બેઠક, લશ્કરી અને અન્ય કાર્યવાહીની બ્લુ પ્રિન્ટની તૈયારી
- પાકિસ્તાને વધુ એક અબ્દાલી બેલેસ્ટિક મિસાઈલનું સફળ પરિક્ષણ કર્યુ : મિસાઈલની રેન્જ ૧૨૦ કિલોમીટર
- જમ્મુ-શ્રીનગરની જેલ પર ત્રાસવાદી હુમલાનું ગુપ્તચર એલર્ટ : ખુંખાર ત્રાસવાદીઓને છોડાવવા જેલને નિશાન બનાવાય તેવી આશંકાથી સુરક્ષા વધારાઈ
- એડવાન્સ ટેક્સ પેયર્સ પર ટોપ કરદાતાઓ પર બારીક નજર રાખવા IT વિભાગનો અધિકારીઓને આદેશ
- અમેરિકામાં ગેરકાયદે ગેમીંગ મશીન ચલાવતા પાંચ ગુજરાતીની ધરપકડ : ગેરકાયદે કેશ રિવોર્ડ આપતા' તા
- પાકિસ્તાનના બે ન્યૂઝ પોર્ટલના એક્સ હેન્ડલ પર પ્રતિબંધ મુક્તું ભારત
- જયપુરમાં વીજળી પડવાથી ૫ વર્ષીય બાળકીનું મોત : UP-MPમાં ભારે કરા સાથે વરસાદ ખાબક્યો

# પહલગામમાં હુમલો કરનારા આતંકવાદીઓના સગડ મળ્યા : સુરક્ષાદળોને મળી મોટી સફળતા

**સમય મિરર | શ્રીનગર**

પહલગામ હુમલાના ૧૬ દિવસ બાદ સેના, પોલીસ અને એસઓજી સહિતની સુરક્ષાદળોની ટીમને તપાસમાં સફળતા મળી છે. પુંછ જિલ્લાના સુરનકોટમાં મરહોટ વિસ્તારમાં આતંકવાદીઓ છુપાયા હોવાનો મોટો ઘટસ્ફોટ થયો છે. મોડી રાત્રે હાથ ધરાયેલા સર્ચ ઓપરેશનમાં આ વિસ્તારમાંથી પાંચ IED, વાયરલેસ સેટ અને અમુક કપડાં મળી આવ્યા છે.

ભારતીય સેના અને જમ્મુ-કાશ્મીર પોલીસ, SOGની ટીમે હાથ ધરેલા સર્ચ ઓપરેશનમાં હરી મરહોટ ગામમાં આવેલા જંગલ વિસ્તારમાંથી પાંચ IED, બે રેડિયો સેટ, કોમ્યુનિકેશન ડિવાઈસિસ,



ત્રણ ધાબળા, અને અન્ય ગુનાહિત ચીજો મળી આવી હતી. ટિફિન બોક્સ, સ્ટિલના ડબ્બામાંથી IED મળી આવ્યા હતા. આ ચીજો પરથી લાગી રહ્યું છે, આતંકવાદીઓએ આ સ્થળે છુપાયા હતા. સુરક્ષાદળો વીડિયો સર્વેલન્સ, ડ્રોન મારફત આતંકવાદીઓની શોધ કરી રહ્યા છે.

પહલગામ હુમલા બાદ સુરક્ષાદળોએ અનંતનાગ, કુલગામ, પુલવામા, ત્રાલ, સોપોર, બારામુલ્લા, કુપવાડા અને બાંદીપોરા જેવા આઠ જિલ્લાઓમાં મોટાપાયે સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે. ૨૨ એપ્રિલના રોજ પહલગામમાં આતંકવાદીઓએ ક્રૂર હુમલો કરી ૨૬ નિર્દોષના જીવ લીધા હતા. ૧૭ લોકો ઘાયલ પણ થયા હતા.

NIAએ આ હુમલા બાદ તૈયાર કરેલા રિપોર્ટમાં મોટો ખુલાસો કર્યો છે, હુમલામાં સામેલ આતંકવાદીઓને મિલિટ્રી ટ્રેનિંગ આપવામાં આવી હતી. આ આતંકવાદીઓને પાકિસ્તાન પોષી રહ્યો હોવાની બાતમી મળી છે. ISI સુરક્ષા એજન્સીઓને વધુને વધુ નુકસાન પહોંચાડી રહ્યું છે. પાકિસ્તાન LOC અને કાશ્મીરમાં આતંકવાદીઓના નાના-નાના જૂથ તૈયાર કરી તેમને ટ્રેનિંગ આપી રહ્યું હોવાનો ખુલાસો થયો છે.

પહલગામ હુમલા બાદ પાકિસ્તાન સળંગ ૧૧માં દિવસે જમ્મુ-કાશ્મીર કધઈ ખાતે સીઝફાયરનું ઉલ્લંઘન કર્યું છે. પાકિસ્તાની સેનાએ ભારતીય ચોકીઓ પર ઉશ્કેર્યા વિના નાના હથિયારો વડે હવામાં ગોળીબાર કર્યો છે. રક્ષા મંત્રાલયે નિવેદનમાં જણાવ્યું હતું કે, પાકિસ્તાની સેના જમ્મુ-કાશ્મીરના કુપવાડા, બારામૂલા, પૂંછ, રાજૌરી, મેંઢર, નોશેરા, સુંદરબની અને અખનૂરમાં આવેલી કધઈ પર ગોળીબાર કરી રહી છે. ભારતીય સેના પર તેનો યોગ્ય જવાબ આપી રહી છે. ભારતે ગઈકાલે સિંધુ જળ સંધિ પર રોકના ભાગરૂપે ચિનાબ નદીના પાણી રોક્યા હતાં.

# યે... બાત...! વૃદ્ધ દંપતી માટે નિઝામાબાદના જજે રોડ પર આવી ચૂકાદો સંભળાવ્યો

**સમય મિરર | હૈદરાબાદ**

ઘણીવાર લોકો કાનૂની કેસોને કારણે કોર્ટની સીડીઓ ચઢીને કંટાળી જાય છે, પરંતુ તેલંગાણાના નિઝામાબાદમાં ન્યાયાધીશે રસ્તા પર જ એક વૃદ્ધ દંપતીને ન્યાય આપી દીધો. આનું કારણ એ હતું કે વૃદ્ધ દંપતી બીમાર હતા અને તેમના માટે કોર્ટ પરિસરમાં જવું મુશ્કેલ હતું. મેજિસ્ટ્રેટને આ વાતની માહિતી મળતાં જ તેઓ તેમની પાસે આવ્યા હતા. વૃદ્ધ દંપતી રિક્ષા દ્વારા કોર્ટ પરિસરમાં પહોંચ્યા, પરંતુ તેમના માટે અંદર જવું મુશ્કેલ હતું. આવી સ્થિતિમાં ન્યાયાધીશે બહાર આવવાનું યોગ્ય માન્યું. હવે સોશિયલ મીડિયા પર ન્યાયાધીશની પ્રશંસા થઈ રહી છે, તો બીજી તરફ કોર્ટના નબળા માળખા પર પણ પશ્નો ઉભા થઈ રહ્યા છે.

એડિશનલ જુનિયર સિવિલ જજ ઇ.એસ. શિવાના સોશિયલ મીડિયા પર ખૂબ વખાણ થઈ રહ્યા છે. રસ્તા પર કેસની સુનાવણીનો વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. તેમાં ન્યાયાધીશ કોર્ટ પરિસરની બહાર રસ્તા પર ઓર્ડર પર સહી કરતા દેખાય છે. ત્યાં એક વૃદ્ધ દંપતી પણ હાજર છે. નિર્ણય લેવા આવેલા વૃદ્ધ પુરુષ કોઈક રીતે રિક્ષાની અંદર બેઠા રહે છે, જ્યારે મહિલા બહાર હાથ જોડીને ઉભી રહેલી જોવા મળે છે. આ કેસ ઘરેલુ વૈવાહિક ક્રૂરતાનો હતો, જેમાં ૨૦૨૧માં વૃદ્ધ દંપતી સામે કલમ ૪૯૮ખ હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો. આ કિસ્સામાં વૃદ્ધ દંપતી કે. સયામ્મા અને કે.એન. ગંગારામ સામે કેસ દાખલ કરવામાં આવ્યો હતો અને ચાર્જશીટ બાદ કુલ તારીખો પછી કોર્ટે નિર્ણય અનામત રાખ્યો હતો. જો કે, વૃદ્ધ દંપતીનો એક મહિના પહેલા જ અકસ્માત થયો હતો અને તેઓ ચાલી શકતા ન હતા. જ્યારે ન્યાયાધીશને આવી પરિસ્થિતિની ખબર પડી ત્યારે તેમણે રાહ જોયા વિના રસ્તા પર પહોંચવાનું નક્કી કર્યું. અહીં તેમણે કેસમાં આદેશ આપ્યો અને તેના પર સહી કરી હતી. વૃદ્ધ દંપતી વિરુદ્ધ તેમની પુત્રવધૂ દ્વારા ઘરેલુ હિંસાનો કેસ દાખલ કરવામાં આવ્યો હતો, જે ખોટો હોવાનું જાણવા મળ્યું હતું.

### કેન્દ્ર સરકારે નિયત સમય મર્યાદામાં જવાબ ન આપતા

# રાહુલ ગાંધીની નાગરિકતા મુદ્દે થયેલી અરજી અલ્હાબાદ હાઈકોર્ટે ફગાવી

**સમય મિરર | લખનૌ**

અલાહાબાદ હાઈકોર્ટે લોકસભામાં વિપક્ષ નેતા રાહુલ ગાંધીની બેવડી નાગરિકતા મુદ્દે દાખલ અરજી ફગાવી દીધી છે. હાઈકોર્ટે આ અરજી પર અરજદાર એસ. વિગ્નેશ શિશિરને અન્ય કાયદાકીય વૈકલ્પિક માર્ગ અપનાવવાની છૂટ આપી છે. હાઈકોર્ટે કેન્દ્ર સરકારને દસ દિવસની અંદર ફરિયાદનું નિરાકરણ લાવવા આદેશ આપ્યો હતો. પરંતુ સરકારે કોઈ જવાબ કે ચોક્કસ સમય મર્યાદા ન જણાવતાં અરજી રદ કરી છે. પાછલી સુનાવણીમાં કેન્દ્ર સરકારે આ મામલે સ્ટેટસ રિપોર્ટ રજૂ કર્યો હતો.

જસ્ટિસ એઆર મસૂદી તથા જસ્ટિસ રાજીવ સિંહની બેન્ચે જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર અરજદારની ફરિયાદના નિરાકરણ માટે કોઈ સમય મર્યાદા આપી શકી નથી, તેથી આ અરજીને પેન્ડિંગ



રાખવાનું કોઈ વાજબી કારણ નથી. કોર્ટે અરજદારને કહ્યું કે તે અન્ય વૈકલ્પિક કાનૂની ઉપાયો અપનાવવા માટે સ્વતંત્ર છે.

આ અરજી કર્ણાટકના એસ વિગ્નેશ શિશિરે દાખલ કરી હતી. આ કેસમાં અરજદાર વતી દલીલ કરવામાં આવી હતી કે તેમની પાસે બ્રિટિશ સરકારના ઘણા દસ્તાવેજો અને કેટલાક ઈમેઈલ્સ છે જે દર્શાવે છે કે રાહુલ ગાંધી બ્રિટિશ નાગરિક છે. જેથી તેઓ ભારતમાં ચૂંટણી લડવાના હકદાર નથી અને તેઓ લોકસભા સભ્ય પદ સંભાળી શકતા નથી. અરજદારે રાહુલ ગાંધીના સાંસદ તરીકે કામગીરી કરવા સામે રિટ ઓફ ક્યુ વોરંટ જારી કરવાની પણ માંગ કરી હતી. આ સાથે, રાહુલ ગાંધીના બેવડા નાગરિકત્વને BNS (ભારતીય ન્યાય સંહિતા) અને પાસપોર્ટ અધિનિયમ હેઠળ ગુનો ગણાવી CBIને કેસ નોંધી તપાસ કરવાનો આદેશ આપવાની માંગ પણ કરવામાં આવી હતી.

હાઈકોર્ટના આ નિર્ણય પર કોંગ્રેસે પ્રતિક્રિયા આપી છે. કોંગ્રેસ નેતા દીપકસિંહે ભાજપ પર નિશાન સાધતા કહ્યું કે, રાહુલ ગાંધી વિરૂદ્ધ દાખલ અરજી રદ થવી એ ભાજપના લોકો માટે બોધપાઠ સમાન છે. રાહુલ ગાંધીને હેરાન કરવા માટે તેમની નાગરિકતાને પડકારી અરજી કરવામાં આવી હતી. જેને અલાહાબાદ હાઈકોર્ટની લખનઉ બેન્ચે ફગાવી દીધી છે.

# કંધાર હાઈજેક પ્લેનને છોડાવવા મુક્ત કરાયેલો આતંકી જરગર પહલગામ હુમલાનો માસ્ટર માઈન્ડ

### તપાસ દરમિયાન ANIને મળ્યો મહત્વપૂર્ણ સંકેત

**સમય મિરર | નવી દિલ્હી**

પહલગામ આતંકવાદી હુમલાની તપાસ કરી રહેલી રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA) ને એક મોટો સંકેત મળ્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, પહલગામ આતંકવાદી હુમલાની તપાસ કરી રહેલી રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA)એ આ હુમલા પાછળ અલ ઉમર મુજાહિદ્દીનના વડા મુશ્તાક અહેમદ જરગરનો માસ્ટર માઈન્ડ હોવાનો દાવો કર્યો છે. NIA તપાસમાં જાણવા મળ્યું છે કે તેના સમર્થકોએ પહલગામ હુમલાના ઓવરગ્રાઉન્ડ વર્કર્સ (OGW) ને મદદ કરી હતી.

મુશ્તાક અહેમદ જરગર આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદનો ઓપરેશનલ કમાન્ડર છે અને ૨૦૧૯ના પુલવામા હુમલાનો આરોપી પણ છે. મુશ્તાક જરગરને કંધાર હાઈજેકિંગ ઘટનામાં મૌલાના મસૂદ અઝહર સાથે મુક્ત કરવામાં આવ્યો હતો.

સૂત્રોના જણાવ્યા અનુસાર, મુશ્તાક જરગર હાલમાં પાકિસ્તાનમાં છે, પરંતુ શ્રીનગરનો હોવાથી, તેમનો ઓવરગ્રાઉન્ડ કાર્યકરો અને તેમના સમર્થકોમાં પ્રભાવ હોવાનું કહેવાય છે. એટલા માટે પહલગામ આતંકવાદી હુમલામાં જરગરની ભૂમિકાની પણ તપાસ કરવામાં આવી રહી છે. જરગરના આતંકવાદી સંગઠન પર ભારત સરકાર દ્વારા પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે અને ૨૦૨૩ માં NIA દ્વારા તેનું ઘર જપ્ત કરવામાં આવ્યું હતું. ૧૯૯૯માં નેપાળથી ઈન્ડિયન એરલાઈન્સનું પ્લેન હાઈજેક કરવામાં આવ્યું હતું. આતંકવાદીઓ તેને કાઠમંડુથી અમૃતસર અને લાહોર અને પછી અફઘાનિસ્તાનના કંધાર લઈ ગયા હતા. આ પ્લેનમાં ૧૭૮ મુસાફરો સવાર હતા. આ મુસાફરોના બદલામાં આતંકવાદીઓએ મૌલાના મસૂદ અઝહર સહિત ૩ આતંકવાદીઓને છોડવાની શરત રાખી હતી.

આતંકવાદીઓએ એક અઠવાડિયા સુધી પ્લેન હાઈજેક કરીને રાખ્યું હતું. તત્કાલીન અટલ બિહારી વાજપેયી સરકારે મુસાફરોના જીવ બચાવવા માટે ત્રણેય આતંકવાદીઓને મુક્ત કરવાનો નિર્ણય લીધો હતો. આમાં મૌલાના મસૂદ અઝહર, મુશ્તાક અહેમદ જરગર અને અહેમદ ઓમર સઈદ શેખનો સમાવેશ થાય છે.

આ આતંકવાદીઓને ખાસ પ્લેન દ્વારા કંધાર લઈ જવામાં આવ્યા હતા. આ જ મસૂદ અઝહરે ૨૦૦૦ માં આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદની રચના કરી હતી.

### અફઘાનિસ્તાનના પૂર્વ ઉપરાષ્ટ્રપતિની પ્રતિક્રિયા

# પાકિસ્તાનને એક ઝાટકે નહીં પણ ધીમે ધીમે તડપાવીને મારી રહ્યું છે ભારત

**સમય મિરર | નવી દિલ્હી**

પહલગામ હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે ભારેલા અગ્નિ જેવી સ્થિતિ છે. આ હુમલા બાદ લોકોમાં ખૂબ આક્રોશ જોવા મળી રહ્યો છે. ત્યારે હવે આ વચ્ચે અફઘાનિસ્તાનના પૂર્વ ઉપરાષ્ટ્રપતિ અમરુલ્લાહ સાલેહે પહલગામ આતંકવાદી હુમલા પર પોતાની પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે, 'એવું લાગી રહ્યું છે કે ભારતે પોતાના દુશ્મનોને સજા આપવા માટે ઈલેક્ટ્રિક ચેરનો ઉપયોગ કરવાના બદલે તેમના ગળામાં લાંબુ દોરડું લપેટી દીધું છે.' આ નિવેદન દ્વારા તેમનો કહેવાનો અર્થ એ છે કે, ભારત પોતાના દુશ્મન (પાકિસ્તાન)ને એક ઝાટકે નહીં પણ તેના પર સંપૂર્ણ સકંજો કસીને ધીમે-ધીમે તડપાવીને મારી રહ્યું છે. ઓક્ટોબર ૧૯૭૨માં પંજશીર પ્રાંતમાં જન્મેલા અમરુલ્લાહ તાજિક એથનિક ગ્રુપના પરિવાર સાથે સંબંધ ધરાવે છે. નાની ઉંમરમાં જ તેણે પોતાનો પરિવાર ગુમાવી દીધો હતો. આવી સ્થિતિમાં તેમણે નાની ઉંમરમાં જ અહેમદ શાહ મસૂદના નેતૃત્વ હેઠળની તાલિબાની વિરોધી ચળવળમાં જોડાઈ ગયા હતા. પ્રાપ્ત માહિતી પ્રમાણે અમરુલ્લાહ સાલેહને તાલિબાને વ્યક્તિગત રીતે નુકસાન પહોંચાડ્યું છે. ૧૯૯૬માં તાલિબાનીઓએ તેમની બહેનને ત્રાસ આપીને મારી નાખી હતી. સાલેહે જણાવ્યું કે, ત્યારથી તાલિબાન પ્રત્યેનું મારું વલણ સંપૂર્ણપણે બદલાઈ ગયું. આવી સ્થિતિમાં તેમણે તાલિબાનને હરાવવા માટેની લડાઈમાં ભાગ લીધો. ૧૯૯૭માં મસૂદ દ્વારા અમરુલ્લાહ સાલેહને યુનાઈટેડ ફ્રન્ટના આંતરરાષ્ટ્રીય કાર્યાલયમાં નિયુક્ત કરવામાં આવ્યા. જે તાજિકિસ્તાનના દુશાંબેમાં હતું. ત્યાં તેમણે વિદેશી ઈન્ટેલિજન્સ સાથે મળીને કામ કર્યું.

# અનામતના ક્વોટામાં પણ ક્વોટા આપવા NDAના સાથી પક્ષોમાં ગણગણાટ શરૂ

**સમય મિરર | નવી દિલ્હી**

જાતિ આધારિત વસ્તી ગણતરીની મોદીની કેન્દ્ર સરકાર દ્વારા જાહેરાત બાદ, ઉતરપ્રદેશ અને બિહારના અનેક ભાજપ સહયોગીઓએ ઓબીસી અને એસસીના કોટાની અંદર કોટાની વકીલાત કરી રહ્યા છે. આ સહયોગી દળો ઈચ્છે છે કે કેન્દ્ર આના પર પણ ધ્યાન કેન્દ્રીત કરે.

ઉલ્લેખનીય છે કે ગત સપ્તાહે વડાપ્રધાન મોદીના નેતૃત્વ વાળી સરકારે જાહેરાત કરી હતી કે આગામી વસ્તી ગણતરી જાતિઓની ગણતરી કરવામાં આવશે. આ નિર્ણયનુ બધા ભાજપ સહયોગીઓએ સ્વાગત કર્યું હતું. કારણ કે તે લાંબા સમયથી માંગ કરી રહ્યા હતા.

આમાંથી ઘણા સહયોગીઓએ રોહિણી આયોગ રિપોર્ટને જાહેર કરવાની માંગ કરી છે. ૨૦૧૭માં રચાયેલ રોહિણી આયોગને ઓબીસીના ઉપવર્ગીકરણનું સૂચન આપવાનું કામ સોંપવામાં આવ્યુ હતું. જેથી તેમને અનામત લાભોનું સમાન વિતરણ નિશ્ચિત કરવામાં આવી શકે.



દિલ્હી ઉચ્ચ ન્યાયાલયના સેવાનિવૃત ચીફ જસ્ટીસ જી.રોહિણીની અધ્યક્ષતાવાળા ચાર સદસ્યોના આયોગે ૨૦૨૩માં પોતાનો રિપોર્ટ રજુ કર્યો હતો, જેને હજુ સુધી જાહેર નથી કરાયો.

બિહારમાં ભાજપના સહયોગી ઉપેન્દ્ર કુશવાહાએ કહ્યું હતું કે જાતિ ગણતરીના નિર્ણય બાદ વિપક્ષ પાસે કોઈ મુદ્દો નથી રહ્યો, અને તેઓ તેનો શ્રેય લેવાની કોશિશ કરી રહ્યા છે. એટલે હવે સરકારને ઓબીસી અને એસસી વચ્ચે ઉપવર્ગીકરણ પર વિચાર કરવો જોઈએ. બિહારમાં 'અતિ પછાત' અને 'મહાદલિત' છે, તેમના માટે ૧૯૭૭માં અનામત લાગુ કરવામાં આવી હતી, તેને કેન્દ્રીય સ્તરે પણ લાગુ કરવી જોઈએ. તેના માટે રોહિણી આયોગના રિપોર્ટને જાહેર કરવો જોઈએ. આ પ્રકારની ભાવનાને દોહરાવતા નિષાદ પાર્ટીના સંજય નિષાદે સૂચન કર્યું છે કે જાતિઓના વર્ગીકરણમાં કેટલીક ત્રુટીઓ છે, જેને ઠીક કરવી જરૂરી છે. તેમણે જણાવ્યું હતું કે કેટલીક જાતિઓ છે. ઓબીસી અંતર્ગત આવે છે, મુળ રીતે એસસી છે- તેને ઠીક કરવી જરૂરી છે.આ રીતે અનામત લાભો ન્યાયસંગત વિતરણ કરવા માટે ઓબીસી અને એસસી વચ્ચે ઉપવર્ગીકરણની જરૂરિયાત છે. અનામત લાભ મેળવનારા અને જેમને હજુ સુધી લાભ નથી મળ્યો, તેમના માટે અલગ અલગ શ્રેણીઓ બનાવવી જોઈએ. જાતિ આધારિત વસ્તી ગણતરીની જાહેરાત બાદ એબીએસપી નેતા અને ભાજપના નેતૃત્વવાદી ઉતરપ્રદેશની સરકારના મંત્રી ઓમપ્રકાશ રાજભરે ઉતરપ્રદેશમાં ઓબીસીના ઉપવર્ગીકરણના સંબંધમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ સાથે મુલાકાત કરી હતી. સૂત્રોએ જણાવ્યું હતું કે, અપનાદળ (એસ) અને લોજપા સહિત કેટલાક સહયોગી દળ છે, જે કોટાની અંદર કોટાના આ વિચારનું સ્વાગત નથી કરી શકતા, કેન્દ્રે હજુ આ મુદે કોઈ નિર્ણય નથી કર્યો.

# સેનાને આતંકીઓનું ઠેકાણું બતાવવા જતાં યુવકે અચાનક નદીમાં કૂદી આત્મહત્યા કરી

**સમય મિરર | શ્રીનગર**

દક્ષિણ કાશ્મીરના કુલગામમાં એક યુવકના મોતનો મામલો ગરમાયો છે. રવિવારે, કુલગામના તંગમાર્ગના ૨૨ વર્ષીય ઈમ્તિયાઝ અહમદ માગરેનો મૃતદેહ અદબલ નાળામાંથી મળી આવ્યો હતો.પોલીસનું કહેવું છે કે માગરે એક ઓવરગ્રાઉન્ડ વર્કર હતો અને તેણે સેનાને આતંકવાદીઓનું ઠેકાણું પણ બતાવ્યું હતું. આ પછી, રવિવારે તેણે ફરી એકવાર આતંકવાદીઓનું બીજું ઠેકાણું બતાવવા જઈ રહ્યો હતો, આ દરમિયાન તે નદીમાં કૂદી પડ્યો હતો અને ડૂબીને મોતને ભેટ્યો હતો.

જમ્મુ-કાશ્મીરના કુલગામ જિલ્લામાં રવિવારે એક ૨૨ વર્ષીય યુવકનો મૃતદેહ પહાડી નદીમાંથી મળી આવ્યો હતો. યુવકની ઓળખ ઈમ્તિયાઝ અહેમદ માગરે તરીકે થઈ છે. રવિવારે સવારે જિલ્લાના અહરબલ વિસ્તારમાં આવેલા અદબલ નદીમાંથી ઈમ્તિયાઝનો મૃતદેહ મળી આવ્યો હતો. પરિવારનો આરોપ છે કે સુરક્ષા દળો પહેલગામ હુમલાના સંબંધમાં મૃતકને પૂછપરછ માટે લઈ ગયા હતા. તેમજ, પોલીસે કહ્યું કે ઈમ્તિયાઝે આતંકવાદીઓનો ઓવર ગ્રાઉન્ડ વર્કર (OGW) હોવાની કબૂલાત કરી હતી. તે ૨૩ એપ્રિલના રોજ થયેલા એન્કાઉન્ટર સાથે પણ સામેલ હતો. તે દિવસે બે આતંકવાદીઓ ભાગી ગયા હતા. તેણે લશ્કરના ઠેકાણા વિશે માહિતી હોવાની પણ કબૂલાત કરી. આ પછી, તેની સૂચના મુજબ તેને જંગલમાં તે જગ્યાએ લઈ જવામાં આવી રહ્યો હતો. આ સમય દરમિયાન તેણે બચવા માટે નદીમાં કૂદી પડ્યો હતો. પોલીસે સમગ્ર ઘટનાનું ડ્રોન ફૂટેજ જાહેર કર્યું છે જેમાં ઈમ્તિયાઝ નદીમાં કૂદી જતા તણાતો જોવા મળે છે. આ કેસમાં, કેન્દ્રશાસિત પ્રદેશના કેબિનેટ મંત્રી સકીના ઇટુએ ઘટનાની જ્યુડિશિયલ તપાસની માંગ કરી હતી. પહેલગામ હુમલાના બીજા દિવસે ૨૩ એપ્રિલે કુલગામમાં આતંકવાદીઓ સાથે એન્કાઉન્ટર થયું હતું. સુરક્ષા દળોએ સાંજે તંગમાર્ગ વિસ્તારમાં આતંકવાદીઓને ઘેરી લીધા હતા. આતંકવાદીઓ એક ઘરમાં છુપાયેલા હતા. જોકે, કલાકો સુધી ગોળીબાર કર્યા બાદ આતંકવાદીઓ ભાગી જવામાં સફળ રહ્યા હતા. તેમજ, સેનાએ બારામુલ્લાના ઉરી સેક્ટરમાં બે આતંકવાદીઓને ઠાર માર્યા હતા. તેમની પાસેથી બે એસોલ્ટ રાઈફલ, દારૂગોળો, કારતૂસ, પાકિસ્તાની નોટો, ચોકલેટ અને સિગારેટના પેકેટ જપ્ત કરવામાં આવ્યા હતા.

# અમારી પાસે હરિયાણાને આપવા માટે વધારાનું પાણી નથી : પંજાબ સીએમ ભગવંત માન

### પાણીની સ્થિતિ પંજાબમાં પહેલા જેટલી સારી ન હોવાનું માનનું રટણ

**સમય મિરર | ચંદીગઢ**

હરિયાણા અને પંજાબ વચ્ચે લાંબા સમયથી પાણી વિવાદ ચાલી રહ્યો છે અને તેનો ઉકેલ આવતો નથી લાગતો. ભાખરા ડેમના પાણી વિતરણને લઈને બંને રાજ્યો વચ્ચે ચાલી રહેલા વિવાદમાં વાક્યવાદ વધુ તીવ્ર બન્યો છે. અહીં હરિયાણા સરકાર હવે સુપ્રીમ કોર્ટનો દરવાજો ખટખટાવવાની તૈયારી કરી રહી છે. કેન્દ્ર સરકારની વિનંતી છતાં, પંજાબ પાણી આપવા તૈયાર નથી. મુખ્યમંત્રી ભગવંત માનએ હરિયાણાને પાણી આપવાનો સ્પષ્ટ ઇનકાર કરી દીધો છે.

પાણી વહેંચણીને લઈને પંજાબ અને હરિયાણા વચ્ચે ચાલી રહેલા વિવાદનો કોઈ ઉકેલ આવતો નથી એવું લાગે છે. બંને પક્ષો તરફથી આ વિવાદ પર રાજકીય નિવેદનબાજી ચાલુ છે. મામલો એટલો ગરમાયો કે સોમવારે આ મુદ્દાને લઈને પંજાબ વિધાનસભાનું એક દિવસનું ખાસ સત્ર બોલાવવામાં આવ્યું. આમાં, હરિયાણાને વધારાનું પાણી આપવાની ભલામણ સામે પ્રસ્તાવ લાવી શકાય છે. સીએમ ભગવંત માનને વિપક્ષનો ટેકો મળવાની પણ અપેક્ષા છે.

તે જ સમયે, સત્ર શરૂ થતાં પહેલાં, હરિયાણા-પંજાબ પાણીના મુદ્દા પર, પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનએ કહ્યું, ''પાણી પર કોઈ વિવાદ નથી, કાયદેસર રીતે તે પંજાબના પક્ષમાં છે. અમે તેમને ૧ વર્ષ માટે જે પાણી આપ્યું હતું, તે જ પાણી તેઓ ૧૦ મહિનામાં વાપરી રહ્યા છે અને બે મહિના માટે વધારાનું પાણી માંગી રહ્યા છે... અમે પણ પંજાબના પાણીનો ઉપયોગ પોતે કરી રહ્યા છીએ, અમારી પાસે કોઈ વધારાનું પાણી નથી.'' મુખ્યમંત્રી ભગવંત માનએ વધુમાં કહ્યું કે હરિયાણાથી વારંવાર કહેવામાં આવી રહ્યું છે કે અમને પહેલા પાણી મળતું હતું, પરંતુ હું કહેવા માંગુ છું કે હવે તે પહેલા જેવું નથી. જ્યારે અમે ૧૬ માર્ચ ૨૦૨૨ ના રોજ શપથ લીધા હતા, ત્યારે ૨૧ થી ૨૨ ટકા પાણી ખેતરો માટે વપરાતું હતું. હવે અમે આ પાણીનો ૬૦ ટકા ઉપયોગ ખેતરો માટે શરૂ કર્યો છે. પાણીની પાઈપોથી લઈને નહેરો સુધી, બધું જ પુનજીવિત થયું છે. આપણો પોતાનો પાણીનો ઉપયોગ વધ્યો છે અને આપણી પાસે હરિયાણાને આપવા માટે વધારાનું પાણી નથી.

# રાજકોટમાં ભારે બફારા બાદ વરસાદની હાઉકલી





(તસ્વીર : દિવ્યરાજસિંહ સરવૈયા)

હવામાન વિભાગની આગાહી અનુસાર રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં માવઠાની આગાહી કરવામાં આવી હતી. રાજકોટમાં આજે ભારે ઉકળાટથી બપોર બાદ વાતાવરણમાં અચાનક પલટો આવી ગયો હતો અને કમોસમી વરસાદની હાઉકલી જોવા મળી હતી. રાજકોટમાં સવારે છાંટા પડ્યા હતા અને બપોર બાદ ભારે પવન સાથે માવઠુ પડ્યુ હતું. બપોર બાદ વાતાવરણમાં આવેલા પલટાથી અને વરસાદના છાંટા પડવાથી શહેરભરમાં ઠંડીનું વાતાવરણ પ્રસરી ગયું હતું. શહેરના યાજ્ઞિક રોડ, રેસકોર્સ રીંગરોડ, હોસ્પિટલ ચોક, ત્રિકોણબાગ, માધાપર ચોકડી, રૈયા ચોકડી, કે.કે.વી. સહિતના વિસ્તારોમાં વરસાદી ઝાપટાથી રસ્તાઓ ભીના થઈ ગયા હતાં. કાળઝાળ ઉનાળામાં કમોસમી વરસાદ પડતા શરેરવાસીઓ પણ આશ્ચર્યજનક સ્થિતિમાં મુકાઈ ગયા હતાં. ગ્લોબલ વોર્મિંગના કારણે વાતાવરણમાં સતત આવતા પલ્ટાથી શહેરના જન આરોગ્ય પર પણ ખતરો મંડરાઈ રહ્યો છે. તેવુ લોક મુખે ચર્ચાઈ રહ્યું છે.

# રાજકોટના હોટલ-ગેસ્ટ હાઉસના માલિકોને મુસાફરોની વિગતો પથિક સોફ્ટવેરમાં ઓનલાઈન કરવા સૂચના

**સમય મિરર । રાજકોટ**

રાજકોટ શહેર વિસ્તારમાં બહારના જિલ્લા, રાજ્યો અને વિદેશમાંથી મોટા પ્રમાણમાં આવતા મુસાફરો સ્થાનિક હોટલ,ધર્મશાળા તથા અન્ય સ્થળોએ ભાડે રૂમ રાખી રહેતા હોય છે. આ મુસાફરો દેશવિરોધી પ્રવૃત્તિ સાથે જોડાયેલા હોવાની શક્યતાઓ રહેતી હોવાથી તેના પર વોચ રાખવા અને ચકાસણી કરવા પોલીસ કમિશનર શ્રી બ્રજેશકુમાર ઝા દ્વારા હોટલ, ધર્મશાળા,સમાજવાડી, મુસાફરખાના, ક્લબ હાઉસ, ગેસ્ટ હાઉસ, રિસોર્ટ, ધર્મસ્થળ, ધાબા તથા અન્ય સ્થળોના માલિકોએ ગ્રાહકને ભાડેથી આપતા સમયના ૨૪ કલાકમાં જ રજીસ્ટર એન્ટ્રી કરવા માટે પોતાના રિસેપ્શન કાઉન્ટર ઉપર ઈન્ટરનેટ કનેક્ટિવિટી સાથે કોમ્પ્યુટર રાખવા અને તેમાં ગુજરાત પોલીસ દ્વારા તૈયાર કરવામાં આવેલ ""PATHIK"" (PROGRAME FOR ANALYSIS OF TRAVELLER AND HOTEL INFORMATICS) સોફ્ટવેર ઈન્સ્ટોલ કરી, મેન્યુઅલ રજીસ્ટરમાં થતી તમામ એન્ટ્રીઓ તેમાં ઓનલાઈન કરવા હુકમ કરેલ છે.

વિદેશી/ભારતીય મુસાફરોને મળવા આવતા સ્થાનિક અને અન્ય મુલાકાતીઓની પણ અલાયદી નોંધ રાખી તેના અસલ ફોટો આઈડી ચેક કરી, નકલ મેળવી ફાઈલ સાથે રાખવાના રહેશે.આ ઉપરાંત અજાણ્યા ભારતીય કે વિદેશી વિઝીટર્સનું બુકિંગ કરાવનાર વ્યક્તિ કે પેઢી વગેરેના પણ નામ, સરનામા, ટેલીફોન નંબર સહિતની વિગતો સાથે રાખવાના રહેશે. હોટલ,લોજ,બોર્ડીંગ,ગેસ્ટ હાઉસમાં કામ કરતા તમામ માલિકો, ભાગીદારો, મેનેજરો, રિસેપ્શનિસ્ટ અને અન્ય કર્મચારીઓના હાલના તથા વતનના નામ, સરનામા અને મોબાઈલ નંબરોની અદ્યતન માહિતીની યાદી રિસેપ્શન પર રાખી તમામ કર્મચારીઓના પોલીસ વેરીફીકેશન દર છ માસે કરાવવાના રહેશે.કોઈપણ સંજોગોમાં પથિક સોફ્ટવેર બંધ જોવા મળે તો એસ.ઓ.જી.રાજકોટ શહેરનો સંપર્ક કરવાનો રહેશે. આ હુકમ રાજકોટ જિલ્લાના શહેર વિસ્તાર પર લાગુ રહેશે, તેનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

# રાજકોટ સહિત રાજ્યભરના મહેસુલી મુદ્દા અંગે સમીક્ષા કરતા મુખ્ય સચિવ

## ઓડિટ-દબાણોના કેસ ઝડપી નિકાલની સૂચના

**સમય મિરર । રાજકોટ**

શનિવારે NDDB ખાતે રાજકોટ સહિત રાજ્યભરના કલેકટરોની મુખ્ય સચિવના અધ્યક્ષપદે કલેકટર કોન્ફરન્સ યોજાઇ હતી, જેમાં ૨૨ જેટલા મહેસૂલી મુદાઓ અંગે સમીક્ષા કરાઇ હતી.

આ કલેકટર કોન્ફરન્સમાં આ વખતે તમામ કલેકટરોને એજી ઓડીટ પારા કે જે ઘણા સમયથી પેન્ડીંગ છે, તે ઉપરાંત પેન્ડીંગ કેસો, દબાણ નિકાલ કાર્યવાહી ઝડપી બનાવવા તથા નેકસ્ટ કલેકટર કોન્ફરન્સમાં દરેક જીલ્લામાંથી ઝીરો લેવલે તુમાર હોય તેવી કાર્યવાહી કરવા આદેશો કરાયા હતા.

દરમિયાન બુધવારે કલેકટરના અધ્યક્ષપદે તમામ પ્રાંત-મામલતદારો તથા અન્ય બ્રાંચ અધ્યક્ષોની R.O. મીટીંગ યોજાશે, તેમાં તમામ પ્રાંત-



મામલતદારોની લેફટ રાઈટ લેવાય તેવી શકયતા છે, અનેકની કામગીરી નબળી હોવાનો રીપોર્ટ આવી રહ્યો છે, મીટીંગ બાદ તમામ વિગતો બહાર આવશે.

# શહેરમાં રોગચાળાએ માઝા મુકી : કમળો અને ટાઈફોઈડ સહિતની બિમારીમાં વધારો

## સપ્તાહમાં જ તાવ, શરદી, ઉલ્ટી, ઝાડાના ૧૧૩૭થી વધુ દર્દીઓ સારવારમાં

**સમય મિરર । રાજકોટ**

રાજકોટ શહેરમાં જયારથી ઉનાળો ધગધગ્યો છે ત્યારથી સિઝનલ અને મચ્છરજન્ય રોગચાળાના કેસમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. જયાં દર્દીઓની મોટી ઓપીડી હોય છે તેવા ફિઝીશ્યન, એમ.ડી.ના કલીનીકમાં ખુબ ઓછી સંખ્યામાં દર્દીઓ દવા લેવા આવે છે. પરંતુ ચાલુ વર્ષમાં ટાઇફોઇડ અને કમળાના ખોરાક તથા પાણીજન્ય રોગચાળાના કેસ પ્રમાણમાં વધુ હોવાનું ચિત્ર દેખાય છે. અઠવાડિયામાં રોગચાળાના કુલ ૧૧૩૭ કેસ આવ્યા છે.

છેલ્લા અઠવાડિયામાં મહાનગરમાં ડેંગ્યુ, ચીકનગુનીયા કે મેલેરીયાના એક પણ દર્દી નોંધાયા નથી. પરંતુ કમળા તાવના નવા ૭ અને ટાઈફોઈડના નવા બે કેસ આવ્યા છે. આ બંને તાવની સારવાર અને અસર ખુબ લાંબી હોય છે.



જેમાં મોટા ભાગે ખોરાક અને પાણી જવાબદાર હોય છે. ૨૦૨૫ના વર્ષમાં ટાઈફોઈડના ૩૯ અને કમળાના કુલ ૩૭ દર્દીની નોંધ થઈ છે. તો ચાર મહિનાના પૂરા વર્ષમાં મેલેરીયાના માત્ર ત્રણ, ડેંગ્યુના ૧૩ અને ચીકનગુનીયાના માત્ર પાંચ દર્દીની નોંધ થઇ છે. પાણીજન્ય રોગચાળો રોકવા મનપા દ્વારા સર્વે અને ટેસ્ટીંગ કામગીરી ચાલી રહી છે. તા.૨૮-૪ થી તા.૪-૫ સુધીના સપ્તાહમાં જુદા જુદા વિસ્તારમાં ૩૪૯ ઘરોમાં પાણીના રેન્ડમ કલોરીન ટેસ્ટ કરવામાં આવ્યા હતા. આ પૈકી બે ઘરમાં નેગેટીવ રીપોર્ટ મળ્યા છે. એટલે કે આ બે ઘરની પાઈપલાઈનમાં દુષિત પાણી ભળ્યાની શંકા પીપીએમની માત્રા ૦.૨થી ઓછી હોવાનું દેખાતા જાગી હતી. જે અંગે વોટર વર્કસ શાખાને પણ જાણ કરવામાં આવી છે. દરમ્યાન આરોગ્ય તંત્ર દ્વારા ડેંગ્યુ, મેલેરિયા, ચિકુનગુનિયા જેવા રોગોને નિયંત્રિત કરવા માટે સતત પ્રયાસો થઈ રહ્યા છે. આ રોગચાળા દ્વારા ઊભા થતા આરોગ્ય પડકારને પહોંચી વળવા માટે ૨૪,૦૩૭ ઘરોમાં પોરાનાશક અને ફિલ્ડવર્કરો દ્વારા ૪૨૦ ઘરોમાં ફોગીંગ કામગીરી કરવામાં આવી હતી.

# અપૂરતા સ્ટાફથી જનસેવા કેન્દ્રમાં રેશનકાર્ડ સહિતની કામગીરી મંદ પડી

## અરજદારોને થતાં કચેરીના ધરમધક્કા

**સમય મિરર । રાજકોટ**

રાજકોટ કલેકટર કચેરીના જન સેવા કેન્દ્રમાં છેલ્લા કેટલાક દિવસોથી રેશનકાર્ડની કામગીરી ઠપ્પ બની જવા પામી છે. જેના પગલે અરજદારોમાં દેકારો બોલી જવા પામેલ છે.

કલેકટર કચેરીના જન સેવા કેન્દ્રમાં રેશનકાર્ડની કામગીરી માટે પુરવઠા નિગમ દ્વારા કોમ્પ્યુટર ઓપરેટર મૂકવામાં આવેલ હતા. જેનો કોન્ટ્રાકટ પૂરો થતા આ કોન્ટ્રાકટ બેઈઝ કર્મચારીને છુટા કરી દેવાતા જન સેવા કેન્દ્રમાં રેશનકાર્ડને લગતી કામગીરી ઠપ્પ બની જવા પામી છે. જેના પગલે અરજદારોને ધરમધકકા થઈ રહ્યા છે. જોકે કલેકટર કચેરીના પુરવઠા તંત્રના સુત્રોએ જણાવ્યું હતું કે અઠવાડીયામાં જ જન સેવા કેન્દ્રમાં રેશનકાર્ડને લગતી



કામગીરી માટે કોમ્પ્યુટર ઓપરેટરની નિમણુંક કરી દેવાશે.

# વિજ્ઞાન પ્રવાહનું ૯૨.૫૬ ટકા અને સામાન્ય પ્રવાહનું રાજકોટનું ૯૩.૬૬ ટકા પરિણામ

## સા.પ્ર.નું વાંગધ્રા કેન્દ્રનું ૧૦૦ ટકા રિઝલ્ટ, ગોંડલ સાયન્સમાં ૯૬.૬૦ ટકા સાથે રાજ્યમાં પ્રથમ : ૮૬ વિદ્યાર્થીઓએ મેળવ્યો એ-૧ ગ્રેડ



(તસ્વીર : દિવ્યરાજસિંહ સરવૈયા)



### પિતા વગરની દીકરી સામાન્ય પ્રવાહમાં ટોપર

આજ રોજ જાહેર થયેલા ધો.૧૨ સામાન્ય પ્રવાહના પરિણામમાં સિંગલ મધરની દીકરી ધાર્મિ કથિરિયાએ ૯૯.૯૯ પીઆર સાથે બોર્ડ ટોપરમાં સ્થાન મેળવ્યું છે. ધાર્મિના પિતાનું કોરોના કાળમાં અવસાન થયું હતું.રાજકોટની ધોળકિયા સ્કૂલમાં અભ્યાસ કરનારા તેમજ બોર્ડ પ્રથમ આવનાર કથીરીયા ધાર્મિએ જણાવ્યુ હતું કે, મારે બોર્ડના રિઝલ્ટમાં સામાન્ય પ્રવાહમાં ૯૯.૯૯ પીઆર આવ્યા છે. તેમજ મારે ત્રણ જેટલા વિષયમાં ૧૦૦ માંથી ૧૦૦ માર્ક્સ આવ્યા છે. જેમાં SPCC, Account અને ઘઈ જેવા વિષયનો સમાવેશ થાય છે. ધાર્મિ દરરોજ ૧૦ થી ૧૨ કલાક વાંચન કરતી હતી.

### ડ્રાઈવીંગ કરતા પિતાની પુત્રી રાજ્યમાં પ્રથમ

ગુજરાત બોર્ડ દ્વારા જાહેર થયેલા ધોરણ ૧૨ કોમર્સના પરિણામમાં ગોંડલની ગંગોત્રી સ્કૂલની વિદ્યાર્થિની ધ્રુવી દેલવાડીયાએ ૯૯.૯૯ PR સાથે સમગ્ર રાજ્યમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. ધ્રુવીના પિતા ડ્રાઈવિંગનું કામ કરે છે અને તેઓ એક સામાન્ય પરિવારમાંથી આવે છે. ધ્રુવીએ આ સફળતા માટે રોજ ૯-૧૦ કલાક અભ્યાસ કર્યો હતો. તેણે ધોરણ ૧૦માં પણ ૯૯.૯૮ PR મેળવ્યા હતા. ધ્રુવી તેની સફળતાનો શ્રેય ગંગોત્રી સ્કૂલની ટીમને આપે છે. સ્કૂલના શિક્ષકો તરફથી તેને સતત માર્ગદર્શન અને વ્યક્તિગત ધ્યાન મળ્યું હતું.

### રાજકોટમાં ચાની લારી ચલાવતા પિતાનો પુત્ર અવ્વલ

આજરોજ ગુજરાત રાજ્ય માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડનું ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહ તેમજ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ જાહેર થયું છે. રાજકોટ શહેર તેમજ જિલ્લાનો ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ ૯૩.૬૬% જાહેર થયું છે. આમ ગત વર્ષની સરખામણીએ રાજકોટ શહેર તેમજ જિલ્લાનું ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ ૧.૧૪% જેટલું વધુ આવ્યું છે. ત્યારે રાજકોટમાં ચાની લારી ચલાવતા પિતાના દીકરાએ બોર્ડમાં ટોપ કર્યું છે. ભણવાની સાથે આ દીકરો પોતાના પિતાની ચાની લારી પર પણ મદદ માટે જતો હતો. રાજકોટ શહેરના મોદી સ્કૂલમાં અભ્યાસ કરનારા તેમજ ચાની લારી ચલાવનારા પિતાનો પુત્ર બોર્ડ પ્રથમ આવ્યો છે.

**સમય મિરર । રાજકોટ**

ગુજરાત બોર્ડ દ્વારા જાહેર કરેલા પરીણામમા રાજકોટ જીલ્લામા સાયન્સનુ ૯૨.૫૬ ટકા પરીણામ આવ્યુ છે જેમા ધોરાજીનુ ૯૬.૦૩ ટકા, ગોંડલનુ ૯૬.૬૦ ટકા, જેતપુરનુ ૮૭.૭૫ ટકા, જસદણનુ ૮૪.૯૭ ટકા, રાજકોટ ઈસ્ટનુ ૮૭.૦૬ ટકા અને રાજકોટ વેસ્ટનુ ૯૨.૪૬ ટકા પરિણામ આવ્યુ છે. રાજકોટ જિલ્લામા ૭૩૪૬ વિધાર્થી ઓ નોંધાયા હતા જેમા ૭૩૩૭ છાત્રોએ પરીક્ષા આપી હતી. તેમાંથી ૮૬ છાત્રોએ અ૧ ગ્રેડ મેળવ્યો હતો. જયારે ૯૬૯ એ અર, ૧૭૫૧ એ ઈ-૧, ૧૬૮૦ અને ઇ-૨, ૧૩૨૦ એ ઈ-૧, ૮૨૩ એ ઈ-૨, ૧૬૨ એ ઉ, ૨ અને ઊ૧ અને ૫૫૩ વિદ્યાર્થી ઓ નાપાસ થયા હતૌ.

સામાન્ય પ્રવાહમાં રાજકોટ જિલ્લાનું ૯૩.૬૬ ટકા પરીણામ જાહેર થયુ છે. રાજકોટ જિલ્લામાં ૨૨૦૨૬ વિદ્યાર્થીઓની નોંધણી થઇ હતી જેમાં ૨૧૯૬૬ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જેમાં ધોરાજી કેન્દ્રનું ૯૬.૨૦ ટકા, ગોંડલનું ૯૪.૦૯ ટકા, જેતપુરનુ ૯૨.૭૪ ટકા, જસદણનું ૯૪.૩૩ ટકા, જામકંડોરણાનું ૯૫.૬૩ ટકા, ત્રંબાનુ ૯૦.૯૬ ટકા, ઉપલેટાનું ૯૧.૬૫ ટકા, પડધરીનું ૮૭.૬૧ ટકા, વિંછીયાનું ૯૬.૫૮ ટકા, ભાયાવદરનું ૮૬.૯૦ ટકા, રૂપાવટીનું ૯૯.૫૧ ટકા, વાંગધ્રાનું ૧૦૦ ટકા, આટકોટનુ ૯૭.૪૫ ટકા પરીણામ જાહેર થયુ છે.

ઉપરાંત રાજકોટ શહેરના પાંચ કેન્દ્રો પર પરીક્ષા લેવામાં આવી હતી જેમાં રાજકોટ ઈસ્ટમાં ૯૩.૮૪ ટકા, રાજકોટ વેસ્ટનું ૯૩.૮૯ ટકા, રાજકોટ સાઉથનુ ૯૪.૯૯ ટકા, રાજકોટ નોર્થનુ ૯૪.૬૫ ટકા અને સેન્ટ્રલનુ ૯૦.૪૨ ટકા પરીણામ આવ્યુ હતુ.

સામાન્ય પ્રવાહમાં ૮૪૧ છાત્રોને એ-૧ ગ્રેડ, ૩૬૪૪ ને એ-૨, ૫૧૦૦ ને બી-૧, ૫૧૦૭ને બી-૨, ૪૦૪૦ ને સી-૧, ૧૭૧૫ ને સી-૨, ૧૨૬ ને ડી, એકને ઇ-૧ ગ્રેડ મળ્યો છે ઉપરાંત ૧૪૫૨ વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. ધો. ૧૨ નુ પરીણામ જાહેર થતા પાસ થયેલા વિદ્યાર્થીઓ શાળાઓ ખાતે પહોંચી ગયા હતા અને ઉચ્ચ ગુણ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓનુ શાળા દ્વારા ફુલહાર કરી સન્માન કરવામાં આવ્યુ હતુ. ઉપરાંત શાળાઓનુ ઉંચુ પરિણામ આપતા આ ક્ષણને મહોત્સવની જેમ ઉજવણી કરી હતી છાત્રોએ શાળાના પટાંગણમાં જ ઢોલ-શરણાઇના તાલે રાસ-ગરબાની રમઝટ બોલાવી હતી. શાળા દ્વારા દરેક વિદ્યાર્થીનાં મોઢા મીઠા કરાવવામાં આવ્યા હતા.

# રાજકોટ શહેરના ભયજનક જળાશયોમાં પ્રવેશ સંદર્ભે પ્રતિબંધાત્મક હુકમો

**સમય મિરર । રાજકોટ**

ગુજરાતમાં નદી, તળાવો, નહેર, દરિયામાં નહાવા પડેલી વ્યકિતઓનું ડૂબી જવાથી મોત થવાની દુર્ઘટના નિવારવા રાજકોટ શહેર પોલિસ કમિશ્ન બ્રજેશકુમાર ઝાએ આદેશો જારી કર્યા છે.

જે મુજબ નવયુગપરા ઘાંચીવાડ સ્મશાનથી કેસરી હિંદ પુલ સુધી આજી નદીનો કાંઠો, સંત કબીર ટેકરી પાસે લાલપરી તળાવ, ભગવતીપરા અને બેડીપરા પાસે આજી નદીનો કાંઠો, ભાવનગર હાઇ-વે રોડ સાઇડ આજી ડેમનો પૂર્વ બાજુનો કાંઠો, ખોખડદળ ગામમાં ખોખડદળ નદી, જુના માર્કેટીંગ યાર્ડ પાસે રાંદરડા તળાવ, ત્રંબા ગામમાં ત્રિવેણી નદીનો સંગમ કાંઠો, નવા રૂડા રીંગ રોડ



પાસે કાળીપાટ ગામનો ડેમ, સરધાર ગામમાં દરબાર ગઢ પાસે ડેમ, જામનગર રોડ પર ઇશ્વરીયા પાર્કનું તળાવ, ન્યુ ૧૫૦ ફુટ રીંગ રોડ પર અટલ સરોવર, રોલેક્ષ સરોવર અને પરશુરામ મંદીર પાછળ તળાવ, યુનિવર્સીટી કેમ્પસમાં મેલડી માતાના મંદિરની સામે તળાવ, યુનિવર્સીટી ચાર રસ્તા પર પ્રશીલ પાર્કની પાછળ તળાવ, વેજાગામ પાસે તળાવ, રૈયા ગામ તળાવ, કાલાવાડ રોડ પર ન્યારી ડેમ -૧, મવડી ગામમાં કોપર એલીગન્સ સરોવર, સ્પીડવેલ પાર્ટી પ્લોટ પાસે લાખાણી સરોવર, રંગોલી પાર્ક પાસે વીરવરુ સરોવર, નાના મૌવા ગામમાં પવિત્રમ પ્રયાગ સરોવર અને પાબારી સરોવર, કાલાવાડ રોડ પર જીબીયા સરોવર, કણકોટ રોડ પર સમન્વય સરોવરમાં પ્રવેશ સંદર્ભે પ્રતિબંધ મુકાયો છે. આપત્તિના સમયમાં સરકારી ફરજ પર હોય તેવા વ્યક્તિઓને આ પ્રતિબંધાત્મક હુકમો લાગુ પડશે નહીં. ૩૦ જૂન, ૨૦૨૫ સુધી અમલમાં રહેનારા આ હુકમોનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

# સમસ્ત મોચી સમાજ દ્વારા યોજાયો 'સંતાન સંગ સેતુ' કાર્યક્રમ

**શૈક્ષણિક સમસ્યાઓના સમાધાન માટેનો સફળતમ, પાવરફુલ અને માઈન્ડફુલ ફ્રી સેમિનાર**

## સર્વશ્રેષ્ઠ શિક્ષકના રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા જ્ઞાતિ રત્ન ઉમેશભાઈ વાળાએ વાલીઓ અને સંતાનોને પજવતી શૈક્ષણિક સમસ્યાઓનું સચોટ સમાધાન કર્યું

**સમય મિરર । રાજકોટ**

સમસ્ત મોચી જ્ઞાતિ સમાજ રાજકોટની યાદી જણાવે છે કે આર્યન ફિલ્મ્સ ક્રિએશન પ્રોડ્યુસર ગિરીશકુમાર દસાડીયા ઉર્ફે જી.ડી. સરકાર ના સંપૂર્ણ આર્થિક સહયોગ, પ્રેરણા અને માર્ગદર્શન પ્રેરિત સતત બીજા વર્ષે ''સંતાન સંગ સેતુ'' પાર્ટ - ૨ મોટીવેશનલ પ્રોગ્રામનું સફળતમ અને અભૂતપૂર્વ આયોજન તા. ૦૪.૦૫.૨૦૨૫, રવિવાર, હેમુ ગઢવી હોલ, રાજકોટ ખાતે કરવામાં આવેલ.આ પ્રોગ્રામની ખાસ વિશિષ્ટતા એ રહી કે સમગ્ર મોચી સમાજ માટે સાંધ્ય સ્વાદિષ્ટ ભોજન સાથેનો આ કાર્યક્રમ નિઃશુલ્ક રાખવામાં આવેલ જે એકમાત્ર દાતા આદરણીય ગીરીશકુમાર દસાડીયા દ્વારા અનુદાનિત કાર્યક્રમ હતો.કાર્યક્રમમાં જોડાવા માટે નામ રજીસ્ટર કરવા દરમ્યાન જ નોંધણી હાઉસફુલ થઈ જવા પામેલ હતી.

આ કાર્યક્રમમાં પોતાના જ્ઞાનની સરવાણીઓ વહેતી કરી હતી દેશના સર્વશ્રેષ્ઠ શિક્ષકના રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા જ્ઞાતિ રત્ન ઉમેશભાઈ વાળા જેઓએ પોતાના નોનસ્ટોપ ત્રણ

**હૃદય દ્રવી ઊઠે અને ઝણઝણાવી નાંખે તેવું ઉમેશભાઈનું વક્તવ્ય જે સમગ્ર કાર્યક્રમનું હાર્દ બની ઉપસ્થિત માતાપિતાને કંઈક મેસેજ આપી રડાવી ગયું**

કલાક વક્તવ્યમાં વાલીઓ તથા સંતાનોને પજવતી શૈક્ષણિક સમસ્યાઓના સચોટ અને મહત્તમ સમાધાન રૂપી અને સંજીવની સમાન રત્નકણિકાઓ સમાજને ભેટ ધરી શ્રોતાઓને પિન ડ્રોપ શાંતિ વચ્ચે રસ તરબોળ કરી દીધા હતા. આ કાર્યક્રમ ચિંતિત પરિવારને ચિંતામુક્ત કરવા ખૂબ જ ઉપયોગી નીવડશે. મા-બાપના ચાર પ્રકાર અધિકૃત, ઉદાર, સરમુખત્યાર અને બેદરકાર, આજના બાળકની ફરિયાદ છે કે મારે મા છે, બાપ છે પણ મારે માબાપ નથી આવું બાળક પરીક્ષામાં નિબંધ પણ કેવો લખે છે કે ''મારે મોબાઈલ બનવું છે જેથી માં અને બાપ મને સતત પોતાની સાથે રાખે, અળગો જ ન કરે, મને ખૂબ વહાલ કરે, મારું કાળજીપૂર્વક જતન કરે'' કેવું હૃદય દ્રવી ઊઠે અને ઝણઝણાવી નાખી તેવું ઉમેશભાઈનું વક્તવ્ય જે સમગ્ર કાર્યક્રમનું હાર્દ બની ઉપસ્થિત માતાપિતાને કંઈક મેસેજ આપી રડાવી ગયું.

પોતાની જ્ઞાન સરવાણીમાં પોતાનું જ્ઞાન અને હૈયાની લાગણીઓ નીચોવી ઉમેશભાઈએ શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી કાર્યક્રમની ભવ્ય સફળતામાં ચાર ચાંદ લગાવી દીધા હતા. લોકલાડીલા આદરણીય ધારાસભ્યશ્રી દર્શિતાબેન શાહ આ કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત રહી શ્રી ગિરીશભાઈ, શ્રી ઉમેશભાઈ અને સમસ્ત મોચી સમાજ રાજકોટ ટીમને આવો જ્ઞાનસભર અને અત્યંત ઉપયોગી કાર્યક્રમ સમાજ માટે આયોજિત કરવા બદલ ધન્યવાદ, શુભકામના અને અભિનંદન પાઠવેલ હતા.

દૂર દૂર સિટીમાંથી પધારેલ સર્વોનું સાથે ઉપસ્થિત જ્ઞાતિજનોનું શાબ્દીક સ્વાગત અગ્રણી સમાજસેવક વિપુલભાઈ વાઢિયા દ્વારા કરવામાં આવેલ. કાર્યક્રમ દરમ્યાન પ્રમુખ એકલવીર દાતાશ્રી ગિરીશભાઈ દશાડીયા અને સંપૂર્ણ જ્ઞાન સહયોગીશ્રી ઉમેશભાઈ વાળા સાથે સર્વશ્રી કમલેશભાઈ ચાવડા, હર્ષદભાઈ મકવાણા , નિલેશભાઈ વાઘેલા, વિપુલભાઈ વાઢિયા અને હાર્દિકભાઈ ચૌહાણ જેવા સમાજ સેવકોનું ''સેવા સન્માન'' કરવામાં આવેલ. ''સેવા સન્માન'' વ્યવસ્થામાં પ્રિયાંશી ચૌહાણ અને અંજલિ ગોહેલનો સાદર સહકાર મળેલ હતો. સમસ્ત મોચી સમાજ રાજકોટ ટીમના સેવાભાવી સ્વયંસેવકોએ કાર્યક્રમની ભવ્ય સફળતા માટે ભારે જહેમત ઉઠાવી હતી.

સમગ્ર ''સંતાન સંગ સેતુ'' દ્વિતીય કાર્યક્રમનું સફળ અને રસપૂર્ણ સંચાલન શ્રી હર્ષદભાઈ મકવાણા દ્વારા કરવામાં આવેલ હતું. કાર્યક્રમ સંપન્ન થયા બાદ અત્યંત સુરુચિપૂર્ણ, સ્વાદિષ્ટ અને ઉમદા સાંધ્ય ભોજન સહુ મોચી સમાજ પરિવારે સંગાથે માણેલ હતું. કોઈ કારણોસર આ કાર્યક્રમ માણવાથી વંચિત રહી જવા પામેલ જ્ઞાતિ બંધુઓ તાત્કાલિક બીજા જ દિવસે યુટ્યુબ પર આ કાર્યક્રમ માણી શકશે તેવી વ્યવસ્થા કરવામાં આવી રહેલ છે.

તંત્રીલેખ



## રાજ્યમાં માવઠાંથી પાકોને થતા નુકસાન માટે જવાબદાર કોણ?

ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા અને મહેસાણામાં વરસાદી માહોલ જોવા મળ્યો હતો. મોડી રાત્રિથી જ હમીરગઢ, ઇકબાલગઢ અને મોરથલ સહિતના વિસ્તારોમાં કરા સાથે વરસાદ પડ્યો હતો. આ સાથે જ થરાદમાં પણ ગાજવીજ સાથે કરા પડ્યા હતા. પ્રમાણે દાંતિવાડના પાંથીવાડા માર્કેટિંગ યાર્ડમાં ખુલ્લામાં રાખેલી એરંડાની જણસી પલળી ગઈ હતી.

મોડી રાત્રે વરસાદને કારણે પાલનપુર અંબાજી હાઈવે ઉપર અમુકસ્થળોએ ત્રણથી ચાર ફૂટ પાણી ભરાઈ ગયાં હતાં, જેના કારણે વાહનવ્યવહારમાં અવરોધ ઊભો થયો હતો. પાલનપુરમાં ૨૦મીમી તો વડગામમાં ૧૭મીમી (સવાર સુધીમાં) જેટલો વરસાદ નોંધાયો હતો. સાબરકાંઠાના હિંમતનગર, ઇડર, વડાલી, ખેડબ્રહ્મા અને વિજયનગરમાં ગાજવીજ સાથે વરસાદ પડ્યો હતો. મધ્યરાત્રિથી જિલ્લાના મોડાસા, માલપુર, મેઘરજ અને ભિલોડા પંથકમાં વરસાદ પડ્યો હતો. લીલછા અને જુમસરમાં પણ કમોસમી વરસાદ પડ્યો છે. જેના કારણે લોકોએ કારમી ગરમીમાંથી રાહત અનુભવી હતી. સાથે જ બાજરી અને જુવારના પાકને નુકસાન થવાની આશંકા છે. સ્થાનિક વેપારીઓને જણાવે છે કે ભિલોડા યાર્ડમાં રાખેલી જણસ પલળી જવાને કારણે વેપારીઓએ સરકાર સમક્ષ વળતરની માગ કરી છે. યાર્ડમાં ખુલ્લામાં રાખેલા ઘઉં, સોયાબીન અને મકાઈ પલળી જવાને કારણે વેપારીઓને 'લાખોનું નુકસાન' થયું છે. ભીલોડા માર્કેટિંગ યાર્ડના એક વેપારીએ વાતચીતમાં જણાવ્યું હતું કે, ''કમોસમી વરસાદ થવાથી અમારું લાખો રૂપિયાનું અનાજ પલળી ગયું છે. જેમાં ઘઉં, મકાઈ અને સોયાબીનનો સમાવેશ થાય છે જે વરસાદમાં પલળી ગયું છે. અમે સરકારને કહીએ છીએ કે અમને આ નુકસાન બદલ થોડી મદદ કરે. અન્ય એક વેપારીએ જણાવ્યું હતું કે, ''અમારા હજારો રૂપિયાના ઘઉંના પાકનું નુકસાન છે. સરકારે અમને વળતર આપવું જોઈએ.''

રવિવારે ગુજરાતના કેટલાક વિસ્તારોમાં હવામાન પલટાયું હતું અને ભરઉનાળામાં ચોમાસા જેવો માહોલ સર્જાયો હતો. ભારે પવન સાથે વરસાદ પડવાથી ગરમીથી પીડાતા સામાન્ય નાગરિકોએ રાહતનો શ્વાસ લીધો હતો. જોકે, કમોસમી વરસાદ અને કરા પડવાને કારણે સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના ખેડૂતોએ ઉતારી રાખેલો શિયાળુ પાક તથા માર્કેટિંગ યાર્ડમાં ખુલ્લામાં પડેલી જણસની ઉપર પાણી ફરી વળવાથી સેંકડો કરોડો રૂપિયાનું નુકસાન થયું હતું.

હવામાન ખાતાએ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં રવિવારે ભારે પવન સાથે વરસાદ પડવાની આગાહી કરી હતી. હજુ આવતા સપ્તાહ દરમિયાન પણ ગુજરાતના કેટલાક જિલ્લામાં ગાજવીજ સાથે ભારે વરસાદ અને કરાવૃષ્ટિની આગાહી કરવામાં આવી છે. શનિવાર રાત્રિના જિલ્લાના લીમડી, લખતર, પાટડી અને વિરમગામ વિસ્તારમાં ભારે વરસાદ અને ગાજવીજ સાથે વરસાદ પડ્યો હતો. જે બ્રેક બાદ રવિવારે પણ ચાલુ રહ્યો હતો, જેના કારણે એરંડા, ડાંગર અને કપાસના તૈયાર પાકને નુકસાન થવાની શક્યતા છે.

વિરમગામ એપીએમસીના ડાયરેક્ટર નિલેશ વ્યાસના કહેવા પ્રમાણે, માર્કેટિંગ યાર્ડમાં કરોડો રૂપિયાની ખેત જણસી પલળી ગઈ છે અને સરકારે આ માટે યોગ્ય પગલાં લેવાં જોઈએ. બોટાદ માર્કેટિંગ યાર્ડે ખેડૂતોને તાડપત્રીથી સંપૂર્ણપણે ઢાંકીને માલ લાવવા માટે ખેડૂતોને અપીલ કરી હતી જેથી વધુ નુકસાન ન જાય. આ સિવાય વેપારીઓને પણ તેમનો માલ ગોડાઉનમાં સલામત રીતે રાખવા માટે યાર્ડ દ્વારા તાકિદ કરવામાં આવી છે. કમોસમી વરસાદને કારણે અગરિયાઓએ તૈયાર કરેલા મીઠાને પણ નુકસાન થયું છે. શહેરમાં સવારથી વરસાદી માહોલ જામ્યો હતો અનેઢળતી બપોરે વરાસદી છાંટા પડ્યા બાદ અમુક વિસ્તારોમાં જોરદાર ઝાપટા પડ્યા હતાં. ગોંડલ માર્કેટિંગ યાર્ડે આગામી ત્રણ દિવસ સુધી ખેડૂતોને માલ વેચવા માટે ન આવવા તાકિદ કરી છે. તથા જે વેપારીઓનો માલ ખુલ્લામાં પડ્યો હોય તેને તાત્કાલિક સલામતસ્થળે ખસેડવા યાર્ડના ચેરમેન અલ્પેશ ઢોલરિયાએ તાકિદ કરી હતી. મધ્ય ગુજરાતના અમદાવાદ, ગાંધીનગર અને મહેસાણામાં વરસાદી માહોલ જોવા મળ્યો હતો. અહીં વાતાવરણે અચાનક પલટો માર્યો હતો અને વાદળો ઘેરી વળ્યાં હતાં અને ભારે પવન ફૂંકાયો હતો. અમદાવાદના ગ્રામ્યવિસ્તારોમાં વરસાદ નોંધાયો છે. મહિસાગરમાં પણ વાતાવરણમાં પલટો આવ્યો હતો. લુણાવાડા, બાલાસિનોર, સંતરામપુર, અને કડાણા સહિતના ગ્રામ્યવિસ્તારોમાં છૂટોછવાયો વરસાદ પડવાથી ખેડૂતોમાં ચિંતા જોવા મળી રહી છે. મોડીરાત્રે વીજળી પડવાથી કડાણામાં બે દૂધાળા પશુ મૃત્યુ પામ્યા હતાં. આગામી દિવસોમાં વરસાદની આગાહીને પગલે ખેડૂતો, વેપારીઓ તથા માર્કેટિંગ યાર્ડોએ ખેતજણસ પલળે નહીં, તે માટે સાવધાની રાખવી રહી. હવામાન ખાતાની આગાહી અનુસાર, દરિયાની સપાટીથી ૦.૯ કિમી ઉપર દક્ષિણ-પૂર્વ રાજસ્થાન અને તેની આસપાસના વિસ્તારો પર અપર ઍર સાયક્લોનિક સર્ક્યુલેશન જોવા મળી રહ્યું છે. જેના કારણે દક્ષિણ તામિલનાડુથી ગુજરાત, મહારાષ્ટ્ર, કર્ણાટકના કેટલાક અંતરિયાળ ભાગોમાં નીચા દબાણવાળો વિસ્તાર સર્જાયો છે.

સોમવારે રાજ્યનાં અમદાવાદ, પાટણ, મહેસાણા, પંચમહાલ, આણંદ, ખેડા, ગાંધીનગર, વડોદરા, નર્મદા, ભરૂચ, સુરત, તાપી, વલસાડ, નવસારી, ડાંગ, સુરેન્દ્રનગર, જામનગર, રાજકોટ, પોરબંદર, ગીર સોમનાથ, દ્વારકા અને બોટાદ ખાતે ગાજવીજ સાથે છૂટોછવાયો મધ્યમ વરસાદ પડ્યો હતો. બનાસકાંઠા, સાંબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, દાહોદ, છોટા ઉદેપુર, રાજકોટ, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, મોરબી અને કચ્છમાં ૫૦ કિમીની ઝડપે પવનની સાથે છૂટોછવાયો વરસાદ અને કરા પડવાની આગાહી કરવામાં આવી છે. આ સિવાય આજે ૬ મેના રોજ ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છમાં કેટલાંક સ્થળોએ ગાજવીજ સાથે છૂટોછવાયો વરસાદ તેમજ કરાવૃષ્ટિની પણ આગાહી છે. ૭ અને ૮ મેના રોજ ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, બનાસકાંઠા, અરવલ્લી તેમજ સૌરાષ્ટ્રના અમરેલી, ભાવનગર સહિત નર્મદા અને સુરતમાં કેટલાંક સ્થળોએ છૂટોછવાયો પરંતુ ભારે વરસાદ પડવાની આગાહી છે.

વરસાદની મુખ્ય સિઝન પહેલા થયેલા આ માવઠાથી જો કે, નિમિત ચોમાસાને અસર થવાની હાલ કોઈ આશંકા દર્શાવવામાં આવી નથી એ રાહતની બાબત છે સામાન્ય નાગરિકો આવા માવઠાથી ખુશ થતાં હોય છે. પણ ખેડુતોને માવઠાની સૌથી વધુ ચિંતા સતાવે છે. હવે તો જો કે માવઠાથી ચોક્કસ આગાહી ગણતરીઓ કરીને થઈ શકે છે. આમ છતાં ખેડુતો અને જે તે એપીએમસીમાં તૈયાર જણસી પલળી જવાની બુમરણ ઉઠે છે જ્યારે આગાહી કરવામાં આવી જ હોય ત્યારે આગોતરી તૈયારી કેમ નથી કરાતી એ સવાલ સામાન્ય જનમાં થાય એ સ્વભાવિક છે. માવઠાથી એપીએમસીમાં થતાં નુકશાન અંગે ગોકીરો મચાવવાથી કોઈ અર્થ સરતો નથી. આગોતરી આગાહી બાદ વેપારીઓ, એજન્ટો અને એપીએમસીના તંત્રવાહકોએ સાવચેતી રાખવી જોઈએ. ખેડુતોએ પણ ખળામાં પડેલી જણસી યોગ્ય જગ્યાએ ખસેડવી જોઈએ જે મહદઅંશે ખેડુતો કરતા પણ હોય છે. તૈયાર થવા આવેલા પાક માટે માવઠાનો માર સહન કરવા સીવાય જો કે અન્ય કોઈ આરોવારો નથી. પણ કમસેકમ તૈયાર જણસી ન પલળે એ માટે જે તે એપીએમસી કે તંત્રએ યોગ્ય વ્યવસ્થા, માળખાગત સુવિધા ઉપલબ્ધ રાખવી જરૂરી છે. તેના માટે કુદરતને કમસેકમ દોષ ન આપી શકાય

# ન્યાય અપાવવાની વ્યવસ્થામાં દક્ષિણના રાજ્યો ઉત્તર ભારત કરતાં મોખરે છે તેની પાછળ ક્યું પરિબળ કામ કરે છે?

## ઈન્ડિયા જસ્ટિસના ૨૦૨૫ના રિપોર્ટમાં ન્યાય પ્રણાલીની સમાનતા હોવા છતાં રાજ્યવાર વિસંગતતા ઉજાગર થઈ

વર્ષ ૨૦૨૫ માટે ઇન્ડિયા જસ્ટિસ રિપોર્ટ કહે છે કે દેશનાં વિવિધ રાજ્યોમાં લોકોને ન્યાય મળવાના મામલે સ્થિતિ અગાઉ કરતાં સુધરી છે. આ અહેવાલમાં પોલીસ, જેલ, કાનૂની સહાય, ન્યાયતંત્ર અને માનવ અધિકારોનાં ધોરણોનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે. જોકે, તેમાં કેટલીક ચિંતાની બાબતો પણ છે. ન્યાયના મામલે સુધારો મુખ્યત્વે દક્ષિણ ભારતનાં રાજ્યોમાં જોવા મળ્યો છે. દક્ષિણનાં પાંચ રાજ્યો - કર્ણાટક, આંધ્ર પ્રદેશ, તેલંગણા, કેરળ અને તામિલનાડુ આ રિપોર્ટમાં ટોચનાં પાંચ સ્થાનો પર છે.




બીજી તરફ ઉત્તર ભારતનાં રાજ્યોના દેખાવમાં ન્યાયના મામલે સામાન્ય સુધારો થયો છે, જ્યારે કેટલાક રાજ્યોનો દેખાવ સરેરાશ કરતાં પણ નીચો છે. પશ્ચિમ બંગાળ, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, ઝારખંડ અને રાજસ્થાનનું પ્રદર્શન બહુ ખરાબ રહ્યું છે. પોલીસની કામગીરી અને ન્યાયની બાબતમાં ઉત્તર ભારતના રાજ્યોનો દેખાવ નબળો છે.

ઇન્ડિયા જસ્ટિસ રિપોર્ટ સંપૂર્ણપણે સરકારી આંકડા પર આધારિત છે. આ રિપોર્ટનાં તારણોનો ઉપયોગ કરીને નીતિ નિર્ધારકો ન્યાય પ્રદાન કરવામાં પરિવર્તન અથવા સુધારાની વ્યાપક યોજના બનાવી શકે એ તેનો હેતુ છે. આ રિપોર્ટને ટાટા ટ્રસ્ટના અડધા ડઝનથી વધુ સંગઠનોના સહયોગથી તૈયાર કરવામાં આવ્યો છે. ભારતમાં કર્ણાટકને બાદ કરતા કોઈ પણ રાજ્યમાં મહિલા પોલીસનો ક્વોટા પૂરો નથી થયો આ રિપોર્ટમાં અપાયેલા આંકડા દેશમાં આ સમસ્યા કેટલી ગંભીર છે તે દેખાડે છે. રિપોર્ટમાં કહેવાયું છે, ''દરેક રાજ્યએ અનુસૂચિત જાતિ,અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગ માટે વૈધાનિક રીતે અનિવાર્ય ક્વોટા નક્કી કર્યો છે, પરંતુ કર્ણાટકને બાદ કરતાં કોઈ રાજ્યે તેનું પાલન નથી કર્યું.''

**પ્રસંગ રંગ**
– પી.એન.જાડેજા

''મહિલાઓ માટે પણ કોઈ રાજ્ય કે કેન્દ્રશાસિત પ્રદેશે પોતાના અનામત ક્વોટાને પૂરો નથી કર્યો. પોલીસમાં મહિલાઓની હિસ્સેદારી ૧૧.૮ ટકા છે અને તેને ૩૩ ટકા સુધી લઈ જવાની છે.'' આઈજેઆર પ્રમાણે ''રાષ્ટ્રીય સ્તરે પોલીસમાં મહિલાઓની હિસ્સેદારી ૩.૩૧ ટકાથી વધારીને ૧૧.૮ ટકા સુધી લઈ જવામાં જાન્યુઆરી-૨૦૦૭થી લઈને જાન્યુઆરી-૨૦૨૨ સુધી ૧૫ વર્ષ લાગી ગયા.'' ઘણા રાજ્યોએ પોલીસ સ્ટેશનોમાં મહિલા ડેસ્ક બનાવવાના મામલે સુધારા કર્યા છે. આંધ્ર પ્રદેશ અને બિહાર જેવાં કેટલાક રાજ્યો ત્રણ વર્ષમાં સામાન્ય ખાલી જગ્યાઓનું બેકલોગ પૂરો કરી શકે છે. પરંતુ ઝારખંડ, ત્રિપુરા જેવાં કેટલાંક રાજ્યો અને આંદમાન અને નિકોબાર જેવા કેન્દ્રશાસિત પ્રદેશોમાં મહિલાઓનાં પદ ભરવામાં કદાચ કેટલીય પેઢીઓ લાગી શકે છે.

લખનૌસ્થિત ઍસોસિયેશન ફોર ઍડ્વોકસી ઍન્ડ લિગલ ઇનિશિયેટિવ (એએએલઆઈ)ના ડાયરેક્ટર અને ઍડ્વોકેટ રેણુ મિશ્રાએ જણાવ્યું હતું કે, ''ઉત્તરનાં રાજ્યો અને દક્ષિણનાં રાજ્યોની માનસિકતામાં અંતર છે. ઉત્તર ભારતના સામાજિક માળખામાં કંઈ ખોટું કરવામાં આવે તો સજા કરવા જેવો માહોલ જ નથી.'' કર્ણાટકના રિટાયર્ડ ડીજીપી અને ભારતના વિજિલન્સ કમિશનર આર. શ્રીકુમાર ઉત્તર અને દક્ષિણ ભારતનાં રાજ્યો વચ્ચેના તફાવતને અલગ રીતે જુએ છે. તેઓ કહે છે કે, ''દક્ષિણના રાજ્યોએ પોલીસ આધુનિકીકરણ, ન્યાયપ્રણાલીના ડિજિટલાઇઝેશન, પોલીસ અને ન્યાયતંત્રમાં લીંગ આધારિત પ્રતિનિધિત્વ વગેરે પહેલ કરી છે અને લોકોની જરૂરિયાત પ્રત્યે સંવેદનશીલતા દર્શાવી છે.'' કર્ણાટકમાં ફરજ બજાવતા અગાઉ શ્રીકુમારે ઉત્તર પ્રદેશમાં આઈપીએસ તરીકે પોતાની કારકિર્દી શરૂ કરી હતી. ત્યાર પછી તેમણે દિલ્હી અને તામિલનાડુમાં ૧૧ વર્ષ સુધી સીબીઆઈમાં કામ કર્યું. ત્યાર પછી ફરી કર્ણાટકમાં સેવા આપી.

શ્રીકુમાર કહે છે, ''મેં જોયું કે ઉત્તર ભારતનાં રાજ્યોમાં તમારે સતત ફાયર ફાઇટિંગના મોડમાં રહેવું પડે છે. ત્યાં પ્રાથમિકતાઓ પર વિચાર કરવાનો, યોજના બનાવવાનો અને તેને લાગુ કરવાનો બહુ ઓછો સમય મળતો હતો.''

બિહારના એક જિલ્લામાં ઘરેલુ હિંસાનો એક પણ કેસ નોંધાયો નથી. આ ચોંકાવનારી વાત હતી, કારણ કે ત્યાં સમુદાયમાં બધા જાણે છે કે ઘરેલુ હિંસા થાય છે.'' ''એક મહિલા પર પોતાની દીકરીના મંગેતર સાથે ભાગી જવાનો આરોપ લગાવાયો હતો. તેને બે પુખ્ત વ્યક્તિઓ વચ્ચેના સંબંધ તરીકે જોવાયો ન હતો.'' ''મહિલા એટલા માટે જતી રહી હતી, કારણ કે તે ઘરેલુ હિંસાનો ભોગ બની હતી. પોલીસ સ્ટેશનમાં પણ આ પાસા પર કોઈ ધ્યાન નથી આપતું, કારણ કે તે પુરુષવાદી વ્યવસ્થા છે.'' ''ગુનો કરનારાઓને ખાતરી હોય છે કે તેમને કંઈ નહીં થાય. સૌથી પહેલાં તો ફરિયાદ દાખલ જ નથી થતી. ફરિયાદ નોંધાય તો કોઈ કાર્યવાહી નથી થતી.'' આ મામલે ભારતના પ્રથમ મહિલા આઈપીએસ (ઇન્ડિયન પોલીસ સર્વિસ) અધિકારી કિરણ બેદીએ જણાવ્યું કે, ''અસલી પરિવર્તન ત્યારે આવે છે જ્યારે મહિલાઓ માત્ર ક્વોટા ન ભરે, પરંતુ નેતૃત્વ કરે, નિર્ણય લે અને વ્યવસ્થાને આકાર આપે.'' તેમણે કહ્યું કે, ''આના માટે હજુ પણ ઇકોસિસ્ટમ નથી. તે હજુ પણ સામંતવાદી વિચારસરણી અને પુરુષોની દુનિયા છે.''

પરંતુ પટણા હાઈકોર્ટનાં ભૂતપૂર્વ ન્યાયાધીશ અંજના પ્રકાશ નથી માનતા કે મહત્ત્વનાં પદો પર મહિલાઓ હશે, ત્યારે જ પરિવર્તન આવશે. આપણે મહિલાઓને તેમના કામમાં નિપુણતા મેળવતી જોઈ રહ્યા છીએ. તેઓ કોઈ પણ હોદ્દા પર હોય, પછી તે હોદ્દો મહત્ત્વનો હોય કે ન હોય.''

ન્યાયપ્રણાલીના શરૂઆતના પોઇન્ટ ગણાતા પોલીસ સ્ટેશનની વાત કરીએ તો કોન્સ્ટેબલ અને અધિકારીના સ્તરે સ્ટાફની અછતથી સમસ્યા વધી જાય છે. આઈજેઆર રિપોર્ટ મુજબ કોન્સ્ટેબલની ૨૧ ટકા અને અધિકારી સ્તરે ૨૮ ટકા જગ્યાઓ ખાલી છે. ત્યાર પછીના સ્તરે જોવામાં આવે તો ૧૪૦ કરોડની વસતી માટે ન્યાયતંત્રમાં ૨૧,૨૮૫ જજ છે. તેની સામે કાયદાપંચે ૧૦ લાખની વસતીએ ૫૦ જજની ભલામણ કરી છે. વડી અદાલતોમાં ૩૩ ટકા જગ્યાઓ ખાલી છે, જિલ્લા અદાલતોમાં ૨૧ ટકા પદ ખાલી છે. ઉદાહરણ તરીકે જોવામાં આવે તો ઉત્તર પ્રદેશ અને મધ્ય પ્રદેશમાં એક જજ દીઠ ૧૫ હજાર કેસનો બોજ છે. રાષ્ટ્રીય સ્તરે વાત કરીએ તો જિલ્લા ન્યાયાલયોમાં એક જજ દીઠ ૨,૨૦૦ કેસનો બોજ છે. પશ્ચિમ બંગાળમાં ૧,૧૪,૩૩૪ લોકો દીઠ માત્ર એક જજ છે. દેશની અડધા કરતાં વધુ જેલોમાં ક્ષમતા કરતાં વધુ કેદી પૂરાયેલા છે. તેમાંથી ૭૬ ટકા કેદીઓ અંડરટ્રાયલ છે.

ઉત્તર પ્રદેશની મુરાદાબાદ અને જ્ઞાનપુર જેલ, પશ્ચિમ બંગાળની કોંડી ઉપ જેલ, દિલ્હીમાં તિહાર સેન્ટ્રલ જેલ નંબર એક અને ચાર વગેરે એવી જેલ છે, જ્યાં તેની નિર્ધારિત ક્ષમતાં કરતા ૪૦૦ ટકા વધુ કેદી રખાયા છે. મહિલાઓ અંગે પોલીસની સંવેદનહીનતા પણ એક મોટો પ્રશ્ન છે શ્રીકુમાર કહે છે, ''ન્યાય વ્યવસ્થા કેવી રીતે કાર્ય કરશે તેનો આધાર રાજકીય નેતૃત્વ પર છે. એક સક્રિય અને દૂરંદેશી નેતૃત્વ સુધારાઓને આગળ ધપાવી શકે છે અને બધા લોકોની ભાગીદારી સુનિશ્ચિત કરી શકે છે. જ્યારે ઉપેક્ષા, રાજનીતિકરણ અને અવ્યવસ્થાથી ગતિરોધ પેદા થઈ શકે છે.'' સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ જસ્ટિસ ગોપાલ ગૌડા માને છે કે, ''કોર્ટ પાસે કારોબારી તંત્રને અસરકારક રીતે કાર્ય કરવા માટે ફરજ પાડવાની સત્તા છે, શરત એટલી કે તેમની પાસે જાહેર હિત પ્રત્યે પ્રતિબદ્ધતા હોવી જોઈએ. ન્યાયાધીશોએ લોકોની સામાજિક, આર્થિક સ્થિતિ અને તેમના માનવાધિકારને સમજવાની જરૂર છે. જો કારોબારી અને કાયદો નિષ્ફળ જાય તો અદાલતે હસ્તક્ષેપ કરવો જોઈએ.''

હાઈ કોર્ટના ભૂતપૂર્વ જજ પ્રકાશ પણ માને છે, ''અદાલતો ભૂલોના મામલે સતર્ક રહે, તો તે ન્યાયતંત્રની કામગીરીની દિશા બદલી શકે છે.''

આઈજેઆરના તર્ક પ્રમાણે કાયદા દ્વારા સમાન ન્યાયનો વાયદો હજુ પૂરો નથી થયો. હાઇકોર્ટના ભૂતપૂર્વ જજ પ્રકાશ કહે છે, ''ચોક્કસપણે આ હકીકત છે. આપણે એ વાત સ્વીકારવાથી પણ દૂર છીએ કે આપણે એક કાર્યશીલ લોકશાહી છીએ અને આપણા લોકો માટે એકસમાન રીતે કામ કરવાનું છે. આપણે પાયાની વાતોની નજીક પણ જવું હોય તો દૃષ્ટિકોણ બદલવો પડશે.''

આઈઆઈટીમાંથી પાસ થયેલા શ્રીકુમારને વિશ્વાસ છે, ''મિશન મોડના વલણ સાથે કામ કરીને ઓછામાં ઓછા બેથી ત્રણ વર્ષમાં ડિજિટલ પરિવર્તન લાવવાનું, ખામીઓ ઓળખીને સિસ્ટમમાં સુધારા કરવા સંભવ છે. ડિજિટલ બદલાવ માટે ક્લાઉડ કમ્પ્યૂટિંગ, મોબાઇલ ઍપ, બ્લોક ચેઇન, એઆઈ (આર્ટિશિયલ ઇન્ટલિજન્સ) અથવા એમએલ (મશીન લર્નિંગ) ટૂલ્સ જેવી કિફાયતી ટેક્નોલોજી ઉપલબ્ધ છે.''


તેઓ કહે છે કે વર્ષ ૧૯૭૩ની બેચના આઈપીએસ અધિકારીઓએ પોલીસ તપાસમાં સુધારા માટે એક રૂપરેખા આપી હતી. તેમાં રિટાયર્ડ અધિકારીઓની દરેક બેચ બે-ત્રણ વર્ષ માટે અધિકારીઓને સલાહ આપવા અને પરિવર્તન માટે ઓળખવામાં આવેલા મોડ્યુલની દેખરેખ માટે સ્વેચ્છાએ કામ કરશે.

''ન્યાય કરવા માટે હંમેશા નિષ્પક્ષ આકલન જરૂરી છે. તેવી જ રીતે અદાલતોમાં ન્યાય માટે નિશ્ચિત સમયમર્યાદા નક્કી થવી જોઈએ. જેમ કે, એફઆઈઆર દાખલ થયાની તારીખથી બે મહિનાની અંદર અદાલતી કાર્યવાહી શરૂ થવી જોઈએ.''

આમ પણ ભારતીય ન્યાય વ્યવસ્થાના સિદ્ધાંત જ છે કે એક ગુનેગાર ભલે છુટી જાય પણ નિર્દોષને સજા ન થવી જોઈએ. બીજો માનવીય સિંધ્ધાંત પણ એવો જ છે કે મોડેથી મળતો ન્યાય એ ન્યાય ન મળવા સમાન છે જો કે આ સિદ્ધાંતો ભારતના પરિપેક્ષયમાં માત્ર લખવા ખાતર લખાયા હોય એવો માહોલ છે. કેમ કે મોટા ભાગના કેસોમાં ન્યાય મોડો મળી રહ્યો છે. જે સર્વસ્વિકૃત હકીકત છે અને એ સર્વ વિદિત છે.

# સોપારી સંબંધિત આ સરળ ઉપાયો દૂર કરશે ઘણી સમસ્યાઓ, પૂરા થશે મહત્ત્વપૂર્ણ કાર્યો

હિંદુ ધર્મમાં સોપારીને વિશેષ સ્થાન આપવામાં આવ્યું છે. ઉપરાંત તે પૂજનીય પણ છે. આ સાથે જો સોપારીનો ઉપયોગ કરીને કેટલાક અન્ય ઉપાય કરવામાં આવે તો કેટલીક સમસ્યાઓથી પણ છુટકારો મેળવી શકાય છે. ઉપરાંત, તે આર્થિક સમૃદ્ધિમાં પણ વધારો કરે છે. આ લેખમાં અમે તમને સોપારીના કેટલાક નિયમો જણાવી રહ્યા છીએ, જેના દ્વારા વ્યક્તિ જીવનની ઘણી મુશ્કેલીઓમાંથી મુક્તિ મેળવી શકે છે.



### મહત્ત્વપૂર્ણ કામ પૂરા થશે

મહત્ત્વપૂર્ણ કાર્યોને પૂર્ણ કરવામાં સોપારીનો ઉપાય ખૂબ જ ફળદાયી માનવામાં આવે છે. આવી સ્થિતિમાં મહત્ત્વપૂર્ણ કામ માટે બહાર જતા પહેલા લાલ કપડામાં સોપારી અને લવિંગ રાખો અને ભગવાન ગણેશને અર્પણ કરો. તેમજ ભગવાન ગણેશના મંત્ર 'ઓમ ગં ગણપતયે નમઃ' નો જાપ કરો અને ભગવાનના આશીર્વાદ મેળવીને બહાર નીકળો. આનાથી તમારા બધા કામ થવા લાગશે.

### કામમાં વિક્ષેપના કિસ્સામાં

જો તમારા કોઈ કામમાં લાંબા સમય સુધી વિઘ્ન આવી રહ્યું હોય તો તમારે બુધવારે સોપારી સંબંધિત ઉપાય ચોક્કસ કરવો જોઈએ. આ માટે એક નાગરવેલના પાન પર સિંદૂરથી સ્વસ્તિક ચિહ્ન બનાવો. સિંદૂરમાં ઘી જરૂર મિક્સ કરો. આ પછી એક સોપારીને નાડાછડી સાથે બાંધીને તે જ પાન પર રાખો અને ભગવાન ગણેશને અર્પણ કરો અને તેની પૂજા કરો.

### ખરાબ નજરની અસર હોય તો કરો આ ઉપાયો

જો કોઈ વ્યક્તિને વારંવાર ખરાબ નજર લાગી રહી હોય તો સોપારી લઈને તે વ્યક્તિના માથા પરથી સાત વાર ઉતારી લો અને તેને હવનમાં બાળી દો. આનાથી નજર નથી લાગતી.

### સંપત્તિમાં વધારો કરવા

પૂજાના સમયે સોપારીનો ઉપયોગ કરવામાં આવે છે. પૂજા કર્યા પછી આ સોપારીને એવી જગ્યાએ રાખો જ્યાં તમે પૈસા રાખો છો. તમે તેને લોકરમાં અથવા સેલ્ફમાં રાખી શકો છો. તેનાથી સંપત્તિમાં વધારો થાય છે. આ સોપારીને રક્ષાસૂત્રમાં લપેટીને તિજોરીમાં રાખો.

### વ્યવસાયમાં સફળતા મેળવવા

શનિવારે સૂર્યાસ્ત પછી પીપળની પૂજા કરો. આ પછી ત્યાં ૧ રૂપિયાનો સિક્કો અને એક સોપારી મૂકો. બીજા દિવસે આ પીપળના ઝાડનું એક પાન તોડી લો. આ પાનમાં સોપારી અને સિક્કો બાંધો. તેને લાલ દોરાથી બાંધો. ત્યારબાદ તેને તિજોરીમાં રાખો. એવું માનવામાં આવે છે કે આનાથી વ્યવસાયમાં સફળતા મળે છે.

### બાકી રહેતા કામ પૂર્ણ કરવા

જો તમારું કોઈ કામ શુષ્ક હોય તો તમે સોપારી વડે પણ ઉપાય કરી શકો છો. આ માટે તમારા પર્સમાં બે લવિંગની સાથે એક સોપારી પણ રાખો. કામના સમયે આ લવિંગને મોઢામાં રાખો. મંદિરમાં સોપારી ચઢાવો. તેનાથી તમારા બધા અટકેલા કામ પૂરા થવા લાગશે. ઘણી વાર ઘણા પ્રયત્નો પછી પણ કામ પૂરું થતું નથી. આમ કરવાથી બધા કામ જલ્દી થઈ જશે.

### લગ્નજીવનમાં આવતા અવરોધો દૂર કરવા

જો લગ્નમાં વિલંબ થાય છે અથવા યોગ્ય જીવનસાથી શોધવામાં અવરોધો આવે છે, તો તમે સોપારીનો ઉપયોગ કરી શકો છો. આ માટે સોપારી પર અબીર લગાવો અને તેને ચંદનના ડબ્બામાં રાખો. પૂર્ણિમાની રાત્રે તેને મંદિરમાં રાખો. તેનાથી લગ્નમાં આવનારી અડચણો જલ્દી દૂર થઈ જશે.

# ખડખડાટ હસવાથી હાર્ટ અને ફેફસાં રહેશે હેલ્ધી, ઘસઘસાટ ઊંઘ માટે બેસ્ટ છે હસવું



હાસ્યને શ્રેષ્ઠ દવા માનવામાં આવે છે, પરંતુ તેમ છતાં લોકો ખુલ્લેઆમ હસવાનું ટાળે છે. આ જ કારણ છે કે દર વર્ષે મે મહિનાના પહેલા રવિવારે વિશ્વ હાસ્ય દિવસ ઉજવવામાં આવે છે અને આ દિવસની ઉજવણીનો હેતુ હાસ્યના અસંખ્ય ફાયદાઓ વિશે જાગૃતિ લાવવાનો છે. આ વર્ષે આ દિવસ ૪ મેના રોજ ઉજવવામાં આવી રહ્યો છે. હાસ્યને કોઈ ઉપચારથી ઓછું માનવામાં આવતું નથી, કારણ કે જ્યારે તમે દિલથી હસો છો, ત્યારે શરીરને શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય બંને લાભ મળે છે. અહીં જાણો હસવાના ફાયદાઓ વિશે

### રોગપ્રતિકારક શક્તિમાં વધારો થશે

જ્યારે આપણે હસીએ છીએ, ત્યારે આપણા શરીરમાં એન્ડોર્ફિન નામના હોર્મોન્સનો ઉછાળો આવે છે, જેને ફીલ-ગુડ હોર્મોન્સ તરીકે ઓળખવામાં આવે છે. આ એન્ડોર્ફિન ન ફક્ત આપણા મૂડને સુધારે છે પરંતુ રોગપ્રતિકારક કોષોની પ્રવૃત્તિને પણ વધારે છે, જેનાથી આપણા શરીરની રોગપ્રતિકારક શક્તિ મજબૂત બને છે.

### તમારો મૂડ સુધરશે

હસવાથી મૂડ ખૂબ જ સારો થાય છે. ખુશી શોધવાનો આ એક સરળ અને અસરકારક રસ્તો છે. જ્યારે તમે હસો છો, ત્યારે એન્ડોર્ફિન મુક્ત થાય છે જે ખુશી, સંતોષ અને સુધારેલા મૂડની લાગણીઓને પ્રોત્સાહન આપે છે. આ ફીલ-ગુડ હોર્મોન્સ ઉદાસી, ચિંતા અથવા હતાશાની લાગણીઓ સામે લડવામાં મદદ કરી શકે છે.

### બ્લડ પ્રેશર ઘટશે

હસતી વખતે રક્તવાહિનીઓ પહોળી થાય છે, જે રક્ત પ્રવાહમાં સુધારો કરે છે અને આપણી ધમનીઓમાં પ્રતિકાર ઘટાડે છે. આ બ્લડ પ્રેશરનું સ્તર ઘટાડે છે અને હૃદયની સમસ્યાઓનું જોખમ ઘટાડે છે.

### હૃદય, ફેફસાં અને સ્નાયુઓ માટે શ્રેષ્ઠ

હસવાથી હૃદયની સાથે વિવિધ સ્નાયુઓ પણ સક્રિય થાય છે. જ્યારે તમે મોટેથી હસો છો, ત્યારે આપણા હૃદયના ધબકારા અને રક્ત પરિભ્રમણ વધે છે, જે આપણા સ્નાયુઓને ઓક્સિજન અને પોષક તત્વો પૂરા પાડે છે. આ ઉપરાંત હાસ્ય આપણી શ્વસનતંત્રને ઉત્તેજિત કરે છે. હસવું હૃદય, ફેફસાં અને સ્નાયુઓ માટે શ્રેષ્ઠ છે.

### સ્ટ્રેસ હોર્મોન્સ ઘટશે

હાસ્ય તણાવ હોર્મોન કોટિસોલનું સ્તર ઘટાડી શકે છે. જે શાંતિ અને આરામની અનુભૂતિ આપે છે.



# સંસાર પૂર્તિ

**ગૃહ, ગૃહસ્થ અને ગૃહિણીની દુનિયા**



# ગોરે રંગ પે ન ઈતના ગુમાન કર, ગોરા રંગ દો દીનમેં ઢલ જાયેગા

આપણે ગમે તેટલી એ વાતને નકારીએ, પણ સમાજમાં દેખાવનાં ધારાધોરણો હોય જ છે. ઘણી જગ્યાએ એ છતાં થાય છે તો ઘણી જગ્યાએ અંદરખાને આવાં ધારાધોરણો સેટ કરીને કામ થતું હોય છે. ઘણાં કોર્પોરેટ સેક્ટરમાં જોબ માટે પણ દંભી પ્રેઝન્ટેશન કરી જાણતા લોકોની પસંદગી પહેલાં થતી હોવાના અઢળક દાખલાઓ છે. જે ખરેખર ટેલેન્ટેડ છે એમના ટેલેન્ટને સો ગરણે ગળાઈને પસાર થવું પડે છે, એ પછી એમની પસંદગી થાય છે. જેની પર્સનાલિટી ઓલરેડી કરીઝમેટિક છે એવા લોકો અનેક જગ્યાએ સરળતાથી પસંદ થઈ જાય છે. જેમ અનેક કાર્યસ્થળો ઉપર લાગવગનાં ન્યૂસન્સ છે એ જ રીતે દેખાવને જોઈને પસંદગી કરવાનાં ન્યૂસન્સ પણ છે જ. આજના સમયે પણ જો આપણા સમાજમાં અંદરખાને કે બહાર આવાં દૂષણો થતાં હોય તો એ કરુણતા જ કહેવાય. આપણે કહીએ છીએ કે સ્ત્રીઓ દેખાવને લઈને વધારે પ્રમાણમાં એંગ્ઝાઈટીમાં આવી જતી હોય છે, પણ આવી હાલત હોય તો સ્ત્રી એંગ્ઝાઈટીમાં આવે જ. અહીં સ્ત્રીના દેખાવને માપવાના અનેક માપદંડ છે. જાડી, પાતળી, કાળી, ભદ્દી પોતે આવા માપદંડમાં ન આવી જાય એ માટે એક સ્ત્રી સત મથતી રહે છે. ખાસ કરીને યુવાન સ્ત્રીઓના મગજ ઉપર આવાં ધારાધોરણોનો પ્રભાવ વધારે પડતો હોય છે. બહારથી એ દેખાવ બાબતે બિન્ધાસ્ત દેખાવા પ્રયત્ન કરે તો પણ અંદરખાને એક ખૂણે એને પોતાના દેખાવને લઈને ચિંતા રહેતી જ હોય છે. તમે વિચારો કે આપણા દેશમાં જ મોંઘીદાટ ફેરનેસ ક્રીમ્સ કેમ ખૂબ વેચાય છે? ગમે તે વ્યક્તિ ક્રીમનો બિઝનેસ શરૂ કરે અને એનું માર્કેટિંગ સારી રીતે થાય તો બેશક એનો



બિઝનેસ જામી જ જાય, કેમ કે દેખાવને લઈને ચિંતા આપણા દેશમાં વધારે છે.

થોડા સમય પહેલાં જ કેરળનાં ચીફ સેક્રેટરી (મુખ્ય સચિવ) શારદા મુરલીધરને સોશિયલ મીડિયા ઉપર એક પોસ્ટ મૂકી હતી. આ પોસ્ટમાં એમણે લખ્યું હતું કે મારા કાર્યસ્થળે મારી કમ્પેરિઝન પૂર્વ સચિવ વી. વેણુ સાથે કરવામાં આવે છે.

વી. વેણુ એમના પતિ છે અને શારદા પહેલાં વેણુ મુખ્ય સચિવ હતા. શારદા કહે છે કે, દરેક જગ્યાએ એક યા બીજી રીતે તમારી કોઈ ને કોઈ સાથે તુલના કરવામાં આવે જ છે, પણ મેં જે કમ્પેરિઝન સાંભળી એ માત્ર કમ્પેરિઝન જ નહોતી, એ મારા કાળા રંગ ઉપર પણ ટિપ્પણી હતી. કમ્પેરિઝનને આપણે સકારાત્મક રીતે લઈ શકીએ, પણ જ્યારે કોઈ તમારા કામને બદલે તમારા રંગને લઈને ટિપ્પણી કરે ત્યારે લાગી આવે. શારદાએ એવું જણાવ્યું હતું કે મને મારા કામ વિશે એવું સાંભળવા મળ્યું કે એ એટલું જ કાળું છે જેટલા મારા પતિ સફેદ હતા. કેરળનાં મુખ્ય સચિવ શારદાએ પોતાની પોસ્ટમાં લખ્યું હતું કે જે લોકો કાળાં કામ કરે છે, કોઈનું ખરાબ કરે છે, કોઈ વિશે ખરાબ બોલે કે વિચારે છે એવી વસ્તુને કાળી કહી શકાય, પણ આપણે માત્ર લોકોના કલરને જ નિશાન બનાવવાનું કામ કરીએ છીએ. એમાંય વળી સ્ત્રી હોય અને એ કાળી હોય એટલે એના શ્યામ વર્ણને લઈને એની સામે કોઈ ગુનેગાર હોય એમ જોવામાં આવે છે.

શારદાએ આ પોસ્ટ પહેલાં સોશિયલ મીડિયા ઉપર લખી અને પછી એને ડિલીટ કરી નાખી હતી. એ વિશે પણ એમણે બીજીવાર પોસ્ટ કરી એમાં ખુલાસો આવ્યો હતો કે મને મારા શુભચિંતકોએ પહેલી પોસ્ટ ડિલીટ કરવાની સલાહ આપી હતી, મેં એમ કર્યું પણ ખરું, પરંતુ પછીથી મને વિચાર આવ્યો કે મારે આ પોસ્ટ મૂકવી જ જોઈએ, એટલે અમુક વિગતવાર વિશ્લેષણ સાથે હું આ પોસ્ટ મૂકી રહી છું. શારદા કહે છે કે આપણા સમાજમાં કાળા-ધોળાની તુલનાઓ શરૂઆતથી જ છે. જ્યારે હું સાવ નાની હતી ત્યારે મેં મારી મમ્મીને પૂછ્યું હતું કે શું મને ફરીથી ગોરા રંગ સાથે જન્મ લેવા મળશે?

હોશિયાર માણસને તકલીફ ત્યાં થાય કે કોઈના ટેલેન્ટથી એને બિરદાવવાના બદલે એના દેખાવથી કેમ જજ કરવામાં આવે? આ પહેલી વારનું નથી કે જ્યારે કોઈના દેખાવથી એને જજ કરવામાં આવ્યું હોય અથવા તો ટોણો મારવામાં આવ્યો હોય. આ પહેલાં અનેક લોકો આના ભોગ બની જ ચૂક્યા છે. અરે! આપણી લગ્ન વ્યવસ્થામાં પણ આ રીતે જ પસંદગી થાય છે. દીકરી જોવાની થાય ત્યારે એ શ્યામ હોય, જાડી હોય કે પાતળી હોય તો એના ગુણો કેવા છે એવું જોવાને બદલે દીકરી દેખાવે થોડી શ્યામ છે એટલે મારો દીકરો ના પાડે છે એવું બિન્દાસ કહી દેતા લોકો પણ હોય જ છે. અલબત્ત, હવે આ ન્યૂસન્સ ધીરે ધીરે ઘટી રહ્યાં છે, પણ સાવ નાબૂદ નથી થયાં. દુઃખદ વાત એવી છે કે દેખાવે સારી લાગતી છોકરી હોય અને મીઠું મીઠું બોલીને શોઓફ કરી જાણતી હોય તો એની ફર્સ્ટ ઈમ્પ્રેશન હોશિયારની જ પડે છે, જ્યારે દેખાવે સામાન્ય લાગતી છોકરી કદાચ બહુ જ હોશિયાર હોય તો પણ એના ટેલેન્ટને પહેલી નજરે નજરઅંદાજ કરી દેવામાં આવે છે.

# સંબંધોના પિડાદાયક ભૂતકાળને વાગોળ્યા કરવાથી ભવિષ્ય દોજખ જેવું બની જાય છે

અનેક એવા લોકો સાથે આપણો ક્યારેક ને ક્યારેક પનારો પડ્યો હશે, જેનો સ્વભાવ નોર્મલ લોકો કરતાં અલગ હોય. તમે લાંબો સમય એકલા રહો, ધીરે ધીરે કરતાં તમારા નજીકના લોકો તેમની લાઈફમાં બિઝી થતા જાય, એ પછી તમારા સ્વભાવમાં એક પ્રકારનો બદલાવ આવે છે. આ બદલાવ સારો નથી હોતો. તમે બાહ્ય રીતે પરિસ્થિતિને અપનાવતા હોવ છો, પણ અંદરથી એકલતા-ઝુરાપો તમને કોરી ખાતા હોય છે. સાયકોલોજી કહે છે કે એકલતા અનેક માનસિક રોગ નોતરી શકે છે, માટે જીવનને નવી તક આપો. દરેક માણસ એકસરખો નથી હોતો. હા, જૂના ખરાબ અનુભવમાંથી સબક મેળવીને ચેતીને ચાલો, પણ તમારી જાતને એકલતાના બોક્સમાં ન પૂરો. એકલતા તમને ખોખલાં અને ઈરિટેટિંગ બનાવી દેશે. એવું લાગે તો એકલી રહેતી વ્યક્તિને મળો. તમને ખ્યાલ આવશે કે કાયમ એકલું રહેવું કેટલું જોખમી



છે, માટે તમારા આત્માને જરૂરી હૂંફ પૂરી પાડનાર પાર્ટનરને ચાન્સ આપો.

તમે ભૂતકાળમાં જો કોઈ ખરાબ અનુભવમાંથી પસાર થયા હોવ તો સંભવ છે કે તે અનુભવ તમારા વર્તમાન અને ભાવિ ઉપર હાવી થવાનો પ્રયત્ન કરે. અનેક મનોચિકિત્સકો દ્વારા કરવામાં આવેલા સરવેનું તારણ એવું કહે છે કે માનસિક રોગીઓની કુલ સંખ્યામાં આશરે ૭૫ ટકા લોકોને આ સમસ્યા તેના ભૂતકાળના કારણે થતી હોય છે.

પ્રશ્ન અહીં એ પણ છે કે એક વાર થયેલો ખરાબ અનુભવ તમારી આખી લાઈફને કેમ ખરાબ કરવાનું કાર્ય કરે છે. આપણે જાણીએ છીએ કે ચેતતો નર સદા સુખી, પણ દૂધના દાઝેલાએ છાશ ક્યાં સુધી ફૂંકી ફૂંકીને પીવી જોઈએ? તમારી લાઈફના એક ખરાબ અનુભવથી તમારી આખી લાઈફ ડિફાઈન નથી થતી. તમે એક વાર ખોટા સમયમાંથી પસાર થઈ ગયાં હોવ તો જરૂરી નથી કે આગળ પણ એવા જ સમયમાંથી પસાર થવું પડશે. તમે કોઈના પ્રેમમાં પડો છો એનો મતલબ એવો છે કે તમને કોઈનો સહવાસ ગમે છે. પ્રેમની સારી બાબત જ એ છે કે તમે ક્ષણે ક્ષણે ગમતી વ્યક્તિ સાથે રહેવા ઝંખો છો. અહીં માત્ર પ્રેમી અને પ્રેમિકાની જ વાત નથી, પ્રેમ તો માતા-પિતા સાથે પણ થઈ શકે અને પ્રેમ તો બાળકો સાથે પણ થઈ શકે. માતાથી દૂર ભણવા જતું બાળક તેની નવી દુનિયામાં જાય ત્યારે માતાનો ઝુરાપો એ પ્રેમની જ નિશાની છે. માતાને બાળક દૂર જાય એ ગમતું નથી. વાત એવી છે કે ગમતી વ્યક્તિઓની સાથે રહેવું તમને ગમતું હોય છે, પણ એક ખરાબ અનુભવના કારણે તમે કાયમ એકલા રહેવાનું વિચારો એ ખોટું છું. અલબત્ત, શરૂઆતમાં યુવાનીના સમયમાં મિત્રોનો સંગાથ હોય તો સાથીની જરૂર નથી પડતી, પણ સમય જતાં બધા મિત્રો પોતાના જીવનમાં વ્યસ્ત થઈ જાય ત્યારે તમને તમારી એકલતા કોરી ખાશે. સ્ત્રી તરીકે હું એક વાત સમજું છું કે અનેક મહેમાનોથી ભરાયેલું મારું ઘર જોઈને કોઈ વાર મને એમ મન થાય કે હું બધું જ છોડીને ક્યાંક ભાગી જાઉં, એકલી રહું, શાંતિનો અનુભવ કરું, પણ મારી આ એકલા રહેવાની મહેચ્છા અમુક સમય પૂરતી જ હશે. એકલા રહેવાનું મન કાયમી નથી હોતું. એ ક્ષણિક આવેગ હોય છે. તમે એકલા રહીને ધરાઈ જાવ ત્યારે તમને કોઈના સાથની જરૂર પડે છે.

બીજો સાથી નહીં જ શોધવાની વાત થોડી વધારે પડતી છે, કારણ કે ભલે દુઃખમાંથી પસાર થયાના થોડા સમય સુધી બીજે જોડાવાનું મન ન થાય, કોઈ પાત્ર ઉપર જલદી વિશ્વાસ ન બેસે, પણ લાંબા ગાળે દરેકને હૂંફની જરૂર હોય છે. તમે કોઈ સાથે લાગણીના તાંતણે બંધાવ તો તમને દરેક ઉંમરના પડાવે જોઈતો સધિયારો, સાથ, હૂંફ અને લાગણી મળી રહે છે. નહીં તો એક સમયે એકલતા ખાવા દોડે છે.

# દહેજ મૃત્યુનો કાયદો ત્રાસદાયક પરિસ્થિતિ માટે પણ લાગુ પડે છે

જ્યારે પુરુષ કે તેનાં સગાંસંબંધીઓ દહેજની માંગણી માટે ક્રૂરતા આચરવામાં બધી જ હદ પાર કરી જાય છે અને સ્ત્રીને મૃત્યુના મોંમાં ધકેલી દે છે ત્યારે દહેજ મૃત્યુનો ગુનો આચરાતો હોય છે. આ ગુનાને અનુરૂપ પુરાવાના કાયદામાં કલમ - ૧૧૩ (બી) નો ઉમેરો કરવામાં આવ્યો છે. જેના લીધે દહેજ મૃત્યુના ગુના માટે પુરાવા કેવી રીતે લેવાના હોય તેની જોગવાઈ કરેલી છે.

કાયદો હોવા છતાં દહેજનું દૂષણ ઓછું થવાને બદલે જ્યારે વધતું ગયું અને આ દૂષણે સ્ત્રીઓને મૃત્યુના મુખમાં પણ ધકેલી દીધી ત્યારે સ્ત્રીઓના દહેજના લીધે થતા અપમૃત્યુની સંખ્યામાં સખત વધારો થતાં ૧૯૮૬માં ભારતીય ફોજદારીધારામાં દહેજ મૃત્યુની કલમ - ૩૦૪ (બી) ઉમેરો કરવામાં આવ્યો અને તેને સખત શિક્ષાને પાત્ર બનાવ્યો.

આ કલમની જોગવાઈ જ્યારે કોઈ સ્ત્રીનું મોત નિપજાવવામાં આવ્યું હોય ત્યારે જ નહીં, પરંતુ જો મૃત્યુ અકુદરતી હોય અને એવો પુરાવો હોય કે સ્ત્રીને મૃત્યુ પહેલાં ત્રાસ



આપવામાં આવ્યો હોય ત્યારે પણ લાગુ પડે છે. અકુદરતી મૃત્યુ એટલે માનવ હત્યા હોય અથવા આત્મહત્યા હોય અથવા અકસ્માત મૃત્યુ પણ હોઈ શકે અને સ્ત્રીને મૃત્યુ પહેલાં દહેજની માંગણી માટે કે તે સંબંધમાં ત્રાસ આપવામાં આવતો હતો એવું પુરવાર થાય તો તે દહેજ મૃત્યુ ગણાય. ત્રાસ અથવા ક્રૂરતા ક્યારે ગણાય તેની જોગવાઈ કલમ - ૪૯૮ (ક) માં કરેલ છે. જ્યારે કોઈ સ્ત્રીનું મૃત્યુ સળગાવી મૂકીને અથવા શારીરિક ઈજાઓ પહોંચાડીને અથવા અસામાન્ય સંજોગોમાં થયું હોય અથવા આવું મૃત્યુ તેણીનાં લગ્નનાં સાત વર્ષની અંદર થયું હોય, તેણીના પતિનાં કોઈ સગાં દ્વારા તેણી પર ક્રૂરતા અથવા ત્રાસ વર્તાવવામાં આવ્યો હોય તો આવી ક્રૂરતા અથવા ત્રાસ દહેજની માંગણી માટે અથવા તે સંબંધમાં હોય તો તે સ્ત્રીનું મૃત્યુ દહેજ મૃત્યુ ગણાય.

આ કાયદાની જોગવાઈઓ અનુસાર જ્યારે કોઈ સ્ત્રીનું મૃત્યુ તેણીનાં લગ્નનાં સાત વર્ષની અંદર સળગાવી મૂકીને અથવા શારીરિક ઈજાઓ પહોંચાડીને નિપજાવવામાં આવ્યું હોય અથવા અસામાન્ય સંજોગોમાં તેણીનું મૃત્યુ થયું હોય તથા મૃત્યુના તરત પહેલાં તેણીના પતિ અથવા તેણીના પતિનાં કોઈ સગાં દ્વારા દહેજની માંગણી અથવા તે સંબંધમાં તેણીને ક્રૂરતા અથવા ત્રાસનો ભોગ બનાવવામાં આવી હતી તેવું દર્શાવવામાં આવે તો આવું મૃત્યુ દહેજ મૃત્યુ કહેવાય તથા તેણીના પતિ કે પતિનાં સગાંઓએ તેણીનું મૃત્યુ નિપજાવ્યું છે તેમ ગણાય છે. આવું દહેજ મૃત્યુ નિપજાવનારને સાત વર્ષથી આજીવન કેદ સુધીની શિક્ષાને પાત્ર બને છે.

# રાઈસની ઝટપટ તૈયાર થતી રેસિપી

## મિક્સ વેજીટેબલ રાઈસ રેસિપી



### ૪ વ્યક્તિ માટે

**સામગ્રી**

- ૨ વાટકા ચોખા
- ૨ નંગ ડુંગળી
- ૨ નંગ ગાજર
- આદું
- હળદર
- મરચાં
- જીરું
- તજ
- લવિંગ
- તમાલપત્ર
- એલચી
- લવિંગ
- નીમક
- લાલ મરચું
- કોથમીર
- પાણી

### રાંધવાની રીત

સૌ પ્રથમ ચોખા બરાબર ધોઈ નાખો ૧૦ મીનીટ સુધી પલાળી રાખો ત્યારબાદ બાદ જરૂર મુજબ પાણી નાખીને નીમક લીલા વટાણા ગાજર બટાકા બાફી લો તને ગરણી કાઢી લેવા

હવે ડુંગળી આદુ મરચાં લસણ ની પેસ્ટ કરી લેવા

હવે એક કડાઈમાં ઘી ગરમ થાય પછી લીમડાના પાન, આદુ, મરચાં, લસણની પેસ્ટ ઉમેરવી નીમક નાખો હવે તજ લવિંગ તમાલપત્ર જીરું ઉમેરી સાંતળો.

હવે ડુંગળી, આદુ, મરચાં, બટેટા, વટાણા, ગાજર, બાફેલા ઉમેરવા કાશ્મીરી મરચુ હળદર મસાલા શેકી લો હવે બાફેલા બટાકા વટાણા અને ગાજર ઉમેરી મિક્સ કરો ૧૦ મીનીટ સુધી કડાઈ નીચે મૂકી બાઉલમાં કોથમીર ઉમેરો મિક્સ વેજીટેબલ રાઈસ કોથમીર ડુંગળી અને ટમેટા સાથે સર્વ કરો.

# ઈન્ડિયન આઈડલ-૧૨ના વિજેતા પવનદીપ રાજનની કારનો અમદાવાદ નજીક અકસ્માત

## હાથ-પગમાં ગંભીર ઈજા થતાં ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા

**સમય મિરર | અમદાવાદ**

'ઇન્ડિયન આઇડલ સીઝન ૧૨' ના વિજેતા પવનદીપ રાજનના ચાહકો માટે ખરાબ સમાચાર છે. આજે (૫ એપ્રિલ) સવારે, ગુજરાતના અમદાવાદ નજીક પવનદીપનો અકસ્માત થયો હતો. હાલમાં, તેમને અમદાવાદની નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે અને તેમની સારવાર ચાલી રહી છે. પોતાની શાનદાર ગાયકીથી કરોડો લોકોના દિલ જીતનાર પવનદીપ રાજન ઉત્તરાખંડના રહેવાસી છે.

સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર, પવનદીપ રાજન હવે ખતરામાંથી બહાર છે. ૫ મેના રોજ સવારે ૩:૪૦ વાગ્યે અમદાવાદ હાઈવે નજીક તેમની કારનો અકસ્માત થયો હતો. હાલમાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તેના એક હાથ અને પગમાં ઈજાઓ થઈ છે. પવનદીપ સંપૂર્ણપણે હોશમાં છે.



ડોક્ટરોની એક ટીમ તેમની સંભાળ રાખી રહી છે. તેમને ટૂંક સમયમાં હોસ્પિટલમાંથી રજા મળી શકે છે.

પવનદીપ રાજન માત્ર એક પ્રખ્યાત ગાયક જ નથી પણ તે એક પ્રતિભાશાળી સંગીતકાર પણ છે. આ ૨૯ વર્ષીય ગાયકે પોતાની પ્રતિભાથી સમગ્ર ફિલ્મ ઉદ્યોગને પ્રભાવિત કર્યો છે. પવનદીપે ૨૦૧૫ માં સિંગિંગ રિયાલિટી શો 'ધ વોઇસ ઇન્ડિયા' જીતીને પહેલીવાર રાષ્ટ્રીય સ્તરે ઓળખ મેળવી. તે વિવિધ પ્રકારના વાદ્યો પણ વગાડી શકે છે. પવનદીપ હાર્મોનિયમ, સિન્થેસાઈઝર, તબલા અને ઢોલ જેવા ઘણા વાદ્યો ખૂબ જ કુશળતાથી વગાડે છે.

પવનદીપે સોની ટીવીના સિંગિંગ રિયાલિટી શો 'ઇન્ડિયન આઇડોલ ૧૨' નો ખિતાબ જીતીને બીજી મોટી સફળતા મેળવી. આ જીતે તેમને દેશના દરેક ઘરમાં પ્રખ્યાત બનાવ્યા. તે દરેક પ્રકારના ગીત ગાઈ શકે છે. તેમની પ્રતિભા, સ્ટેજ પર તેમની અદ્ભુત ઉર્જા અને તેમના શક્તિશાળી પ્રદર્શને તેમને પ્રેક્ષકો અને નિર્ણાયકોના પ્રિય બનાવ્યા. પવનદીપને ઉત્તરાખંડના યુવા બ્રાન્ડ એમ્બેસેડર તરીકે પણ પસંદ કરવામાં આવ્યા છે, તેમનું નામ ઈન્ડિયન આઈડલના સ્ટેજ પર અરુણિતા કાંજીવાલ સાથે જોડાયું હતું. પરંતુ બંનેએ કહ્યું છે કે તેઓ એકબીજાના સારા મિત્રો છે.

કાચ અને રિક્ષાનો કચ્ચરઘાણ : લોકોમાં રોષ

# અમદાવાદના મકરબા નજીક ભૂવામાં રિક્ષા ખાબકતાં ચાલક લોહીલુહાણ

**સમય મિરર | અમદાવાદ**

અમદાવાદના મકરબા મેઈન રોડ પર આવેલા અતુલ્યમ એપાર્ટમેન્ટ નજીક ભૂવો પડ્યો હતો. રિક્ષાચાલક આ રસ્તેથી પસાર થઈ રહ્યો હતો ત્યારે નાનકડો ખાડો હતો. રિક્ષાચાલકનું ધ્યાન ન રહ્યું અને સાવ ખોબા જેવડા ખાડા પરથી પસાર થયો ત્યાં અચાનક રસ્તો બેસી ગયો ને ધડાકા સાથે ભૂવો પડ્યો અને રિક્ષાનો આગળનો અડધો ભાગ અંદર ઘૂસી ગયો હતો. આ દુર્ઘટનામાં રિક્ષાનો કાચ તૂટી ગયો અને રિક્ષાનો કચ્ચરઘાણ વળી ગયો હતો તેમજ ચાલક પણ લોહીલુહાણ થઈ ગયો હતો. ઘાયલ રિક્ષાચાલકને તાત્કાલિક હોસ્પિટલે ખસેડવામાં આવ્યો છે. આ ઘટનાને પગલે આસપાસના લોકો ભેગા થઈ ગયા હતા. રિક્ષાચાલકના ચહેરા પર કાચ વાગ્યા હતા, એને કાઢી કોટનથી લોહી રોકવાની કોશિશ કરી હતી. તરત પોલીસ હાજર થઈ ગઈ હતી અને ટ્રાફિકજામ ન થાય એટલે રસ્તો ક્લિયર કરાવવા કાર્યવાહી કરી હતી.

આ મકરબા મેઈન રોડ છ લેન બનાવાયો છે. અહીં જ ફ્લાય ઓવરનું કામ ચાલી રહ્યું છે. આ સિક્સ લેન રોડ પર સતત ટ્રાફિક રહે છે. જૂના અને નવા અમદાવાદને જોડતા આ રોડ પર સ્કૂલબસ, સ્કૂટર પર કોલેજે જતાં બાળકો, નોકરિયાતો, ધંધાર્થીઓ પસાર થાય છે. ઓફિસ ટાઈમમાં આ રસ્તે ટ્રાફિકજામ જેવી સમસ્યા થાય છે ત્યારે આવા માખણ જેવા રસ્તાની નીચે પોલંપોલ છે એ આજે સાબિત થઈ ગયું છે. આ ભૂવામાં રિક્ષા નહીં, પણ વિકાસ ઊંધે માથે પડ્યો છે. તેવી ચર્ચા લોકોમાં થઈ રહી છે.

# બનાસકાંઠાના થરાદ ખોડા ચેક પોસ્ટ પર ૩૭ લાખના ડ્રગ્સ સાથે બે પકડાયા

## રાજસ્થાનથી ગુજરાતમાં ઘુસાડવાનું કારસ્તાન



**સમય મિરર | પાલનપુર**

ગુજરાત જાણે ડ્રગ્સ માફિયાઓનું હબ બની ગયું હોય તેમ સતત ગુજરાતમાં ઠેક ઠેકાણેથી ડ્રગ્સ ઝડપાઈ રહ્યું છે. એવામાં બનાસકાંઠામાંથી મોટી માત્રામાં ડ્રગ્સનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે. બનાસકાંઠા જિલ્લામાં થરાદના ખોડા ચેક પોસ્ટ બોડર ઉપર ૩૭ લાખથી વધુનું એમડી ડ્રગ્સ સાથે તેની હેરાફેરી કરતા ૨ શખ્સોને ઝડપી પાડવામાં આવ્યા છે.

મળતી માહિતી પ્રમાણે, રાજસ્થાનના બે યુવકો સાથે ૩૭૫ ગ્રામ ડ્રગ્સ સાથે ૩૭,૫૦,૩૦૦ રુપિયાનો મુદ્દામાલ ઝડપી પાડ્યો છે. ૨૪ વર્ષીય રાકેશકુમાર હિરારામજી પ્રેમારામજી તેમજ મોહમદ અબ્દુલ મોખા નામના આરોપીને એમડી ડ્રગ્સની વિપુલ માત્રા સાથે ડ્રગ્સની હેરાફેરીમાં ઝડપી પાડવામાં આવ્યા છે.

અમદાવાદના ચંડોળા તળાવ જેમ સંસ્કારી નગરીમાં પણ થયેલી વસાહત

# વડોદરાના અજબ અને રાજા-રાણી તળાવ આસપાસ ૫૦૦થી વધારે ગેરકાયદે બાંધકામો

## આડેધડ ઝૂંપડાં ખડકી દેતા ચોતરફ ગંદકીના ગંજ, પાણીની પાઈપલાઈન બુરી દીધાની રાવ, દબાણો પર બુલડોઝર ફેરવવા સ્થાનિકોની માંગ

**સમય મિરર | વડોદરા**

ગુજરાતમાં ગેરકાયદે વસાહતોનું સામ્રાજ્ય સતત વધી ગયું છે. ત્યારે આવા કારસ્તાનો હાલ સામે આવી રહ્યા છે. અમદાવાદના ચંડોળા તળાવ જેવી જ ગેરકાયદે વસાહત વડોદરાના અજબ અને રાજા-રાણી તળાવ સામે આવી છે. જેમાં ૫૦૦થી વધારે બાંધકામો ખડકી દેવામાં આવ્યા છે. અને તળાવમાંથી નિકળતી પાણીની લાઈનો પર મકાનોનું બાંધકામ કરી દેવામાં આવ્યું છે.




અજબ તળાવની ચારેય બાજુ ઝૂંપડાં અને ગંદકી છે. તળાવમાં પાણીનું ટીપું પણ નથી. એની જગ્યાએ ઘાસ ઊગેલું હતું. રાજા-રાણી તળાવમાંથી પાણીની ૨ ફીડરલાઈન પસાર થાય છે. અગાઉ બંને લાઈન ચાલુ હતી, પરંતુ એક લાઈનમાં વારંવાર લીકેજ થતું હોવાથી લાઈનને બંધ કરાઈ હતી.

સૂત્રો મુજબ આ લાઈનમાં ઈરાદાપૂર્વક ભંગાણ કરવામાં આવતું હોવાથી એને કાયમી બંધ કરાઈ છે. અત્યારે એક લાઈન ચાલુ છે. લાઈન પર ૧૦૦થી વધુ ઝૂંપડાં બાંધી વસાહત ઊભી કરી છે. હાલ પણ તળાવમાં કોન્ક્રીટના બ્લોક નાખી બેરોકટોક પુરાણ કરવામાં આવી રહ્યું છે. આજુબાજુમાં હિન્દુ અને મુસલમાનો સાથે રહે છે. તેઓએ વ્યથા ઠાલવતા જણાવ્યું કે, અહીં ગંદકી રહે છે. કોઈ અધિકારી કે નેતા જોવા પણ નથી આવતા, વરસાદમાં તો ઘર બહાર નીકળવું મુશ્કેલ બને છે. અહીં ગેરકાયદે દબાણો ચોક્કસથી છે, એને દૂર કરવાં જોઈએ, પરંતુ સરકારે પહેલા વૈકલ્પિક વ્યવસ્થા કરવી જોઈએ બાદમાં દબાણો દૂર કરવાં જોઈએ.

આ ઐતિહાસિક તળાવ પરથી બે ફીડર લાઈન છેક આજવા સરોવરમાંથી આવી રાજા-રાણી તળાવમાં થઈ શહેરમાં આવે છે. આ લાઈનો પર ગેરકાયદે દબાણો થઈ ગયાં છે. આ સિવાય મેન ફીડર લાઈનમાં ઘણી જગ્યાએ લીકેજ થવાથી રાજા-રાણી તળાવ ભરાયેલું દેખાય છે. જ્યારે એની બાજુમાં અજબ તળાવ ખાલીખમ છે, કારણ કે અજબ તળાવમાં આવતા વરસાદી પાણીની જગ્યાએ (ઘાટ ઉપર) બાંધકામ થયેલું છે, જેના લીધે મહેતાપોળ, બાજવાડા, છીપવાડા, જૂનીગઢી તેમજ આજુબાજુનું પાણી જે-તે સમયે અજબ તળાવમાં ભેગું થતું હતું. એક સમયે પૂર્વ વિસ્તારનું પાણી ખોડિયારનગરથી પણ આ તળાવમાં આવતું હતું, જેની બે ફૂટવાળી દીવાલની મોટી કાંસ એ સમયે સયાજીરાવ ગાયકવાડે બનાવેલી, જે આજે પણ હયાત છે. આ ઐતિહાસિક અજબ તળાવ અને રાજા-રાણી તળાવની વચ્ચે સુંદર એક ઐતિહાસિક દીવાલ છે, જેની ઉપર હાલમાં કબ્રસ્તાનમાં જવા માટે ગેરકાયદે બ્રિજ પણ બનાવવામાં આવ્યો છે. રાજા-રાણી તળાવ પાસે રહેતા હારુનભાઈએ કહ્યું હતું કે, અજબ તળાવ અને રાજા-રાણી તળાવ આસપાસ લોકોએ એવું દબાણ કરી દીધું છે કે તળાવનો રસ્તો પણ બંધ થઈ ગયો છે. માત્ર એક ગલી જેવો રસ્તો છે, જેના કારણે વરસાદનું પાણી ભરાઈ રહે છે. વર્ષે પહેલાં અજબ તળાવ, રાજા-રાણી તળાવ અને રાણી તળાવ બારે માસ ભરાયેલા રહેતાં હતાં. ગંદકી પણ નહોતી, ચોખ્ખું કાચ જેવું પાણી જોવા મળતું હતું, પરંતુ હવે ચારેય બાજુ ગેરકાયદે દબાણોના કારણે ગંદકી જોવા મળે છે.

### ૮ વર્ષ પહેલા કામ અટકાવી દેવાયું

પૂર્વ કાઉન્સિલર વિજય પવારે વર્ષ ૨૦૧૮માં VMCના તત્કાલીન મ્યુનિસિપલ કમિશનર વિનોદ રાવને રજૂઆત કરી હતી. રજૂઆતને ધ્યાને લેતા કમિશનરે સ્થળ તપાસ પણ કરી હતી અને ગેરકાયદે બાંધકામ તોડવા માટે ૨ JCB મશીન પણ આવ્યાં હતાં, પરંતુ પૂર્વ વિસ્તારમાં કોઈ અધિકારીનો કોઈ નેતા સાથે ઝઘડો થતાં એ કામ રહી ગયું હતું. ૨૦૧૯ પછી કોરોના આવી ગયો હતો અને ૨૦૨૦ પછી કોર્પોરેટર નહોતો એટલે રજૂઆત ન કરી શક્યો એટલે આજ સુધી કામગીરી અટકેલી છે. તેમ જણાવ્યું હતું.

# બનાસકાંઠાના વાવમાં ગૌશાળાની ૨૦ ગાયના એરંડા ખાતાં ફૂડ પોઈઝનિંગથી કરુણ મૃત્યુ

## બુકાણામાં હાહાકાર મચ્યો, પશુપાલકોમાં રોષ ફેલાયો : તંત્ર દ્વારા તપાસ

**સમય મિરર | વાવ**

બનાસકાંઠાના વાવમાં ગૌશાળામાં ૨૦ ગાયના મોત થયા હોવાની વાત સામે આવી છે, જેમાં ગાય એરંડા ખાઈ જતા ફૂડપોઝનિંગ થયાનું અનુમાન ખેડૂતોએ લગાવ્યું છે, બુકાણા ગામની ગૌશાળામાં ૨૦ ગાયના મોત થયા હોવાની પ્રાથમિક માહિતી સામે આવી છે, હાલમાં તો તંત્રની ટીમે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે અને પશુ પાલન વિભાગના અધિકારીઓને પણ જાણ કરાઈ છે.



તો ફૂડ પોઈઝનિંગ માણસ હોય કે જાનવર હોય તેને ગરમીના સમયમાં વધારે થતુ હોય છે, ત્યારે આવી જ એક ઘટના વાવમાં બની હતી જેમાં ગૌશાળામાં રહેલી ૨૦ ગાયના મોત થયા છે, તો અન્ય ૧૫ ગાયોને સારવાર આપીને બચાવી લેવામાં આવી છે, સ્થાનિકોનું કહેવું છે કે જંગલ વિસ્તારમાં ગાય ચરવા ગઈ હતી અને તે દરમિયાન એરંડા ખાધા હોય અને તેના કારણે મોત થયું હોઈ શકે છે, ત્યારે પશુ પાલન વિભાગ બનાસકાંઠા દ્વારા સમગ્ર ઘટનાને લઈ તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે.

સમગ્ર ઘટનાને લઈ વાત કરવામાં આવે તો અન્ય ગાયો છે તેને હાલ સારવાર આપવામાં આવી રહી છે અને તેમની તબિયત પણ સુધારા પર હોવાની વાત સામે આવી છે, તો ખેડૂતો ખાસ કરીને ગરમીના સમયમાં પશુને શું ખોરાક આપવો તેને લઈ પણ ધ્યાન રાખવું જોઈએ કેમકે ગરમીના સમયમાં ફૂડ પોઈઝનિંગની ઘટના વધુ બનતી હોય છે, સમગ્ર ઘટનામાં હાલ તપાસનો ધમધમાટ પણ શરૂ કરવામાં આવ્યો છે અને જે એરંડા છે તેના નમૂના પણ લેવામાં આવ્યા છે.

ગત વર્ષ કરેલી દરખાસ્તને શિક્ષણ વિભાગની લીલીઝંડી

# નવા શૈક્ષણિક વર્ષથી સરકારી શાળાના છાત્રોને મળશે ટ્રાન્સપોર્ટેશનની સુવિધા

**સમય મિરર | ગાંધીનગર**

સરકારી સ્કૂલના વિદ્યાર્થીઓને વિનામૂલ્ય પરિવહન સેવાનો લાભ આપવા માટે ગત વર્ષે ૨૦૨૪માં કરાયેલા ઠરાવ અંતર્ગત રાજ્યની પ્રાથમિક સ્કૂલો બાદ હવે સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક સ્કૂલોમાં અભ્યાસ કરતા ૧.૬૬ લાખ વિદ્યાર્થીઓને ટ્રાન્સપોર્ટેશનની સુવિધાનો લાભ મળશે.

શિક્ષણ વિભાગ દ્વારા આ વિદ્યાર્થીઓ પણ ઘરેથી સ્કૂલ જવા માટે પરિવહનની સેવાનો લાભ લઈ શકે તે માટે દરખાસ્ત મંગાવવાનું નક્કી કર્યું છે. જેમાં ૭ મે સુધીમાં દરખાસ્ત મળ્યા બાદ ૧૨ મે સુધીમાં મંજૂરીની કાર્યવાહીપૂર્ણ કરવામાં આવશે. વિદ્યાર્થીના ઘરથી ૫ કિ.મી. કરતા વધુ દૂર આવેલી સ્કૂલ માટે પરિવહન યોજનાનો લાભ મળશે.



સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોના વિદ્યાર્થીઓ માટે શિક્ષણ વિભાગ દ્વારા ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમની બસોમાં શાળા સુધી મુસાફરી કરી શકે તે માટે વિદ્યાર્થી કન્સેશન પાસની સુવિધા આપવામાં આવેલી છે. ઉપરાંત સરકારી પ્રાથમિક અને માધ્યમિક સ્કૂલોના વિદ્યાર્થીઓને ઘરથી શાળા સુધીના અંતરના નિયમો મુજબ શાળા પરિવહનની સુવિધા નિયત સંખ્યાની મર્યાદામાં ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

# ગુજરાતના નેશનલ-એક્સપ્રેસ હાઈવે પર બનાવાશે ૫૬થી વધારે એમેનિટીઝ

## ૪૦-૬૦ કિલોમીટરે વાહન ચાલકોને સુવિધા મળશે

**સમય મિરર | અમદાવાદ**

દેશના નેશનલ હાઈવે તેમજ વિવિધ એક્સપ્રેસ વે પર ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત બનાવીને નાગરિકોની સુવિધાઓમાં વધારો કરવા માટે કેન્દ્ર સરકારે વધુ એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. કેન્દ્રીય માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ રાજ્યસભામાં જણાવ્યુ હતું કે દેશના અલગ અલગ નેશનલ હાઈવે અને એક્સપ્રેસ વે પર ૫૦૧ વેસાઈડ એમેનિટીઝ (WSAs) બનાવવાની મંજૂરી આપી છે.

જેમાં ગુજરાતની ૫૬ એમેનિટીઝનો સમાવેશ થાય છે. આ મંજૂરી મળવાથી ગુજરાતનું હાઈવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર વધુ મજબૂત બનશે અને નાગરિકોને વધુ સુવિધાઓ



ઉપલબ્ધ થશે. કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે અત્યારે ૫૦૧ WSAsની મંજૂરી આપવામાં આવી છે જેમાંથી ૯૪ કાર્યરત છે. વર્ષ ૨૦૨૮-૨૯ સુધી ૭૦૦થી વધારે WSAs સ્થાપિત કરવાનો સરકારનો ઉદ્દેશ છે. ગુજરાતમાં ૫૬ WSAsમાંથી અત્યારે ૯ કાર્યરત છે.

વેસાઈડ એમેનિટીઝ એટલે મોટા હાઈવે પર રસ્તાની આસપાસ જરૂરી સુવિધાઓ માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવું. મોટા હાઈવે અને એક્સ્પ્રેસવે પર પસાર થતા વાહનો માટે આ WSAs પર પાર્કિંગ, ચાર્જિંગ સ્ટેશન, ગુણવત્તાસભર ખાણીપીણીની સુવિધા, રેસ્ટરૂમ અને મેડિકલ સુવિધાઓ ઉપલબ્ધ બનશે. સરકાર દ્વારા ૪૦થી ૬૦ કિલોમીટરના અંતરે WSAs વિકસિત કરવામાં આવશે. આ WSAsમાં નાના વ્યવસાયકારો અને સ્થાનિક કારીગરોને પ્રોત્સાહન આપવા માટે ખાસ ઝોન બનાવવામાં આવશે. તેમજ સ્થાનિક ઉત્પાદનોના વેચાણ માટે વિલેજ હાટ જેવી સુવિધાઓ પણ પ્રદાન કરવામાં આવશે. રાજ્યમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં વિકસિત થઇ રહેલા ગુજરાતના રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર આ સુવિધાઓના નિર્માણથી રોજગારીની તકો પણ વધશે.

# વેકેશનનો પ્રારંભ : રેલવે સ્ટેશનનો પર મુસાફરોની ભારે ભીડ

## ઉનાળાની રજાઓમાં હિલ સ્ટેશન સહિતના સ્થળોએ વેકેશન માણવા ઉપડતા સહેલાણીઓ : તંત્ર દ્વારા ખાસ વ્યવસ્થા ગોઠવાઈ

**સમય મિરર | સુરત**

ગુજરાતમાં આજે બોર્ડ દ્વારા ધો. ૧૨ નું પરિણામ જાહેર થવાની સાથે વિધિવત ઉનાળુવેકેશનનો પ્રારંભ થયો છે. ઉનાળાની રજાઓ શરૂ થતાં જ લોકો બહોળી સંખ્યામાં ફરવા નિકળી જતાં રેલવે સ્ટેશન, બસડેપો સહિત પરિવહનના સ્થળોએ મુસાફરોની ભારે ભીડ જોવા મળી રહી છે. ખાસ કરીને ટ્રેનમાં સૌથી વધારે પ્રવાસીઓનો ધસારો છે લાંબી મુસાફરી માટેલોકો ટ્રેનને આરામ દાયક સવારી માણી રહ્યા છે. અને હાલ પશ્ચિમ રેલવેની મોટા ભાગની ટ્રેનો હાઉસફૂલ જોવા મળી રહી છે.

હાલમાં ઉનાળાના વેકેશનના કારણે આજે એક જ દિવસમાં ઉધના રેલવે સ્ટેશન પર મુસાફરોની ભારે ભીડ જોવા મળી હતી. મુસાફરોની ભીડ જોતા પશ્ચિમ રેલવે દ્વારા ત્રણ ખાસ સહિત કુલ પાંચ ટ્રેનોની વ્યવસ્થા કરવામાં આવી હતી.



જેથી ઉધના રેલવે સ્ટેશનથી લગભગ ૧૭,૦૦૦ મુસાફરોને વતન મોકલવાનો રેકોર્ડ બન્યો છે. ઉનાળાની રજાઓમાં સુરત અને ઉધના રેલવે સ્ટેશનો પર પોતાના વતન જતા મુસાફરોની ભારે ભીડ જોવા મળી રહી છે.

ઉધના રેલવે સ્ટેશન પર મુસાફરોની ભીડ જામવા લાગી હતી. હાલના ટિકિટ બુકિંગ ઓફિસમાં ભીડને ધ્યાનમાં રાખીને ત્રણ વધારાની બારીઓ ખોલવામાં આવી હતી. આ ઉપરાંત હોલ્ડિંગ વિસ્તારમાં આવતા મુસાફરો માટે પાંચ બારીઓ પણ શરૂ કરવામાં આવી હતી. મુંબઈ વિભાગના વરિષ્ઠ અધિકારીઓની દેખરેખ હેઠળ, ભીડ વ્યવસ્થાપન ટીમે ઉધના સ્ટેશન પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવ્યો હતો. સ્ટેશન પર આવતા મુસાફરોને ટિકિટ મેળવવાથી લઈને હોલ્ડિંગ એરિયામાં લઈ જવા સુધી મદદ કરવા માટે દરેક ખૂણે પોલીસ અને રેલવે સ્ટાફ તૈનાત કરવામાં આવ્યો હતો. ટિકિટ લઈને આવેલા તમામ મુસાફરોને ફૂટઓવરબ્રિજ દ્વારા પૂર્વ વિસ્તારમાં હોલ્ડિંગ એરિયામાં લાવવામાં આવ્યા હતા.ઉનાળાની વેકેશનની મોસમ ચાલી રહી હોવાથી, ત્રણ વધારાની ખાસ ટ્રેનો ચલાવવામાં આવી છે. આમાં બરૌની માટે એક ટ્રેન અને જયનગર માટે બે ટ્રેનોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ઉધના-જયનગર અંત્યોદય એક્સપ્રેસ અને ઉધના-છાપરા તાપ્તીગંગા એક્સપ્રેસ દ્વારા પણ સાડા સાત હજાર મુસાફરોને વતનમાં મોકલવામાં આવ્યા હતા. પશ્ચિમ રેલવે દ્વારા ઉધનાથી વધુ ટ્રેનો પૂરી પાડવાના પ્રયાસો કરવામાં આવ્યા છે.

### વધારાની ખાસ ટ્રેનો ચલાવાઈ

પશ્ચિમ રેલવેએ ઉધના-જયનગર અંત્યોદય એક્સપ્રેસ પહેલા અને પછી બે વધારાની ખાસ ટ્રેનો ચલાવ્યા પછી, નવી ઉધના-જયનગર અનરિઝર્વ્ડ સ્પેશિયલ દોડાવી, જેનાથી મુસાફરોને મોટી રાહત મળી હતી. ટ્રેન રવાના થયા પછી હોલ્ડિંગ એરિયામાં એક પણ મુસાફર બચ્યો ન હતો. આનાથી સ્થાનિક અધિકારીઓ અને કર્મચારીઓ તેમજ મુંબઈ વિભાગના વરિષ્ઠ અધિકારીઓએ રાહતનો શ્વાસ લીધો હતો.

પરવાનગી મળતા ટ્રેન મારફત મોકલવાની કાર્યવાહી કરાઈ

# રાજ્યમાં ઝડપાયેલા ૨૧૦ બાંગ્લાદેશીને પાંચ દિવસમાં જ કરી દેવાશે ડિપોર્ટ

**સમય મિરર | અમદાવાદ**



અમદાવાદના ચંડોળા તળાવ પાસેથી ગેરકાયદે દબાણો હટાવ્યા ત્યારે આસપાસના વિસ્તારમાં ક્રાઈમબ્રાંચના મેગા ઓપરેશનમાં ૧૯૮ બાંગ્લાદેશી ઝડપાયા હતા. જ્યારે રાજ્યમાંથી ઝડપાયેલા કુલ ૨૧૦ બાંગ્લાદેશીને તેમના દેશ ડિપોર્ટ કરવાની પરવાનગી મળી છે, ત્યારે આ તમામ બાંગ્લાદેશી નાગરિકોને આગામી ૫ દિવસમાં ટ્રેન મારફતે ભારત-બાંગ્લાદેશ બોર્ડર પર લઈ જઈને તેમના બાંગ્લાદેશ પરત મોકલવામાં આવશે.

નોંધનીય છે કે, કોઈપણ વિદેશી નાગરિક ઝડપાયા બાદ તેમને ડિપોર્ટ કરવામાં લગભગ બે મહિના જેટલો સમય લાગતો હોય છે. પરંતુ કેન્દ્ર સરકારની એજન્સી અને ગુજરાત પોલીસ દ્વારા ટૂંકાગાળામાં ઝડપાયેલા બાંગ્લાદેશી નાગરિકોને તેમના દેશ ડિપોર્ટ કરવાની કાર્યવાહી કરવામાં આવી છે. જ્યારે શનિવારે (૩ મે, ૨૦૨૫) અમદાવાદ શહેર પોલીસ કમિશનર જી.એસ. મલિક, અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાની, સંયુક્ત પોલીસ કમિશ્નર ક્રાઈમ બ્રાન્ચ શરદ સિંઘલ અને અન્ય ઉચ્ચ અધિકારીઓએ ચંડોળા તળાવની મુલાકાત લીધી હતી.

# ઉનાના કેસરિયા અને કાજરડી ગામે નિર્માણ પામશે પેટા આરોગ્ય કેન્દ્ર

## રૂા. ૭૨.૪૯ લાખના કામનું ખાતમુહૂર્ત કરાયું

**સમય મિરર । ઉના**

ઉના તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ નાં વરદ્ હસ્તે ઉના નાં કેસરીયા તેમજ કાજરડી ગામે રૂ. ૭૨ લાખ ૪૯ હજારથી વધુ રકમ નાં ખર્ચે બનનાર પેટા આરોગ્ય કેન્દ્રનું ખાતમુહૂર્ત કરાયું હતું.



આ કાર્યક્રમમાં જીલ્લા ભાજપ ઉપપ્રમુખ રાજુભાઈ ડાભી, જીલ્લા પંચાયત સિંચાઈ સમિતિના ચેરમેન લખમણભાઈ બાંભણીયા, તાલુકા પંચાયતના પ્રમુખ એભાભાઈ મકવાણા, પુર્વ તાલુકા ભાજપ પ્રમુખ બાબુભાઈ ચૌહાણ, પુર્વ તાલુકા પંચાયતના પ્રમુખના પ્રતિનિધિ સામતભાઈ ચારણીયા, કેસરીયા ગામના આગેવાનો જીલ્લા પંચાયત ના સદસ્ય રૂડાભાઈ શિંગોડ, સરપંચ, બચુભાઈ શિંગોડ, ઉકાભાઈ સોલંકી, નરસિંહભાઈ શિંગોડ, રાણાભાઈ મકવાણા, ભરતભાઈ સોલંકી, ધીરુભાઈ શિંગોડ, રાજુભાઈ મેવાડા, પાંચાભાઈ મકવાણા, મોહનભાઈ વાજા, માલદેવભાઈ વાળા, કાજરડી ગામના આગેવાનો પુર્વ સરપંચ દેવશીભાઈ ચારણીયા, પુર્વ સરપંચ સાદુળભાઈ ચારણીયા, સામતભાઈ સોલંકી, વિનોદભાઈ ચારણીયા, નાનુભાઈ બાંભણીયા, શામજીભાઈ ચારણીયા, મનજીભાઈ પરમાર સહિતના આગેવાનો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પોરબંદર જિલ્લાની જિલ્લા-તાલુકા, પાલિકાઓ કબ્જે કરવા આમ આદમી પાર્ટીએ રણનીતિ ઘડી

## વિધાનસભા ઈન્ચાર્જની મુલાકાત, કાર્યકર્તાઓને માર્ગદર્શન અપાયું : ઉમેદવારોની સુચી તૈયારી કરાઈ

**સમય મિરર । ગોસા (ઘેડ)**

ઉપલેટા ખાતે નેશનલ હાઈવે રોડ પર સકિટ હાઉસ તા.૦૪/૦૪/ ૨૦૨૫ના આજરોજ પોરબંદર લોકસભા ૧૧ના સંસદિય કાર્યકર્તા મીટીંગ નૂ આયોજન કરવામાં આવ્યું હતું, આ મિટિંગમાં રાજકોટ, જૂનાગઢ અને પોરબંદર જિલ્લાના આપ પ્રમુખોમાં તેજશ પટેલ, હરીશભાઈ સાવલિયા, પરબતભાઇ બાપોદરા, સૌરાષ્ટ્ર ઝોન પ્રભારી માન. રાજુભાઈ બોરખતરિયા, પૂર્વ પ્રભારી માન. નિમીષાબહેન પટેલ, માન. કરસનબાપુ ભાદરકા તેમજ લોકસભા ઇન્ચાર્જ મહેશભાઈ કોટડીયા, પોરબંદર વિધાનસભા ઇન્ચાર્જ ભાર્ગવભાઈ જોશી, કુતિયાણા વિધાનસભા ઇન્ચાર્જ મેરૂભાઇ ઓડેદરા, ગોંડલ,જેતપુર, ધોરાજી, માણાવદર અને કેશોદના ઇન્ચાર્જશ્રીઓ અને નવી દિલ્હીથી ગુજરાત પ્રદેશ સહ પ્રભારી દુર્ગેશ પાઠકજી, ગુલાબ યાદવજી તથા સૌરાષ્ટ્ર ના વિશેષ ઇન્ચાર્જ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

આ તકે પોરબંદર થી શહેર પ્રમુખ ચેતનભાઈ સવજાણી, પ્રતાપભાઈ કેશવાલા અને રાણાવાવ શહેર



ઉપપ્રમુખ ભરતભાઈ રાઠોડ તેમજ પોરબંદર લોકસભા સીટ માં આવતી તાલુકા/જીલ્લા પંચાયત સીટ, પાલિકા સીટો ના પૂર્વ ઉમેદવારો ઉપસ્થિત રહ્યા હતા, આ તકે ઉદબોધન વેળાએ પોરબંદર વિધાનસભાના ઇન્ચાર્જ ભાર્ગવ જોશીએ જણાવ્યું હતુ કે પ્રભારી બન્યા બાદ કરેલી કામગીરીમાં આવનારી ચૂંટણીઓને ધ્યાને રાખીને પોરબંદર જીલ્લા/તાલુકા પંચાયત સીટો માટે પોરબંદર વિધાનસભા માં આવતી કાલે સીટો ના સંભવિત ઉમેદવારો ના નામો તેમને મળી રહ્યા છે, જેની યાદી તૈયાર થઈ રહી છે, જયારે પોરબંદર મહા નગરપાલિકા ની ચૂંટણીના ત્રણ થી ચાર વોર્ડના મળીને દસેક ઉમેદવારોની સૂચિ પણ તૈયાર કરાઈ રહી છે, જેને સપ્ટેમ્બર મહિનામાં પાર્ટીના વરિષ્ઠ પ્રભારીઓના માર્ગદર્શન માટે મોકલી દેવામાં આવશે.

તેમજ પાર્ટીના નવા જુના કાર્યકર્તાઓ અને આગેવાનો તેમજ હોદેદારોમાં સમન્વય (કોમ્યુનિકેશન) સ્થાપવામાં આવી રહ્યું છે, પાર્ટીએ જીલ્લા તાલુકાની ચૂંટણીઓમાં વ્યાપ વધારવાનો હોવાથી સંકુચિત વિચારધારાને વ્યાપક બનાવવા તેઓ કોઈ જ કચાસ બાકી નહીં રાખે. પ્રદેશ સહ પ્રભારી દુર્ગેશજી અને ગુલાબજી એ જણાવ્યું હતું કે ગુજરાતમાં આવી રહેલી તાલુકા જીલ્લા પંચાયતો અને પાલિકાઓ ની ચૂંટણીમાં સત્તા પક્ષના વિકલ્પ તરીકે 'ફફા' ઉભરી રહ્યું છે, ત્યારે દરેક કાર્યકર્તાઓ આંતરિક મતભેદ ભૂલીને સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણીના કામે લાગી જાય તો મિશન '૨૦૨૭ ગુજરાત માં આપ સરકાર' એ દૂર નથી. ઉપસ્થિત મહાનુભાવોએ યથાયોચિત્ત પ્રવચન કર્યું હતું તેમજ પોરબંદર નૂ નામ આ કામે પણ અગ્રીમ રહ્યું હોવાથી જીલ્લા પ્રમુખ પરબતભાઇ એ હાજર સદસ્યોનો આભાર વ્યક્ત કર્યો હતો.

# માંગરોળના હુસેનાબાદમાં ૧૨ વર્ષીય કિશોરનું કૂવામાં પડી જતાં કરુણ મોત

## વ્હાલસોયાના મોતથી પરિવારમાં ઘેરો શોક

**સમય મિરર । માંગરોળ**

આ બાબતની જાણવા મળતી વિગતો એવી છે કે, માંગરોળ તાલુકાના હુસેનાબાદ ગામે રહેતા દાઉદભાઈ જેઠવા નો ૧૨ વરસનો દિકરો ફરહાન સવારે ૧૦ વાગ્યાથી ગુમ થઈ જતા ચારે બાજુ શોધખોળ હાથ ધરી હતી. છેવટે બાજુમાં આવેલા કુવામાં પડી ગયેલ હોવાનું માલુમ પડતા તેમને બહાર નિકળવા માંગરોળ હનીફભાઈ બાબરીયા ઉર્ફે સાવજે ૯૦ ફૂટ ઉંડા કુવામાં રેસ્કયુ કરી લાશ બહાર કાઢી હતી. ઘટનાની જાણ થતાં હુસેનાબાદ ગામના સરપંચ સહિતના આગેવાનો દોડી આવ્યા હતા. પીએમ અર્થે માંગરોળની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. હોસ્પિટલમાં ઘાંચી સમાજ પ્રમુખ મોહમદહુસેન ઝાલા ઝાલા તેમજ હુસેનાબાદ ના સરપંચ હસન ભાઈ પીરજી તેમજ તાલુકા પંચાયત ના સભ્ય અહમદ ભાઈ બતક તેમજ સમાજ ના આગેવાનો તાત્કાલિક સરકારી હોસ્પિટલ દોડી આવ્યા હતા. આ અંગે માંગરોળ પોલીસે તપાસ હાથ ધરી છે.



# સાવરકુંડલાના મેંકડામાં ભાગવત કક્ષામાં મહારક્તદાન કેમ્પ યોજાયો

## પિડિતો માટે દાતાઓ દ્વારા રક્તનું દાન કરાયું



**સમય મિરર । સાવરકુંડલા**

સાવરકુંડલા તાલુકાના મેંકડા ગામે ગામ સમસ્ત આયોજિત લાલજી મંદિરે શ્રીમદ ભાગવત સપ્તાહ દરમિયાન આયુષ આરોગ્ય મંદિર મેંકડાના સહયોગથી ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી સાવરકુંડલા તાલુકા બ્રાંચ દ્વારા રકતદાન કેમ્પ યોજાયો હતો. આ રક્તદાન કેમ્પમાં બહોળી સંખ્યામાં રક્તદાતાઓએ ઉપસ્થિત રહીને રકતદાન કરેલ. એમ ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી સાવરકુંડલાના મેહુલભાઈ વ્યાસ દ્વારા જણાવવામાં આવ્યું હતું.

# વેરાવળની દર્શન સ્કૂલની વિદ્યાર્થિની દ્રષ્ટિ મુલચંદાણી કેન્દ્રમાં પ્રથમ, ૯૯.૯૦ પર્સન્ટાઈલ

## સમગ્ર ગુજરાતમાં દસમું સ્થાન, શાળાનો બોર્ડમાં દબદબો યથાવત : રાસ-ગરબા સાથે ઉજવણી

**સમય મિરર । વેરાવળ**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા ધો ૧૨ કોમર્સ (H.S.C) નું પરીણામ જાહેર કરવામાં આવેલ હતું. તેમાં દર્શન

ઉચ્ચતર માધ્યમિક શાળા વેરાવળનું અદભૂત રેકોર્ડબ્રેક પરીણામ આવેલ છે. જેમાં દર્શન સ્કુલના વિદ્યાર્થીની મુલચંદાણી દ્રષ્ટિ એ ૯૯.૯૦ P.R. સાથે A1 ગ્રેડ સાથે સમગ્ર ગુજરાતમાં દસ મું સ્થાન તથા વેરાવળ કેન્દ્રમાં પ્રથમ ક્રમાંક મેળવેલ છે. જ્યારે બારડ બંસરી એ ૯૯.૩૯ P.R સાથે A1 ગ્રેડ સાથે દ્રિતિય ક્રમાંક તથા સુયાણી વંશીકા એ ૯૯.૩૦ P.R. સાથે તૃતીય ક્રમાંક મેળવેલ છે. ચુડાસમા કોમલ ને વાણિજ્ય વ્યવસ્થા વિષયમાં ૧૦૦ માંથી ૧૦૦ ગુણ પ્રાપ્ત કરેલ છે. સમગ્ર બોર્ડનું પરીણામ ૯૩.૦૭ ટકા છે જયારે ગીર સોમનાથ જિલ્લાનું પરીણામ ૯૩.૪૬ ટકા આવેલ છે. વેરાવળ કેન્દ્રનું પરીણામ ૮૯.૦૭ ટકા છે. જયારે દર્શન સ્કુલનું



પરીણામ ૯૮.૨૭ ટકા આવેલ છે.

મુલચંદાણી દ્રષ્ટિના પિતા મકાનની દલાલી (બ્રોકર) નું કામ કરે છે. અને તેના માતા ગૃહિણી છે તેમને પૂછતાં જણાવેલ છે હવે આગળ એમને CA ની કારકિદી બનાવવાની મહત્વકાંક્ષા છે. અને શાળાના પ્રમુખ ભુપેન્દ્રભાઇ વિઠલાણી નાં માર્ગદર્શન તથા માતા પિતાને પોતાના શ્રેષ્ઠ પરીણામ માટે યશ આપેલ છે. તથા બારડ બંસરી નાના એવા કાજલી ગામની વતની છે. અને તેના પિતા ફાર્મર (ખેડૂત) છે. અને તેના માતા ગૃહિણી છે તેમને પૂછતાં જણાવેલ છે હવે આગળ એમને Management નો કોર્ષ કરીને I.I.M માં પ્રવેશ મેળવી કારકિદી બનાવવાની મહત્વકાંક્ષા છે. સુયાણી વંશિકા ના પિતા ફિશીંગ કરે છે. અને માછીમાર ની દિકરી છે. તેના માતા ગૃહિણી છે તેમને પૂછતાં જણાવેલ છે હવે આગળ એમને Management નો કોર્ષ કરીને IAS બનાવવાની મહત્વકાંક્ષા છે.

શાળાના સંચાલક ભૂપેન્દ્રભાઇ વિઠલાણી જણાવેલ કે દર્શન સ્કુલમાં ધો.૧૨ સાયન્સમાં અને કોમર્સમાં શ્રેષ્ઠ પરીણામ સાથે વિદ્યાર્થીના ટકાવારીના ધ્યેયને પૂરા કરી શકે છે. શિશ્ત અને સંસ્કારનું સિંચન કરે છે દર વર્ષે અમારી શાળામાંથી સરકારી મેડીકલ કોલેજમાં પ્રવેશ મેળવી શકે છે. સાયન્સના વિદ્યાર્થીઓ માટે સમૃધ્ધ લેબની સુવિધા છે. દર્શન સ્કુલ ગીર સોમનાથ જીલ્લાનું ગૌરવ બનેલ હોવાનું એક યાદીમાં જણાવ્યું છે.

# દીવ-ગોવા હવાઈ સેવાનો તા. ૧૬મીથી પ્રારંભ, અઠવાડિયામાં પાંચ 'દિ સંચાલન

## સ્ટાર એર કંપની દ્વારા જાહેરાત, પ્રવાસીઓમાં આનંદની લાગણી

**સમય મિરર । દીવ**

દીવથી ગોવા અને ગોવાથી દીવની સ્ટાર એર કંપનીની ફ્લાઈટનો તા. ૧૬મે શુક્રવારે પ્રારંભ થશે. દીવમાં વધુ એક ફ્લાઈટ સેવા શરૂ થવાથી દીવનો પર્યટન ક્ષેત્રે વધુ વિકાસ પણ થશે.



હાલ, દીવમાં દીવથી મુંબઈ, દીવથીસુરત અને દીવથી અમદાવાદ ફ્લાઈટની સેવા કાર્યત છે. અને દીવથી દમણ હેલીકોપ્ટરની સેવા ચાલુ છે. હવે દીવથી ગોવાની ફ્લાઈટ તા. ૧૬મે ના રોજ પ્રારંભ થશે.

દીવથી ગોવા જવાનો ફ્લાઈટનો સમય સાંજે ૫:૫૦ રહેશે અને ૭:૨૦ ગોવા પહોંચશે ગોવાથી આ ફ્લાઈટ ૩:૫૦ દીવ માટે નિકળશે અને ૫:૨૦ દીવ પહોંચશે. સપ્તાહમાં પાંચ દિવસ આ સેવા મળશે મંગળ અને બુધ બંધ રહેશે. ફ્લાઈટની ટિકિટનો દર શરૂઆતમાં રૂ. ૧૫૯૯ રહેશે. નજીકના સમયમાં દીવથી દિલ્હી પણ ફ્લાઈટ શરૂ થવાની સંભાવના છે.

# સાવરકુંડલામાં ભાજપ આયોજીત નાવલી પ્રીમીયમ લીગ ટુર્નામેન્ટ અંતિમ ચરણમાં

## ભાજપ આગેવાનોએ મુલાકાત લઈ જુસ્સો વધાર્યો

**સમય મિરર । સાવરકુંડલા**

સાવરકુંડલા શહેરમાં ધારાસભ્ય મહેશભાઈ કસવાળાની પ્રેરણાથી ભાજપ પરિવાર દ્વારા સાવરકુંડલા લીલીયા વિધાનસભા આયોજિત નાવલી પ્રીમિયમ લીગ ( ગ્ડક્ક) ના નામથી ક્રિકેટ મેચનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે સાવરકુંડલા શહેરમાં નવા બની રહેલા સ્પોર્ટ સંકુલના વિશાળ મેદાનમાં દરરોજ સાંજે સાતથી બાર કલાક સુધી નાવલી પ્રીમિયમ લિંગની મેચો રમાઈ રહી છે. રવિવારના સાવરકુંડલા શહેરમાંથી ઈલેક્ટ્રીક કાંટાના અગ્રણી વેપારી પંકજભાઈ નગદીયા, રાજકોટથી સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિના મંત્રી પરાગભાઇ ત્રિવેદી, વેપારી અગ્રણી કેતનભાઈ હિંગુ, ભાવેશભાઈ સભાયા, જીરા ગામના વતની અને સહકારી ખરીદ વેચાણ સંઘના સતિષભાઈ મહેતા, તાલુકા પંચાયતના પ્રમુખ જીતુભાઈ કાછડીયા ગ્રામ્ય વિસ્તારમાંથી તાલુકા ભાજપ પ્રમુખ રજનીભાઇ ડોબરીયા, તાલુકા ભાજપ મહામંત્રી પ્રકાશભાઇ પાનસુરીયા, વિપુલભાઈ શિંગાળા, મહેશભાઇ ભાલાળા સહિત આગેવાનોએ



હાજરી આપી હતી અને ખેલાડીઓને તેમજ આયોજકોને પ્રોત્સાહિત સાહિત કર્યા હતા અહીં શહેર ભાજપ પ્રમુખ અનીરુધ્ધસિંહ રાઠોડ અને મહામંત્રી મોહિત સુદાણી સાથે ભાજપની સમગ્ર ટીમ દ્વારા ક્રિકેટ મેચની સફળ વ્યવસ્થા કરવામાં આવી રહી છે તેથી તેને પણ અભિનંદન આપ્યા હતા. અમરેલી જિલ્લામાં પણ પ્રથમવાર જ કહી શકાય તેવા આધુનિક અને વિશાળ મેદાન ખાતે ક્રિકેટ મેચનું આયોજન કરાયું હોય ક્રિકેટ રસિકોમાં વિશેષ આનંદની લાગણી ફેલાઈ છે.

# કુતિયાણામાં સગીરાનું અપહરણ કરી દુષ્કર્મ આચરનાર આરોપી આખરે ૧૦ વર્ષે ઝડપાયો

## ૨૦૧૫થી હાથતાળી આપતા શખ્સને ઝડપવામાં પોરબંદર એલસીબીને મળેલી સફળતા

**સમય મિરર । ગોસા (ઘેડ)**

પોરબંદર જિલ્લા ના કુતિયાણા પોલીસ સ્ટેશનના એક સગીર વયની દીકરીનું બિહાર નો એક શખ્સ અપહરણ કરીને તેમના વતનમાં લઈ ગયો હતો. અને તેની સામે અપહરણ તથા પોસ્કો મુજબનો ગુન્હો સને ૨૦૧૫ માં નોંધાયેલો હતો. અને ત્યારથી તે નાસતો ફરતો હતો. પોરબંદર એલ સી. બી.ની ટીમને ટેક્નિકલ વર્કથી માહિતી મેળવી સદર ગુન્હાનો આરોપી કુતિયાણા ના ટેરી ગામના પાટિયા પાસે આવેલ હોવાની હકીક્ત ના આધારે એલ. સી.બી એ મજકુર આરોપીને પકડી પાડી આગળની કાર્યવાહી કરવા માટે કુતિયાણા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

કુતિયાણા પોલીસ સ્ટેશનમાં ગુ.ર. નં. ફસ્ટ -૪૭ /૨૦૧૫ આઈ. પી. સી. ક. ૩૩૬, ૩૬૬, ૩૭૬, ૧૧૪ તથા પોસ્કો એક્ટ ની કલમ ૪, ૬, ૮ મુજબનો ગુનો સને ૨૦૧૫ માં નોંધાયેલ હોય અને સદરહુ ગુન્હામાં આરોપી તરીકે પ્રદીપકુમાર લાલચંદ મહેરા ફરિયાદી ની સગીર વયની દીકરીનું અપહરણ કરી બિહાર ખાતે પોતાના વતનમાં લઈ ગયેલ હોય જેથી તુરંત જ પોરબંદર પોલીસ દ્વારા બિહાર ખાતે તપાસ માં જઈ ભોગ બનનાર ફરિયાદીની સગીરવયની દીકરીને લઈ આવેલ હતી.અને ભોગ બનનારની પુછપરછ કરતા આરોપીએ ભોગ બનનાર સાથે વારંવાર શરીર સબંધ બાંધેલ હોવાનું જણાવેલ હતું.



એલ.સી.બી.ઈન ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર આર કે. કાંબરીયા ના માર્ગદર્શન મુજબ ઉપરોક્ત ગુનાના આરોપીઓ ને શોધી કાઢવા માટે પ્રયત્ન શીલ હોય તે દરમ્યાન પોલીસ કોન્સ્ટેબલ નટવરભાઈ ઓડેદરા એ સદર કેસના કાગળોનો અભ્યાસ કરી ફળદાયક માહિતી મેળવી તે માહિતી પર એ.એસ.આઈ રાજેન્દ્રભાઈ જોશી તથા હેડ કોન્સ્ટેબલ ઉપેન્દ્રસિંહ જાડેજા તથા નાથીબેન કુછડીયા નાઓ ટેક્નિકલ વર્ક કરી માહિતી મેળવેલ કે સદર ગુન્હા નો ગેજેટ પ્રસિદ્ધ ૧૦ વર્ષથી નાસતો ફરતો આરોપી પ્રદીપકુમાર લાલચંદ મહેરા હાલ કુતિયાણા ટેરી ગામના પાટિયા પાસે આવેલ છે. તપાસ કરતા આરોપી પ્રદીપકુમાર લાલચંદ મહેરા ઉ. વ. ૨૮ રહે, બરાહી, પોસ્ટ ઓફિસ પરડીયા, વોર્ડ નં. ૧૨, બરાહી, સહરસા, બિહાર વાળો મળી આવતા મજકુર આરોપી ને ઉપરોક્ત ગુન્હા કામે પકડવાનો બાકી હોય તેથી વધુ પુછ પરછ અર્થે હસ્તગત કરી આગળની કાર્યવાહી કરવા માટે કુતિયાણા પોલીસ સ્ટેશન ખાતે સોંપી આપેલ છે.

આ કામગીરી કરનાર અધિકારી /કર્મચારીઓમાં એલ.સી.બી.ઈન ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર આર કે. કાંબરીયા,એ. એસ.આઈ રાજેન્દ્રભાઇ જોશી તથા હેડ કોન્સ્ટેબલ ઉદયભાઈ વરૂ સલીમભાઈ પઠાણ, ગોવિંદભાઈ મકવાણા, ઉપેન્દ્રસિંહ જાડેજા, રણજીતસિંહ દયાતર, હિમાંશુભાઈ મક્કા, મુકેશભાઈ માવદીયા, કુલદીપસિંહ જાડેજા, લક્ષ્મણભાઈ ઓડેદરા, વુમન હેડ કોન્સ્ટેબલ નાથીબેન કુછડીયા, પોલીસ કોન્સ્ટેબલ નટવરભાઈ ઓડેદરાવિગેરે રોકાયેલ હતા.

# ઘોઘલાની સરકારી શાળાના છાત્રોને પક્ષીઘર-પાણી કુંડાનું વિતરણ કરાયું



**સમય મિરર । દીવ**

ઘોઘલા સરકારી શાળામાં એનએસએસ વિદ્યાર્થીઓને પાણીના કુંડા અનેપક્ષીઘરનું વિતરણ કરવામાં આવ્યું હતું.

સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા ઘોઘલામાં એનએસએસ યુનિટના વિદ્યાર્થીઓને શાળાના આચાર્ય જે.કે. પટેલ અને એનએસએસ યુનિટના શિક્ષક નરેશ બામણીયાના હસ્તે પક્ષીઓ માટે પાણીના કુંડા અને પક્ષી ઘર આપવામાં આવ્યા હતાં.

શાળામાં એનએસએસ યુનિટ કાર્યરત છે. જેમાં ધોરણ ૧૧ અને ૧૨ના વિદ્યાર્થી ભાઈ-બહેનો છે. ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ વર્ષ દરમિયાન અનેક પ્રવૃતિઓમાં જોડાયેલા રહે છે.

આ પ્રસંગે સહાયક શિક્ષિકા શર્મિલાબેન દિવેચા અને શાળાના શર્મિલાબેન દિવેચા અને શાળાના શિક્ષક ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતાં.

# પોરબંદરના ટુકડા ગોસા સરકારી શાળાના આચાર્યની બન્ને પુત્રીઓ બેડમિન્ટનમાં પ્રથમ

## અંડર-૧૨ અને ૧૪માં જિલ્લાકક્ષાએ શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું

**સમય મિરર । ગોસા(ઘેડ)**

પોરબંદર તાલુકાના ગોસા(ઘેડ)ના મુળ વતની અને હાલ પોરબંદર ખાતે રહેતા તેમજ પોરબંદર તાલુકાની સરકારી ટુકડા ગોસા પ્રાથમિક શાળાના ઈર્ફિ આચાર્ય, કેળવણી નિરીક્ષક અને પોરબંદર જિલ્લા મુખ્ય શિક્ષક એચ ટાટ સંઘના પ્રમુખ ઓડેદરા મુરુભાઈ સાજણભાઈ ની બંને પુત્રીઓ હીર મુરુભાઈ ઓડેદરા અને પ્રીત મુરુભાઈ ઓડેદરાએ ખેલ મહાકુંભ ૨૦૨૫ અંતર્ગત બેડમિન્ટન ઈવેન્ટમાં પોરબંદર જિલ્લા કક્ષાએ અંડર ૧૨ અને અંદર ૧૪ માં બંને દીકરીઓએ શ્રેષ્ઠ પ્રદર્શન કરી બંનેએ પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો છે

ત્યારે બેડમિન્ટન ઈવેન્ટમાં પણ પોરબંદર જિલ્લા કક્ષાએ પ્રથમ ક્રમે આવ્યા બાદ ઝોન કક્ષાએ અને બરોડા ખાતે વાઘોડિયા સ્પોર્ટ સંકુલ માં તા .૧૮/૦૪/૨૫ થી ૨૭/૦૪/૨૫ સુધી



તસવીર : વિરમ કે. અગઠ

યોજાયેલ રાજ્ય કક્ષાની બેડમિન્ટન ઈવેન્ટમાં ખૂબ જ શ્રેષ્ઠતમ પ્રદર્શન કરી ગોસા(ઘેડ) ગામ ,ટુકડા ગોસા પ્રાથમિક શાળા,કેન્દ્રીય વિદ્યાલય પોરબંદર અને પોરબંદર જિલ્લાનું તેમજ મહેર જ્ઞાતિનું ગૌરવ વધારેલ છે તે બદલ બંને દીકરીઓને સમસ્ત મહેર સમાજ તરફથી ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છા પાઠવવામાં આવેલ છે.

હીર ઓડેદરાએ કેન્દ્રીય વિદ્યાલયની ઓલ ઈન્ડીયા તાર્ઝાર્તિ ળયર્યા ૨૦૨૫ શાળા કક્ષાએ પ્રથમ,કલસ્ટર કક્ષાએ પ્રથમ, રિજનલ કક્ષાએ અને રાજ્ય કક્ષાએ સુરત ખાતે અંદર ૧૪ બેડમિન્ટન ગર્લ્સમાં હિર ઓડેદરા એ શ્રેષ્ઠ પ્રદર્શન કરી નેશનલ કક્ષાએ પસંદગી પામી છે અને આગામી સમયમાં તિરુવન તમપુરમ ખાતે નેશનલ બેડમિન્ટન માં ભાગ લેવા જાશે.

# ઉનાના સોનારી ગામના પર્યાવરણ પ્રેમી દંપતીનું સરકાર દ્વારા સન્માન

## શિક્ષક પતિ-પત્નીને પ્રમાણપત્ર એનાયત કરાયું

**સમય મિરર । ઉના**

ગાંધીનગર ટાઉન હોલ ખાતે ગુજરાત રાજ્યના ૩૩ જિલ્લાઓના કુલ ૨૫૨૫ પર્યાવરણ પ્રેમી શિક્ષકોનો એક ભવ્ય સન્માન સમારોહ કાર્યક્રમ યોજાયો હતો જેમાં માધવ ચેરીટેબલ ટ્રસ્ટ કપડવંજ, બ્રહ્મ સમાજ સેવા ટ્રસ્ટ મહેસાણા ,અનંતા એજ્યુકેશન અને વેદ ઈન્ટર નેશનલ સ્કૂલ સરગાસણના સયુંકત ઉપક્રમે ભવ્યાતિભવ્ય કાર્યક્રમ નાં અધ્યક્ષ પદે ગુજરાત રાજ્ય નાં શિક્ષણમંત્રી કુબેરભાઈ ડીંડોર, માધ્યમિક શિક્ષણના ઉપસચિવ પુલકિત ભાઈ જોષી, જી. સી. ઈ. આર.ટી. સચિવ ડુમરાળીયા ખાસ ઉપસ્થિત રહ્યા હતાં

જેમાં સમગ્ર ગુજરાત નાં ૩૩ જિલ્લા નાં શિક્ષકો ને પોતાની શાળામાં શ્રેષ્ઠ પર્યાવરણ પ્રકૃતિ નાં એવોર્ડ ની પસંદગી કરાઇ હતી જેમાં ગીર સોમનાથ



જિલ્લાના કુલ ૨૦ શિક્ષકો પૈકી ઉના તાલુકાની સોનારી પ્રાથમિક શાળાના શિક્ષક દંપતી શિંગડ ભરતકુમાર આર.અને ચુડાસમા વિજયાબેન બન્ને ને તેમની સ્કૂલની પર્યાવરણ પ્રવૃતિઓ માટે સુંદર જાળવી અને પર્યાવરણ પ્રકૃતિ નાં માધ્યમ થી શાળા નું ઉમદા વાતાવરણ ઊભું કરવા બદલ શિલ્ડ, અને પ્રમાણપત્ર અન્ય મોમેન્ટો આપી સન્માનિત કરાયાં હતાં આ શિક્ષકમિત્રોના ઉમદા કાર્યની રાજ્ય કક્ષા સુધી નોંધ લેવાતા સોનારી શાળા પરિવાર અને ગ્રામજનોમાં ખુશીની અને ગૌરવની લાગણી અનુભવી હતી

# ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા ફરતા રથનું સાવરકુંડલા બ્રાન્ચમાં થયું આગમન

## સંસ્થા દ્વારા થતી વિવિધ સેવા પ્રવૃત્તિ અંગે લોકોને માહિતી અપાઇ

**સમય મિરર । સાવરકુંડલા**

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા એક રેડક્રોસ રથ સમગ્ર ગુજરાતમાં રેડક્રોસ પ્રવૃતિને ઉજાગર કરવા ભ્રમણ કરી રહ્યું છે અને રેડક્રોસની માનવતા સભર પ્રવૃત્તિઓનો પ્રચાર પ્રસાર કરી અને લોકોને, વિદ્યાર્થીઓને તેમાં જોડવાનો કાર્ય થઈ રહ્યું છે. તારીખ ૪ મે ૨૦૨૫ રવિવારના રોજ આ રથનું સાવરકુંડલા નગર ખાતે આગમન થયું હતું જેનું રેડક્રોસ સાવરકુંડલા બ્રાન્ચ દ્વારા પુષ્પોથી ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું રેડક્રોસ સાવરકુંડલા બ્રાન્ચના પ્રમુખ સેક્રેટરી તથા કાર્યકારી સભ્યો તથા વી.ડી. કાણકીયા કોલેજના આચાર્ય, કો-ઓર્ડીનેટર તથા યુથ રેડક્રોસ ક્લબના વિદ્યાર્થીઓ દ્વારા આ રથનું પુષ્પોથી સ્વાગત કરવામાં આવ્યું અને ત્યારબાદ મહુવા રોડ સ્થિત ડો. પીપળીયાની હોસ્પિટલ ખાતે એક



અભિવાદન સમારંભ યોજાયો હતો. રેડક્રોસ સોસાયટીના ચેરમેન ડો. વડેરા, સેક્રેટરી મેહુલભાઈ વ્યાસ, વાઇસ ચેરમેન ડો.પીપળીયા, એક્ઝીક્યુટીવ મેમ્બર ડો. રાવલ, ડો.સંઘવી, ડો. ભરતભાઈ દોશી તથા કાણકીયા કોલેજના આચાર્ય ડો. રવિયા તેમજ યુથ રેડક્રોસ કો-ઓર્ડીનેટર ડો. દેસરાણી તથા રેડક્રોસ સ્વયંસેવક મહિલા પાંખના બહેનો અને કાણકીયા કોલેજના વિદ્યાર્થીઓ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

રેડક્રોસ ગુજરાત તરફથી પ્રકાશભાઈ, જીગરભાઈ, ભાવિનભાઈ રેડક્રોસ રથની સાથે સૌરાષ્ટ્ર ભ્રમણ પર છે. તેઓનું પુષ્પગુચ્છ અને શાલ ઓઢાડીને અભિવાદન કરવામાં આવ્યું. જે રથનું સાવરકુંડલા ખાતે પુષ્પવૃષ્ટિ થકી ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. મેહુલ વ્યાસના ધર્મપત્ની પૂજાબેન વ્યાસ દ્વારા રથની આરતી કરવામાં આવી.

# ડિજીટલ યુગમાં ગૃહ, વાહન-વ્યવહાર, રમત-ગમત વિભાગના પ્રશ્નોનું ઈ-મેઈલ દ્વારા નિવારણ લાવતા મંત્રી હર્ષ સંઘવી

## એક વર્ષમાં ઈ મેઈલ પર કુલ–૨૫૩૩ પ્રશ્નો તેમજ રજૂઆતો સામાન્ય નાગરિકો તરફથી મંત્રીને મળી, ખૂબ ટૂંકા સમયમાં મોટા પ્રમાણમાં રજૂઆતોનો સુખદ નિકાલ આવ્યો

**સમય મિરર | રાજકોટ**

ડિજીટલ યુગમાં રાજ્યના સામાન્ય નાગરિકો તેમજ ચૂંટાયેલા પ્રતિનિધિઓને ગાંધીનગર સુધી ધક્કો ન ખાવો પડે તેની ચિંતા કરીને સમસ્યાના સમાધાન માટે તાત્કાલિક અને પારદર્શક વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવા માટે રાજ્યના ગૃહ, વાહન–વ્યવહાર અને રમત–ગમત વિભાગના રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવી ડિજીટલ માધ્યમથી પ્રશ્નોના નિરાકરણ લાવી રહ્યા છે.



એક વર્ષમાં ઈ મેઈલ પર કુલ–૨૫૩૩ પ્રશ્નો તેમજ રજૂઆતો સામાન્ય નાગરિકો તરફથી મંત્રીશ્રીને મળી છે જેમાં ખૂબ ટૂંકા સમયમાં મોટા પ્રમાણમાં રજૂઆતોનો સુખદ નિકાલ આવ્યો છે.

મંત્રી શ્રી હર્ષ સંઘવી કાર્યાલય ખાતે પ્રત્યક્ષ રીતે પ્રત્યેક અરજદારશ્રી, ધારાસભ્યશ્રીઓ, સાંસદશ્રીઓ તથા પદાધિકારીશ્રીઓને સાંભળતા હોય છે. પરંતુ રાજ્યના કોઈ પણ નાગરિક કે જનપ્રતિનિધિ ગૃહ, વાહન–વ્યવહાર અને રમત–ગમત વિભાગ સંબંધિત પ્રશ્નો અને રજૂઆતો માટે ગાંધીનગર ઓફિસ સુધી જવું ન પડે અને ઈ–મેઈલ દ્વારા પોતાની સમસ્યાનું નિરાકરણ મેળવી શકે તે માટે ઈ મેઈલ પર આવેલી ફરિયાદો અને રજૂઆતોના ત્વરિત નિરાકરણ ઉપર પણ ખાસ ભાર મૂક્યો છે.

રાજ્યના નાગરિકો min-homegujarat.gov.in ઈ–મેઈલ આઈડી પર ગૃહ, વાહન–વ્યવહાર અને રમત–ગમત વિભાગ સંબંધિત પોતાના પ્રશ્નો, નિમંત્રણ તેમજ રજૂઆતો મોકલી રહ્યા છે. આ મળતા ઈ–મેઈલની મંત્રીશ્રીના કાર્યાલય સ્તરેથી પ્રામાણિકતાપૂર્વક યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

સૌથી મહત્વની વાત એ છે કે, મંત્રી શ્રી હર્ષ સંઘવી પોતે દરરોજ મળતા ઈ–મેઈલની સમીક્ષા કરે છે અને સંબંધિત વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીને તાત્કાલિક સૂચનાઓ પાઠવે છે. સાથે સાથે, દર મહિનાના પ્રથમ અઠવાડિયામાં સમીક્ષા બેઠક યોજીને, રજૂઆત થયેલા મુદ્દાઓના ઉકેલ અને પ્રગતિ અંગે પણ બારીક સમીક્ષા કરવામાં આવે છે.

આ કાર્યવાહીથી ઈ–ગવર્નન્સને વધુ બળ મળ્યું છે અને સામાન્ય નાગરિકોને પ્રાથમિકતા આપી, સરળ અને ઝડપી વહીવટની દિશામાં આગળ વધી રહ્યા છે.

# જામનગરના દરેડમાં સૌરાષ્ટ્રનું સૌથી મોટું પરશુરામ મંદિર બનશે

## ૬૫ ફૂટ ઊંચા મંદિરનું શંકરાચાર્ય, પૂર્વ CM રૂપાણી સહિત સંતોની હાજરીમાં ભૂમિપૂજન

**સમય મિરર | રાજકોટ**

જામનગર નજીકના દરેડ ગામે આજે સૌરાષ્ટ્રના સૌથી મોટા પરશુરામ મંદિરનું ભૂમિપૂજન સંપન્ન થયું. દરેડ એન્ડ સોશિયલ ડેવલોપમેન્ટ ટ્રસ્ટ દ્વારા નિર્માણ થનારા આ મંદિરનું ભૂમિપૂજન દ્વારકા શારદાપીઠાધીશ્વર જગતગુરુ શંકરાચાર્ય સદાનંદ સરસ્વતીજી મહારાજના હસ્તે કરવામાં આવ્યું હતું.

તક્ષશિલા પરશુરામ ધામ તરીકે ઓળખાનારું આ મંદિર ૨ લાખ ૨૦૦૦ ચોરસ ફૂટના વિશાળ વિસ્તારમાં બનશે. મંદિરની ઊંચાઈ ૬૫ ફૂટ રાખવામાં આવશે અને તેમાં સુંદર નક્શીકામ કરવામાં આવશે. મંદિરના નિર્માણમાં પરશુરામ દાદાના જન્મસ્થળ જાનાપાઉ (મધ્યપ્રદેશ)થી લવાયેલી પવિત્ર રજનો ઉપયોગ ઈંટો બનાવવામાં કરવામાં આવશે.





ભૂમિપૂજન પ્રસંગે પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા, જામનગર ખીજડા મંદિરના મહંત કૃષ્ણમણી મહારાજ, ધારાસભ્ય દિવ્યેશ અકબરી, રીવાબા જાડેજા સહિત અનેક સંતો–મહંતો અને બ્રહ્મ સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે શંકરાચાર્ય સ્વામી સદાનંદ સરસ્વતીજીએ કાશ્મીરમાં થયેલા આતંકી હુમલા અંગે ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું કે ધર્મના નામે થતી હિંસા દુઃખદ છે અને દેશવાસીઓને એકતા માટે હાકલ કરી હતી. તેમણે કહ્યું કે રાજકારણથી ઉપર ઉઠીને તમામ નેતાઓ અને દેશવાસીઓએ એક થવાની જરૂર છે.

# પ્રાકૃતિક કૃષિ થકી પ્રકૃતિની માવજત

## ધરતીપુત્રો માટે 'નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ' વિશે જાણકારી

**સમય મિરર | રાજકોટ**

છેલ્લાં કેટલાક સમયથી ક્લાઈમેટ ચેન્જના કારણે ઋતુચક્રમાં પરિવર્તન થઈ રહ્યું છે. આ પ્રતિકુળ પરિબળો કૃષિ માટે નુકસાનકારક સાબિત થઈ રહ્યાં છે. તે જ રીતે રાસાયણીક ખાતર, જંતુનાશક દવા અને સિંચાઈ સુવિધાઓના વધુ પડતા ઉપયોગના કારણે પર્યાવરણ અને જમીન પર વિપરિત અસરો પડી રહી છે. ક્લાઈમેટ ચેન્જ અને કૃષિ રસાયણોની આડઅસરોના કારણે જમીનની ફળદ્રુપતામાં પણ ઘટાડો થયો છે. આવા સમયે પ્રાકૃતિક રીતે ખેતી કરવી હિતાવહ છે.

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીનાં માર્ગદર્શનમાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધ્યો છે. પ્રાકૃતિક કૃષિમાં બહારથી કોઈ કૃષિ ઈનપુટ લાવવામાં આવતા નથી અને પ્રકૃતિના વિવિધ ઘટકોનો ઉપયોગ કરીને ખેતી કરવામાં આવે છે. જેના પરિણામે જમીનનું સ્વાસ્થ્ય સુધરે છે, જમીનમાં સૂક્ષ્મ જીવાણુઓ અને અળસીયા વધે છે. પ્રાકૃતિક કૃષિ અભિયાન અંતર્ગત તાલીમ, પ્રેરણા પ્રવાસ, મેગા શિબિર, પરિસંવાદ, પ્રદર્શનનું આયોજન કરાઈ છે. ભારત સરકાર પણ પ્રાકૃતિક કૃષિના વ્યાપ માટે પ્રયાસશીલ છે. ત્યારે આપણે વાત કરીએ 'નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ' વિશે..

### નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ

ભારત સરકારે પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન આપવા નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ (એન.એમ.એન.એફ.)



અમલી કર્યું છે. જેમાં કલસ્ટર્સ એપ્રોચથી કામગીરી કરવામાં આવે છે. એક ક્લસ્ટર હેઠળ ૫૦ હેક્ટર અને અંદાજે ૧૨૫ ખેડૂત (પ્રત્યેક ખેડૂત માટે પ્રારંભમાં વધુમાં વધુ ૧ એકર) સમાવવામાં આવે છે. આ ૧૨૫ ખેડૂતો પૈકી દરેક ખેડૂત ક્લસ્ટરના અન્ય ૬ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ પદ્ધતિથી ખેતી શરુ કરવા માટે જાગૃત કરીને તાલીમ આપે છે, આ રીતે ૭૫૦ જેટલા ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવતા થાય છે. પ્રાકૃતિક કૃષિ પદ્ધતિઓ અને તેની જાણકારી સરળ રીતે મળી રહે, તે હેતુસર દરેક ક્લસ્ટરમાં ૦૨ કૃષિ સખીઓ (ક્લસ્ટર રીસોર્સ પર્સન) પસંદ કરવામાં આવે છે, જેઓ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી કરવા પ્રેરિત કરે છે. જેને માસિક રૂ. ૦૫ હજાર માનદ વેતન અપાય છે. પ્રાકૃતિક કૃષિ ઈનપુટ્સ તૈયાર કરવા માટે ગોધન અને છોડ/ઝાડની ઉપલબ્ધિ મહત્વપૂર્ણ છે. સ્થાનિક સ્તરે પ્રાકૃતિક કૃષિ ઈનપુટ્સના ઉત્પાદન અને પુરવઠા માટે ઈર્છ્રઈત (બાયો–ઈનપુટ રિસોર્સ સેન્ટર) સ્થાપિત કરવા રૂ. ૦૧ લાખની સહાયની જોગવાઈ કરાઈ છે.

# સંકલ્પ'' ડિસ્ટ્રિક્ટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેન - DHEW ટીમ અને SBI-RSETI દ્વારા બહેનોમાં સર્વાઈકલ કેન્સર અંગે જાગૃતિ અપાઈ

## પોસ્ટર, પેમ્ફલેટ અને વીડિયો દ્વારા સર્વાઈકલ કેન્સર તથા HPV વાયરસ અને અંગે અપાયેલી વ્યાપક સમજણ

### એચપીવી રસી શા માટે મહત્વપૂર્ણ છે?

એચ.પી.વી.ની રસી કોઇ પણ દીકરીને એચ.પી.વી.થી બચાવવામાં મદદ કરે છે, અને તેથી, કેન્સર અને અન્ય રોગ-ોથી પણ બચાવે છે. આ રસી સૌથી વધુ અસરકારક છે જ્યારે તે જાતીય સક્રિયતાશ રૂધાય તે પહેલાં આપવામાં આવે છે.

### શું રસી સુરક્ષિત છે?

''હા, એચ.પી.વી. રસી ખૂબ જ સુરક્ષિત છે. તે ઘણા વર્ષોથી ઉપયોગમાં લેવાય છે અને લાખો લોકો દ્વારા લેવામાં આવી છે. આ રસીની આડઅસરો સામાન્ય રીતે હળવી હોય છે, જેમ કે ઈન્જેક્શન સાઈટ પર દુખાવો અથવા લાલાશ.''

### એચ.પી.વી. રસી કોણ લઈ શકે?

આ રસી ૯ થી ૧૪ વર્ષની વયની દીકરીઓ અને ૧૫ થી ૨૬ વર્ષની મહિલાઓ લઈ શક છે. ૯ થી ૧૪ વર્ષની ઉંમરમાં - ૨ ડોઝ ૧૫ થી ૨૬ વર્ષની ઉંમરમાં - ૩ ડોઝ લેવા હિતાવહ છે.

**સમય મિરર | રાજકોટ**

પ્રાંત અધિકારીશ્રી મહેક જૈનના દિશાનિર્દેશ તથા જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી જનકસિંહ ગોહિલના માર્ગદર્શન હેઠળ ''સંકલ્પ'' ડિસ્ટ્રિક્ટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેન – DHEW ટીમ દ્વારા SBI - RSETI રાજકોટ ખાતે તાલીમ લઈ રહેલ કુલ ૪૦ બહેનોને સર્વાઈકલ કેન્સર અંગે સમજ આપવામાં આવી હતી.

ડિસ્ટ્રિક્ટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેન – DHEW ટીમના હેડ શ્રી જેવીના માણાવદરીયાએ પોસ્ટર,પેમ્ફલેટ અને વિડીયો દ્વારા સર્વાઈકલ કેન્સર અંગે સમજ આપી હતી

જેમાં સર્વાઈકલ કેન્સર શું છે ? તેના લક્ષણ, કેન્સર સામે રક્ષણ મેળવવા ધ્યાનમાં રાખવા જેવી બાબતો અને HPV ની રસી કોણ મુકાવી શકે તે અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી તેમજ વધુ માહિતી માટે IEC પોસ્ટર,પેમ્ફલેટ અને સ્ટીકર વિતરણ કરવામાં આવ્યા હતા.

સર્વાઈકલ કેન્સર એટલે ગર્ભાશયનાં મુખનું કેન્સર. યોનિથી શરૂ થયેલું આ કેન્સર મૂત્રાશય, મળાશય અને ફેફસાં સુધી સ્પ્રેડ થઈ શકે છે. સર્વાઈકલ એ સ્ત્રીનાં પ્રાઈવેટ અંગનો



હિસ્સો ગણાય છે. જે યોનિને ગર્ભાશયનાં ઉપરનાં ભાગ સાથે જોડે છે. પેપિલોમા વાયરસનાં કારણે લાંબા સમય સુધી ચાલતું ઈન્ફેક્શન સર્વાઈકલ કેન્સરમાં પરિણમે છે.

હ્યુમન પેપિલોમા વાયરસ(એચ.પી.વી.) એ એક એવો વાયરસ છે, જે શારીરિક સંબંધ દરમિયાન એક વ્યક્તિમાંથી બીજી વ્યક્તિમાં ફેલાઈ શકે છે. તે ગર્ભાશયના મુખનું કેન્સર, તેમજ અન્ય કેન્સર અને રોગોનું કારણ બની શકે છે.''

## ઈસરોની મદદથી પરકોલેશન ટ્રેન્ચ અને પોઈન્ટ શોધી વિશિષ્ટ તકનીકનાં ઉપયોગ સાથે તળાવ નિર્માણ કરાયા

# ભૂગર્ભજળ સિંચન તેમજ વ્યવસ્થાપન ક્ષેત્રે અનોખી ક્રાંતિનું શ્રેષ્ઠ ઉદાહરણ બનતું રાજ સમઢીયાળા

## ભૂગર્ભ જળ સ્તર વધતા ગામમાં માત્ર ૧૦ ફૂટે ખોદાણથી મળતું મીઠું પાણીઃ સરપંચ હરદેવસિંહ જાડેજા

**સમય મિરર | રાજકોટ**

સૌરાષ્ટ્રમાં પાણીની તંગી સાથે ભૂગર્ભજળનું સ્તર પણ ચિંતાજનક રીતે ઘટતું જાય છે. સો સો ફૂટ ખોદાણે પણ જમીનમાંથી પાણી નીકળી રહ્યું નથી, ત્યારે સરકાર દ્વારા ભૂગર્ભ જળના સ્તરને ઊંચું લાવવા કેચ ધ રેઈન એટલે કે વરસાદના ટીપાં ટીપાંને ઝીલીને જમીનમાં સિંચન કરવાના અભિયાનથી રાજકોટ જિલ્લાનાં રાજ સમઢીયાળા ગામમાં માત્ર ૧૦ ફૂટ ખોદાણથી પાણી મળી રહ્યું છે.

સરકારના 'કેચ ધ રેઈન' અને 'સુજલામ સુફલામ' જળ અભિયાનના ઉત્કૃષ્ટ પરિણામે રાજ સમઢીયાળા ગામ ભૂગર્ભ જળસિંચનમાં અન્યો માટે સર્વશ્રેષ્ઠ પ્રેરણારૂપ બન્યું છે. ભારત દેશની ૬૮% પ્રજા આજે પણ ગામડાઓમાં વસે છે. આપણા ખેતી આધારિત દેશ માટે પાણીએ વિકાસ માટેની પ્રાથમિક જરૂરિયાત છે, તેમ જણાવતા રાજ સમઢીયાળા ગામના સરપંચ તેમજ જળસિંચન માટે વિશિષ્ટ તકનીકી જ્ઞાન ધરાવતા શ્રી હરદેવસિંહ જાડેજાએ કહ્યું હતું કે, અમે વર્ષ ૧૯૭૮મા ભૂગર્ભજળ સ્તર વધારવાની નેમ લીધી હતી. જેને સાર્થક કરતા હાલ અંદાજે બે હજાર જેટલી વસ્તી ધરાવતા રાજ સમઢીયાળા ગામની તમામ ભાગોળે ફરતા ૦૭ તળાવ અને તેની સાથે જોડાયેલ ૩ લાઈન એરિયામાં કુલ ૪૫ ચેકડેમનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ કામગીરીમાં સરકારની સુજલામ સુફલામ યોજના, ગ્રામીણ રોજગાર મિશન અને કેચ ધ રેઈન જેવા અભિયાન તથા યોજનાઓનો લાભ લેવામાં આવ્યો છે. આ વિશે વધુ ઉંડાણપૂર્વક જણાવતા શ્રી હરદેવસિંહે કહ્યું હતું કે, ગામની આસપાસના ૧૦૦ એકર વિસ્તારમાં ૦૭ વિશાળ તળાવનું નિર્માણ કરવામાં આવ્યું છે. સામાન્ય રીતે જમીનનો કસ અને સ્થિતિ જાણ્યા વગર તળાવના નિર્માણ કરાતા તળાવ પરકોલેશન



એટલે કે જમીનમાં પાણી ઉતારવાના બદલે ઈવેપરેશન એટલે કે માત્ર બાષ્પ થઈ હવામાં ઉડી જતું હોય છે પરંતુ ઇસરોની મદદથી રિમોટ સેન્સ ટેકનોલોજી દ્વારા ડાયકસ અને લીનીયામેન્ટ એટલે કે વોટર બેરિયર અને કસવાળી જમીન તેમજ જળ ભૂગર્ભમાં ઉતરવા માટે જરૂરી તિરાડવાળી જમીનોને ચકાસીને ડાયકસથી દૂરના વિસ્તારોમાં પરકોલેશન પોઈન્ટની ખાતરી કરવામાં આવી અને ત્યાં આ ૦૭ તળાવનું નિર્માણ કરવામાં આવ્યું છે.

આ સાથે જ રાજ સમઢીયાળા આજી નદીના કેચમેન્ટ એરિયામાં આવતું હોવાથી તેને ૨૦ ફૂટ આજી નદીનો કેચમેન્ટ એરિયા પણ મળે છે જેની સાથે કેચમેન્ટની લાઈન તેમજ તળાવ અને અનુક્રમે જોડાણ સાથે ૪૫ ચેકડેમ તેના પર નિર્મિત કરવામાં આવ્યા છે. સંપૂર્ણ રાજ સમઢીયાળા વિસ્તાર ભૂગર્ભ જળથી રિચાર્જ થાય તે માટે જમીન ચકાસણી દ્વારા વિશિષ્ટ ટ્રેન્ચ જાણવામાં આવી જેને પણ ભૂગર્ભજળ સિંચન માટે ખોદી અને ઊંડી કરવામાં આવી છે. આ તમામ પ્રયાસોથી આજે ૨ અબજ ૬૪ કરોડ ૬૦ લાખ લિટર વરસાદી પાણીનો સંગ્રહ માત્ર ૭ તળાવથી જ થાય છે. આ સાથે નાના મોટા ૪૫ ચેકડેમ દ્વારા ૪૨ કરોડ એમ.સી.એફ.ટી.થી વધુ જળસંગ્રહ કરવામાં આવે છે.

રાજ સમઢીયાળા ગામનું વરસાદનું એક પણ ટીપું બહાર જતું નથી તેમ ઉમેરતા સરપંચશ્રીએ કહ્યું હતું કે, ગામ આસપાસમાં નિર્મિત આ તળાવો સાથે ૪૫ ચેકડેમોને ત્રણ પેરેલલ લાઈનમાં બનાવવામાં આવ્યા છે જે એકબીજા સાથે લિંક્ડ હોય જમીનમાં સતત પાણી ઉતર્યા કરે છે જેના કારણે રાજ સમઢીયાળા આસપાસના અન્ય ગામોમાં પણ ભૂગર્ભ જળસ્તર ઊંચું આવ્યું છે. વળી ગામમાં પણ તમામ ઘરોમાં જળસંગ્રહ માટે વિશેષ વ્યવસ્થા કરીને વરસાદી પાણીને પીવા માટે સંગ્રહિત કરવામાં આવે છે. આ વિસ્તારમાં વર્ષાઋતુ દરમ્યાન સરેરાશ ૩૦ ઈંચ જેટલો વરસાદ પડે છે, જેમાં ગત વર્ષે સૌથી વધુ ૬૦ ઈંચ વરસાદ પડ્યો હતો. આ અભિયાન અને તેમાં થયેલા સતત પ્રયત્નોના પરિણામે આજે રાજ સમઢીયાળા ગામમાં સામાન્ય રીતે ૧૦ ફૂટ ખોદાણ કરતા જ મીઠું પાણી મળી આવે છે, કપરા ઉનાળામાં પણ ૩૦ ફૂટ ખોદાણે ખેડૂતોને આસાનીથી સિંચાઈ માટે તેમજ લોકોને પીવા માટે પાણી મળી આવે છે. સામાન્ય રીતે અન્ય ગામમાં સંગ્રહિત પાણી લોકો દ્વારા લાઈન થકી સીધું ખેતી માટે ઉપયોગ કરવામાં આવતું હોય છે, જ્યારે રાજ સમઢીયાળામાં આ પાણી માત્ર ભૂગર્ભ જળસિંચન માટે જ રાખવામાં આવે છે જેના થકી ખેડૂતોના કૂવા રિચાર્જ થાય છે અને તેમને પાણીની અછતનો સામનો કરવો પડતો નથી. હાલમાં રાજ સમઢીયાળા પંચાયત દ્વારા લોકફાળા થકી ઉનાળા દરમિયાન તમામ તળાવ તેમજ ચેકડેમને ડીસીલ્ટીંગ કરી માટી કાઢી ઊંડા તેમજ સાફ કરવામાં આવી રહ્યાં છે, જેનાથી તેના જળ સંગ્રહમાં વધારો થશે. ત્યારે ગામનું પાણી ગામમાં અને વરસાદના એકે એક ટીપાંનો યથાર્થ ઉપયોગ કરી ધરતીમાતાને નવ પલ્લવિત કરતું રાજ સમઢીયાળા ગામ ભૂગર્ભજળ સિંચન તેમજ વ્યવસ્થાપન ક્ષેત્રે અનોખી ક્રાંતિનું શ્રેષ્ઠ ઉદાહરણ બન્યું છે.

## શુદ્ધ ખોરાક, પૂરતી ઊંઘ અને વ્યાયામ દ્વારા મેદસ્વિતાથી મુક્ત રહીએ

# સ્વસ્થ ગુજરાત-મેદસ્વિતા મુક્ત ગુજરાત

## આયુર્વેદમાં પથ્યાપથ્ય એટલે કે, આહાર, વિહાર અને વિચારથી તન–મન સ્વસ્થ રાખીએઃ વૈદ્ય પંચકર્મ ચૈતાલીબહેન પરમાર

**સમય મિરર | રાજકોટ**

તન અને મનને લગતી અનેક સમસ્યાઓનું નિરાકરણ આયુર્વેદમાં છે. ટેકનોલોજીનાં ઝડપી યુગમાં આંગળીના ટેરવે મોબાઈલમાં જેટલી ઝડપે રીલ્સ બદલે છે, તેમ ઘડિયાળના કાટાં સાથે માણસ સતત દોડતો રહે છે, જેની અસર આરોગ્ય પર પડતી હોય છે. આયુર્વેદમાં એક સરસ શબ્દ છે ''પથ્યાપથ્ય.'' પથ્યાપથ્ય એટલે આપણે જે ખોરાક લઈએ છીએ અને આપણે જે આહાર, વિચાર, વિહાર કરીએ છીએ તેનાં પર આપણાં સ્વાસ્થ્યનો આધાર રહેલો છે.સરકારી આયુર્વેદ હોસ્પિટલના વૈદ્ય પંચકર્મ ચૈતાલીબહેન પરમારે મેદસ્વિતાના કારણો અને ઉપાયો જણાવ્યા હતા. ચૈતાલીબહેને કહ્યું કે, લાઈફ સ્ટાઈલ ડીસઓર્ડરમાં મેદસ્વિતાનો પ્રશ્ન આજે વધી રહ્યો છે. મેદસ્વિતા કેમ પીક લેવલ પર છે? તે ચિંતાનો વિષય છે. લોકોના દૈનિક જીવનમાં ખાનપાન અને રહેણીકરણીમાં બદલાવો તેમજ વર્કઆઉટ બંધ થતા મેદસ્વિતાનું પ્રમાણ વધી ગયું છે. નાના બાળકો અને યુવાનોમાં પણ મેદસ્વિતાનું પ્રમાણ જોવા મળી રહ્યું છે, જે ચિંતાનો વિષય છે. ત્યારે રાજ્ય સરકાર દ્વારા ચલાવતું અભિયાન ''સ્વસ્થ ગુજરાત મેદસ્વિતા મુક્ત ગુજરાત'' એક આવકારદાયક પગલું છે. ચૈતાલી બહેને વધુમાં ઉમેર્યું હતું કે, આપણે પથ્યાપથ્યનું ધ્યાન રાખવું જોઈએ. કહેવત છે, અન્ન તેવો ઓડકાર. આપણે જે ખોરાક લઈશું તેની અસર આપણા શરીર અને મન પર પડશે. માટે, ખોરાક લેવામાં ધ્યાન રાખવુ. તળેલું, આથાવાળી વસ્તુ, મેંદાની વસ્તુ, જંકફૂડ, બેકરીની વસ્તુ, બજારમાં મળતા ચટપટા પડીકા, બિસ્કીટ વગેરે જો વધુ પ્રમાણમાં લેવામાં આવે તો તે આપણને રોગ તરફ દોરી જાય છે. જેનાથી ડાયાબિટીસ, બ્લડપ્રેશર, હાઈપર ટેન્શન, કોલેસ્ટ્રોલ તેમજ હાર્ટને લગતા રોગ આપણા શરીરમાં પ્રવેશ કરી જાય છે અને આપણને તેનો ખ્યાલ પણ નથી રહેતો. જેથી શક્ય હોય ત્યાં સુધી બહારનો ખોરાક લેવાનું ટાળો. શુદ્ધ અને હળવો ખોરાક લેવો. આયુર્વેદની દ્રષ્ટિએ આપણે કહીએ છીએ સુપાચ્ય ખોરાક, તળેલો ન હોય તેવો ખોરાક લેવો. તેમજ નિયમિત ફ્રુટ્સ અને શાકભાજી લેવા. દરેક વ્યક્તિએ દિવસ દરમિયાન ૪૫ મિનિટ જેટલો સમય કોઈપણ પ્રકારનાં વ્યાયામ પાછળ આપવો.

સોશિયલ મીડિયાના યુગમાં યુવાનો મોડે સુધી જાગતા હોય છે ત્યારે અપૂરતી ઊંઘ મેદસ્વિતાનું કારણ બની શકે છે, માટે ૬ થી ૮ કલાક ઊંઘવું. આમ શુદ્ધ ખોરાક, પૂરતી ઊંઘ અને વ્યાયામ દ્વારા મેદસ્વિતાથી મુક્ત રહી શકાય છે.

## ૨૦ વિદ્યાર્થીઓને ૯૦.૦૦ PR, શાળાનું ૯૯.૧૬ ટકા પરિણામ

# પંચશીલ સ્કૂલનું સતત ચૌદમાં વર્ષ ઝળહળતું પરિણામ, પાંચ છાત્રોએ મેળવ્યો A-1 ગ્રેડ

**સમય મિરર | રાજકોટ**

H.S.C. બોર્ડ ગુજરાતનું આજરોજ પરિણામ જાહેર થયું ત્યારે રાજકોટની ખ્યાતનામ પંચશીલ સ્કૂલનું પણ ઉત્કૃષ્ટ પરિણામ આવ્યું. જેમાં શાળાના કુલ ૫ વિદ્યાર્થીઓએ A1 ગ્રેડ મેળવ્યો. જેમાં દેસાઈ ઉમંગ ૯૯.૭૫ PR સાથે STATE ACC. વિષયમાં ૧૦૦ માંથી ૧૦૦ ગુણ મેળવેલ છે., શર્મા નિક્ષિત ૯૯.૭૫ PR સાથે ACC STATE વિષયમાં ૧૦૦ માંથી ૧૦૦ ગુણ મેળવેલ છે., સોલંકી યશદિપ ૯૯.૩૯ PR, વડગામા વિશ્વા ૯૯.૩૫ PR, વોરા સ્મિત ૯૯.૧૫ PR સાથે ECO વિષયમાં ૧૦૦ માંથી ૧૦૦ ગુણ મેળવેલ છે. ગોહેલ મિતુલ ૯૮.૦૩ PR સાથે B.A. વિષયમાં ૧૦૦ માંથી ૧૦૦ ગુણ મેળવેલ છે. તેમજ શાળામાં ૧૫ વિદ્યાર્થીઓએ ૯૫.૦૦ PR થી વધુ મેળવ્યા છે. અને ૨૦ વિદ્યાર્થીઓએ ૯૦.૦૦ PR થી વધુ મેળવ્યા છે. સમગ્ર શાળાનું પરીણામ ૯૯.૧૬% રહયું છે. અત્રે




એ ઉલ્લેખનીય છે કે પંચશીલ સ્કૂલમાં વિદ્યાર્થીઓને અભ્યાસની સાથે C.E.P. (કરીયર એજયુકેશન પ્રોગ્રામ) દ્વારા કારકીંદી ઘડતર માટેના માર્ગદર્શનના વર્ગો પણ ચલાવવામાં આવે છે. તેમજ કમ્પીટીટીવ એકઝામની તૈયારી માટેનું પણ માર્ગદર્શન આપવામાં આવે છે. આ ઉપરાંત કોમર્સ વિભાગમાં C.A. જેવા પ્રોફેશનલ કોર્ષનું પણ માર્ગદર્શન આપવામાં આવે છે. શાળાના પરિણામ બદલ મેનેજીંગ ટ્રસ્ટી ડો.ડી.કે. વાડોદરીયા અને શાળાના એકઝીકયુટીવ ડાયરેકટર સાક્ષીબેન વાડોદરીયા એ સમગ્ર શાળા પરિવાર અને સર્વે વિદ્યાર્થીઓને ખૂબ ખૂબ અભિનંદન પાઠવેલા હતા.

# રાજકોટમાં તસ્કરોએ ચોરીની ઘટનાને અંજામ આપી કરી વૃદ્ધની હત્યા

## ડેલામાંથી વેસ્ટેજ માલના ૧૦ બાચકાં લઈ ભાગેલા ચોરોને પડકારતા છરીના ઘા ઝીંકી ઢીમ ઢાળી દેનાર ચારેય હત્યારા સકંજામાં

**સમય મિરર | રાજકોટ**

રાજકોટમાં પોલીસની ધાક ઓસરી હોય તેમ ક્રાઈમના ગ્રાફમાં ઉછાળો જોવા મળી રહ્યો છે. છાશવારે ચોરીની ઘટનાઓ સામે આવી રહી છે ત્યારે વધુ એક ઘટનામાં કોઠારિયા વિસ્તારમાં આવેલા જયનગરમાં ચોરી કરવા આવેલા શખ્સોએ ડેલાનાતાળા તોડી વેસ્ટેજ માલના ૧૦ બાચકા લઈને ભાગ્યા હતાં. ત્યારે શેરીમાં સુતેલા પાડોશી વૃદ્ધ જાગી જતાં તસ્કરોને પડકાર્યા હતાં. તસ્કરોએ વૃદ્ધ ઉપર છરી વડે હુમલો કરી ઢીમઢાળી દીધું હતું. અને ચોરી કરી નાશી છુટ્યા હતાં. વૃદ્ધના મોતથી પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી હતી. ચોરી કરી વૃદ્ધને મોતને ઘાટ ઉતારનાર ચારેય હત્યારાને પોલીસે સકંજામાં લીધા છે. આ બનાવ અંગે પોલીસમાંથી



જાણવા મળતી વિગત મુજબ રાજકોટમાં કોઠારિયા વિસ્તારમાં આવેલ જયનગર મફતિયાપરામાં રહેતા દેવશીભાઈ ઉકાભાઈ સોલંકી નામના ૬૨ વર્ષના વૃદ્ધ મધરાત્રે પોતાના ઘરની બહાર શેરીમાં સુતા હતા ત્યારે ચાર અજાણ્યા શખ્સો ધસી આવ્યા હતાં. અને વૃદ્ધ ઉપર તિક્ષ્ણ હથિયાર વડે હુમલો કર્યો હતો. હુમાલમાં ગંભીર રીતે ઘવાયેલા વૃદ્ધનું મોત નિપજતા પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી હતી. આ ઘટના અંગે જાણ થતાં આજીડેમ પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલીક સિવિલ હોસ્પિટલ અને ઘટના સ્થલે દોડી ગયો હતો. પોલીસે જરૂરી કાર્યવાહી કરી વૃદ્ધાના મૃતદેહને ફોરેન્સીક પોસ્ટમોટર્મ અર્થે મેડીકલ કોલેજ ખાતે ખસેડ્યો હતો.

પ્રાથમિક તપાસમાં મૃતક દેવશીભાઈ સોલંકીના પડોશમાં રહેતા ભાઈ જેન્તીભાઈ સોલંકીના દિકરા રસીકના બે દિવસ બાદ લગ્ન છે જેથી તેમના ઘરે મહેમાન આવ્યા હોવાથી તેમને પુત્ર રાહુલ સોલંકી કાકા જેન્તીભાઈના ઘરે સુવા ગયો હતો અને બાકીનો પરિવાર ઘરે સુતો હતો મૃતક દેવશીભાઈ સોલંકી પોતાની ડેલી બહાર શેરીમાં સુતા હતાં ત્યારે મધરાત્રે ચાર તસ્કરો શેરીમાં ઘુસ્યા હતા અને પાડોશમાં રહેતા અને ધુળધોયાનું કામ કરતા સંજયભાઈ ડોડિયાના ડેલામાં રૂા. ૧૬૦૦૦ની કિંમતના વેસ્ટે જ માલના ૧૦ બાચકા લઈ તસ્કર જીજે ૩ બીયુ ૯૨૬૬ નંબરની રિક્ષા લઈને ભાગ્યા હતાં. તે દરમિયાન શેરીમાં સુતેલા દેવશીભાઈ સોલંકી જાગી જતાં તસ્કરોએ દેવશીભાઈ સોલંકીને મોઢા, છાતી અને પેટના ભાગે છરીના ઘા ઝીંકી દીધા હતાં. ગંભીર રીતે ઘવાયેલા દેવશીભાઈ ઢસડાતા ઢસડાતા ડેલી ખખડાવી હતી જેને પગલે પત્નીએ ડેલી ખોલીને જોતા દેવશીભાઈ લોહીલુહાણ હાલતમાં હોવાથી પરિવારજનોને જગાડી દેવશીભાઈને સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડ્યા હતાં. પરંતુ તેમનું સારવાર મળે તે પહેલા જ મોત નિપજતા બનાવ હત્યામાં પલટાયો હતો. મૃતક દેવશીભાઈ સોલંકી ત્રણ ભાઈ બે બહેનમાં વચેટ અને તેમને સંતાનમાં બે પુત્ર અને ત્રણ પુત્રી હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે આજીડેમ પોલીસે મૃતક દેવશીભાઈ સોલંકીના પુત્ર રાહુલ સોલંકીની ફરિયાદ નોંધી હતી ચોરી કરવા ઘુસેલા રિક્ષા ચાલક ચાર શખ્સો કુબલિયાપરાના હોવાની શંકાના આધારે ક્રાઈમ બ્રાંચની ટીમે ચોરી અને હત્યાની ઘટનાને અંજામ આપતા ચારેય શખ્સોની અટકાયત કરી હતી. ક્રાઈમ બ્રાંચે ચારેય શખ્સોની આજીડેમ પોલીસ હવાલે કર્યા હોવાનું જાણવા મળ્યું છે. આજીડેમ પોલીસે ફરિયાદના આધારે કાનુની તપાસનો દૌર લંબાવ્યો છે.

# રાજકોટના લાપત્તા સોની વેપારીએ મારી સાથે ચીટીંગ થયું છે તેવો વીડિયો બનાવી કર્યો આપઘાત

## સાત દિવસથી ગુમ થયેલા યુવકનો પડધરી પાસે ન્યારી ડેમમાંથી મૃતદેહ મળતા પરિવારમાં કલ્પાંત

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ શહેરના સામાકાંઠે મોરબી રોડ પર સેટેલાઈટ ચોકમાં આવકાર હાઈટસમાં રહેતો સોની વેપારી ગઇ તા.૨૮/૪ના રોજ ગુમ થયા બાદ આજે સવારે પડધરીના ન્યારી ડેમ-૨માંથી તેની લાશ મળી આવતા ચકચાર મચી જવા પામી છે.



યુવાને આપઘાત પુર્વે તેને એક વિડીયો બનાવ્યો હતો. જેમાં તે બોલી રહ્યો છે કે મારી સાથે ચીટીંગ થયું છે. વેપારીએ કરેલા આપઘાત પ્રકરણમાં તેનો મોબાઈલ એફએસએલમાં મોકલવામાં આવશે તેમજ આ અંગે પડધરી પોલીસ તપાસ ચલાવી રહી છે. બનાવની વધુ વિગતો અનુસાર મોરબી રોડ સેટેલાઈટ ચોક આવકાર હાઈટસમાં રહેતા ધવલભાઈ બીપીનભાઈ લાઠીગ્રા (સોની) (ઉ.વ.૩૧) નામના યુવાનની આજે પડધરી પાસેના ન્યારી ડેમ-૨માંથી લાશ મળી આવતા મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પીટલમાં ખસેડાયો છે. તેમને સંતાનમાં એક ૧૦ મહિનાની દીકરી છે તેમજ ધવલ સોની પેલેસ રોડ પર હીરાપન્ના નામની દુકાન ધરાવી ત્યાં સોની કામ કરતો હતો પોતે બે બહેનનો એકનો એક ભાઈ હતો.

તેમના પરિવારે જણાવ્યું હતું કે ધવલ તા. ૨૮/૪ના રોજ ઘરેથી ગુમ થયો હતો અને તેન ગુમનોંધ બી ડીવીઝન પોલીસમાં કરી હતી. ત્યારબાદ તેની શોધખોળ કરી હતી. પરંતુ ક્યાંય મળી આવ્યો નહોતો અને આજે પોલીસમાંથી કોલ આવ્યો કે ધવલનો મૃતદેહ ન્યારી ડેમમાંથી મળી આવ્યો છે.

બીજી બાજુ ધવલન એક વીડીયો સામે આવ્યો હતો તેમાં તે બોલતો હતો કે તેની સાથે ચીટીંગ થયું હતું. જેના નામ તે લઇ શકે તેમ નથી પરંતુ માણસ કોઈ દિવસ ખોટુ ન બોલી સૌનુ સારૂ કરે ભગવાન, યશ્રી કૃષ્ણ. આ વિડીયો મારફતે પડધરી પોલીસે તપાસ શરૂ કરી છે.

# મિત્રને ચુકવણી માટે આપેલો ચેક પરત ફરવાના કેસમાં આરોપીને દોઢ વર્ષની જેલ

## બે માસમાં ૮ લાખનું વળતર ન ચૂકવે તો વધુ છ માસની સજાનો હુકમ

**સમય મિરર | રાજકોટ**

રાજકોટમાં રહેતા ફરિયાદી વનરાજભાઈ પરબતભાઈ કેશવાલાએ પોતાના મિત્ર વિજયભાઈ ગંગાભાઈ કેશવાલાને મિત્રતાના સંબંધે હાથ ઉછીના રૂા.૮ લાખ આપ્યા હતા. આરોપી વિજયભાઈ કેશવાલાએ ચુકવણી પેટે આપેલો ચેક ફન્ડ ઈનસફીસીયન્ટ'' ના શેરા સાથે પરત ફર્યો હતો. જે અંગે ફરિયાદી વનરાજભાઈ કેશવાલાએ તેમના એડવોકેટ મારફત પાઠવેલી નોટીસ બજી જવા છતા આરોપી વિજયભાઈ કેશવાલાએ લેણી રકમ નહિ ચુકવતા ફરિયાદી વનરાજભાઈ કેશવાલાએ રાજકોટ કોર્ટમાં ચેક રિટર્નની ફરિયાદ દાખલ કરી હતી. જે કેસ ચાલી જતાં બંને પક્ષોની રજુઆત બાદ ફરિયાદીના વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો


એડવોકેટ

અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઇ કોર્ટે આરોપીને દોઢ વર્ષની સાદી કેદની સજા અને રૂા.૮ લાખ ફરિયાદી વનરાજભાઈ કેશવાલાને વળતર પેટે બે માસમાં ન ચૂકવે તો વધુ છ માસની સજાનો હુકમ ફરમાવ્યો છે.

આ કેસમાં ફરીયાદી વતી વિધ્વાન ધારાશાસ્ત્રી મુકેશ આર. ભટ્ટી તેમજ સહાયક તરીકે રાજ એમ. ભટ્ટી, ઉદીત અને ધીગ્માંશુ એમ. ભટ્ટી રોકાયા હતા.

# રાજકોટમાં નિદ્રાધીન એક માસના માસુમને બિલાડીએ ફાડી ખાધો

## એકના એક પુત્રના મોતથી પરિવાર શોકમાં ગરકાવ

**સમય મિરર | રાજકોટ**

શહેરની ભાગોળે આજી ડેમ પાસેના યુવરાજનગરમાં એક કરુણ ઘટના બની ગઈ છે.આ ઘટનામાં ઘોડિયામાં સૂતેલા ૩૫ દિવસના બાળકને બિલાડીએ ગળા પર બચકાં ભરી લીધાં હતાં. લોહીલુહાણ થઈ ગયેલા બાળકનું થોડી જ મિનિટોમાં મૃત્યુ થયું હતું. ઘટનાથી એ વિસ્તારના લોકોમાં ફફડાટ ફેલાઈ ગયો હતો.આ ઘટનામાં આજીડેમ પોલીસ ઊંડી તપાસ કરી રહી છે.

રાજકોટમાં આવેલા યુવરાજનગરમાં રહેતા એક મહિનાના જયપાલ ઘુઘાભાઈ જાદવને રવિવારે બપોરે ગળે ઇજા થયેલી હાલતમાં બેભાન સ્થિતિમાં બાળકોની હોસ્પિટલમાં લઈ જવાયો હતો જ્યાં ફરજ પરના તબીબે બાળકને જોઈ તપાસી મૃત જાહેર કર્યો હતો. બાળકની માતાએ ઘટના અંગે વાત કરી તો ડોક્ટર પણ ચોંકી ગયા હતા. બનાવ અંગે જાણ કરાતાં આજી ડેમ પોલીસની ટીમ પણ હોસ્પિટલે દોડી ગઇ હતી.

પોલીસે જણાવ્યું હતું કે, ઘુઘાભાઈના પત્ની હેતલબેને એક મહિના પહેલાં પુત્રને જન્મ આપ્યો હતો. પ્રથમ સંતાનમાં જ પુત્રની પ્રાપ્તિ થતાં જાદવ પરિવારમાં ખુશી છવાઇ ગઇ હતી. રવિવારે ઘુઘાભાઈ ચોટીલાના તરકિયા ગામે લગ્ન પ્રસંગમાં ગયા હતા. બપોરે ઘુઘાભાઈના માતા હેમીબેન આજી ડેમ નજીક નદીએ કપડાં ધોવા ગયા હતા. ઘરમાં હેતલબેન અને તેનો પુત્ર જયપાલ બે વ્યક્તિ હતા.જયપાલ ઘોડિયામાં સૂતો હતો. માતા હેતલબેન ઘરમાં ઘોડિયાથી થોડે દૂર થયા તે વખતે જ અચાનક બિલાડી ધસી આવી હતી અને ઘોડિયામાં સૂતેલા માસૂમ જયપાલના ગળા પર ત્રાટકી હતી. ફૂલ જેવા જયપાલના ગળે બિલાડીએ બચકાં ભરી લેતાં બાળક લોહીલુહાણ થઇ ગયો હતો અને તે વખતે જ બેભાન થઇ ગયો હતો. થોડીવાર બાદ હેતલબેન ઘોડિયા પાસે પુત્ર જયરાજને જોવા આવ્યા તે તે સ્તબ્ધ થઇ ગયા હતા.ત્યાં જોયું તો પુત્ર જયરાજ લોહી લુહાણ હાલતમાં પડ્યો હતો. તેઓ પણ બેભાન જેવા થઈ ગયા હતા.એકના એક પુત્રના આકસ્મિક મૃત્યુથી જાદવ પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું હતું.

પુત્રને લોહિયાળ સ્થિતિમાં જોઈ હતપ્રભ થઈ ગયા હતા અને શું કરવું તેનું પણ ભાન રહ્યું નહોતું. હેતલબેન ઘરના ઉંબરે ઊભા ઊભા રડી રહ્યા હતા. તે વખતે જ તેમના સાસુ હેમીબેન કપડાં ધોઈને આવ્યા હતા અને તેમણે માસૂમ જયપાલને જોતા જ દેકારો મચાવી દેતાં લોકો એકઠા થઈ ગયા હતા અને જયપાલને હોસ્પિટલમાં ખસેડયો હતો.જોકે ત્યાં તબીબોએ બાળકને મૃતજાહેર કર્યો હતો.આ ઘટનામાં આજીડેમ પોલોસે હાલ તપાસ જારી રાખી હોવાનું જાણવા મળી રહ્યું છે.

# આશુતોષ ક્રેડિટ સોસાયટીના મહિલા લોનધારકની ચેક રિટર્ન કેસમાં સજા યથાવત રાખતી સેશન્સ કોર્ટ

## નીચલી કોર્ટના સજાના હુકમ સામે આરોપીએ કરેલી અપીલ નામંજુર

**સમય મિરર | રાજકોટ**

રાજકોટની આશુતોષ ક્રેડીટ કો-ઓપ. સોસાયટી લીનાં રિકવરી ઓફીસર રાહુલ પ્રતાપભાઈ સોલંકી દ્વારા કોર્ટમાં લોનધારક મહિલા ખુશ્બુબેન અમીતભાઈ પૂજારા ચેક રિટર્ન થવા અંગેની દાખલ કરાયેલી ફરીયાદ અંગેના કેસમાં આરોપી ખુશ્બુબેન અમીતભાઈ પૂજારાને કોર્ટે એ ૯ (નવ) માસની કેદની સજા ઠરાવી હતી અને ફરીયાદીને ચેક મુજબની રકમ વાર્ષીક ૬ ટકાના વ્યાજ સહીત ચુકવી આપવા હુકમ ફરમાવેલ હતો. જે ચુકાદાથી નારાજ થઈ આરોપી ખુશ્બુબેન અમીતભાઈ પૂજારાએ ડિસ્ટ્રિકટ એન્ડ સેશન્સ કોર્ટમાં ટ્રાયલ કોર્ટનો હુકમ રદ કરવા અપીલ દાખલ કરી હતી. જે અપીલ ચાલી જતા મૂળ ફરિયાદી આશુતોષ ક્રેડિટ કો-ઓપ. સોસાયટી


એડવોકેટ

લી.ના પેનલ એડવોકેટ દર્શિત સી. પાટડિયા દ્વારા ધારદાર દલીલો તેમજ સર્વોચ્ચ અદાલતનાં ચુકાદાઓને ધ્યાને લઈ રાજકોટના ૭મા એડિશનલ સેશન્સ જજ જે. એન. ઠકકરે ટ્રાયલ કોર્ટના ચુકાદાને યથાવત રાખેલ છે. તેમજ આરોપીની કેદની સજા યથાવત રાખવા હુકમ કરવામાં આવ્યો છે. આ કેસમાં મુળ ફરિયાદી વતી એડવોકેટ તરીકે અનિરૂધ્ધ એ. નથવાણી, દિવ્યેશ એ. રૂડકિયા, દર્શિત બી. સોલંકી, દર્શિત સી. પાટડિયા અને ધર્મીલ વી. પોપટ રોકાયા હતા.


## હોર્ન મારવા મુદ્દે લુખ્ખા તત્ત્વો છરી-પાઈપ વડે તૂટી પડયા; હુમલાખોર ઈજા પહોચ્યાના આક્ષેપ સાથે સારવારમાં

# રાજકોટમાં રીક્ષાચાલકોનો આતંક : ST બસના ચાલક અને ક્લીનર ઉપર હુમલો

**સમય મિરર | રાજકોટ**

રાજકોટમા રીક્ષા ચાલકો બેફામ બન્યા હોય તેમ અવાર નવાર અન્ય વાહન ચાલકો સાથે નજીવા પ્રશ્ને ઝઘડાઓ કરતા હોવાની અનેક ઘટનાઓ સામે આવી છે ત્યારે વધુ એક ઘટનામા ગોંડલથી રાજકોટ આવતી એસટી બસ ગોંડલ ચોકડી ખાતે પેસેન્જરોને ઉતારવા ઉભી રહી હતી ત્યારે રીક્ષા ચાલકે બસ આડે રીક્ષા ઉભી રાખી દેતા એસટી ડ્રાઇવરે હોર્ન મારયો હતો. જેથી રીક્ષા ચાલકોએ ગાળો ભાંડી એસટી ડ્રાઇવર અને કંડકટર ઉપર છરી અને પાઈપ વડે હુમલો કર્યો હતો. હુમલામાં ઘવાયેલા ડ્રાઇવર અને આપા હુમલાખોર શખ્સને પણ ઈજા પહોંચી હોવાનાં આક્ષેપ સાથે સારવાર અર્થે ખસેડાયો હતો.

આ બનાવ અંગે પોલીસમાથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટનાં મવડી વિસ્તારમાં રહેતા અને એસટીમા ફરજ બજાવતા ડ્રાઇવર કિશોરસિંહ દિલીપસિંહ જાડેજા



(ઉ.વ.૪૩) અને કંડકટર સંદીપસિંહ ગુલાબસિંહ પરમાર (ઉ.વ. ૪૮) ગોંડલથી રાજકોટ રૂટની એસટી બસ લઈને આવતા હતા ત્યારે ગોંડલ ચોકડી પાસે પેસેન્જરને ઉતારવા બસ ઉભી રાખી હતી. ત્યારે રીક્ષા ચાલકે બસ આગળ રીક્ષા ઉભી રાખી દીધી હતી જેથી એસટી ડ્રાઇવર કિશોરસિંહ જાડેજાએ હોર્ન મારતા રીક્ષા ચાલક સહીત ૪ શખ્સોએ ઉશ્કેરાઈ જઈ કિશોરસિંહ જાડેજાને ગાળો ભાંડી હતી. કિશોરસિંહ ગાળો દેવાની ના પાડતા રીક્ષા ચાલકોએ ઉશ્કેરાઈ જઈ કિશોરસિંહ જાડેજા અને કંડકટર સંદીપસિંહ પરમાર પર છરી અને ધોકા વડે હુમલો કર્યો હતો. સંદીપસિંહ બેશુધ હાલતમા ઢળી પડયા હતા જયારે કિશોરસિંહ જાડેજાને ઈજાગ્રસ્ત હાલતમા હુમલાખોરોથી ડરીને ભાગ્યા હતા અને અન્ય રીક્ષામાં બેસી વાવડી પોલીસ ચોકી ખાતે પહોંચ્યા હતા જયા ઘટના અંગે પોલીસને જાણ કરી હતી જેને પગલે પોલીસ કિશોરસિંહ જાડેજાને સાથે લઈ તાત્કાલીક ગોંડલ ચોકડી પહોંચી હતી. પરંતુ હુમલાખોર શખ્સો હાજર નહી મળતા પોલીસ દ્વારા ગંભીર રીતે ઘવાયેલા એસટી ડ્રાઇવર અને કંડકટરને સારવાર માટે સિવીલ હોસ્પીટલ ખાતે ખસેડાયા હતા.

જયારે હુમલાખોર સંજય રમેશ વાઘેલા (ઉ.વ. ૨૯) ને પણ ઈજા પહોંચી હોવાનાં આક્ષેપ સાથે સારવાર

માટે સિવીલ હોસ્પિટલ ખાતે ખસેડવામા આવ્યો હતો પોલીસે સંજય વાઘેલાની અટકાયત કરી ફરીયાદ નોંધી છે. ફરીયાદનાં આધારે આજીડેમ પોલીસે એસટી ડ્રાઇવર અને કંડકટર પર હુમલો કરનાર શખ્સો વિરુધ્ધ કાનુની કાર્યવાહી હાથ ધરી છે.

# અકસ્માત મૃત્યુ કેસમાં મૃતક યુવકના પરિવારનું ૮૦ લાખનું વળતર મંજુર

## બાઈક સવારનું મોત નિપજતા લક્ઝરી બસની વીમા કંપની સામે ક્લેઈમ કેસ દાખલ કર્યો'તો

**સમય મિરર | રાજકોટ**

બોટાદ જીલ્લાના પીપળીયા ગામના મહેન્દ્રભાઇ હેબતસંગભાઇ બારડ નામનો યુવાન ગત તાઃ ૨૧-૧૨-૨૦૧૯ ના રોજ નરપતસિંહના બાઇક પાછળ બેસી જઈ રહ્યો હતો. ત્યારે સાયલના ફુલગ્રામ પાસે પહોંચતા સામેથી આવતી જી.જે.-૧-ઈ.ટી.-૭૭૬૫ નંબરની લકઝરી બસ ચાલકે બાઇકને ઠોકરે ચડકવતા અકસ્માત સર્જાયો હતો. જેમાં મહેન્દ્રભાઇને માથામાં ગંભીર ઇજા પહોંચતા મૃત્યુ નીપજ્યું હતું. મૃતક મહેન્દ્રભાઇ બારડ થોરીયાળીના ઘનશ્યામભાઇ મસાણીના મીરા એન્ટરપ્રાઇઝમાં નોકરી કરતા હતા અને


એડવોકેટ

તેમનો માસિક પગાર રૂ.૨૧,૮૦૦ હતો અને જે પગારની રકમ ઘનશ્યામભાઇ મસાણી બેંકખાતામાં ચુકવતા હતા. મહેન્દ્રભાઇ બારડનુ અકાળે મોત નિપજતા તેમના વારસદારો વળતર મેળવવા રાજકોટ ખાતે ક્લેઇમ કેસ દાખલ કર્યો હતો. મહેન્દ્રભાઇ બારડના વારસદારોના વકીલ તરફથી મુળીના ટીકર ગામના મીરાએન્ટરપ્રાઇઝના માલીક તરફથી જુબાની આપવા માટે ઓર્થોરાઇઝડ વ્યક્તિ દશરથસિંહ બનેસીંગ કાછેલાને તપાસવામાં આવ્યા હતા અને તેમણે મૃતકને માસીક પગાર રૂા.૨૧,૮૦૦ પગાર આપતા હોવાની અને બેંકમાં જમા કરાવતા હોવાની જુબાની આપી બેંકનુ સ્ટેટમેન્ટ પણ મીરાએન્ટરપ્રાઇઝ તરફથી રજુ કરવામાં આવ્યું હતું. જેને ધ્યાને લઈ રાજકોટના એડીશ્નલ ડીસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ જજ એસ.વી. શર્માએ માસિક રૂ.૨૧,૮૦૦ આવક માની અને મૃતકના નાના ભાઈ કાંઈ ના કરતા હોવાથી તેને ડીપેન્ડેન્ટ ગણી માત્ર લક્ઝરી બસની વિમાકુયુ.ધી નેશનલ ઇન્શ્યોરન્સ કા.એ મૃતક મહેન્દ્રભાઇ હેબતસંગ બારડના વારસદારોને એક માસમાં વ્યાજ સહિત રૂ.૮૦ લાખનું વળતર ચૂકવવા હુકમ કર્યો છે.

આ કેસમાં મૃતક મહેન્દ્રભાઇ બારડના વારસદારો વતી રાજકોટના વકીલ શ્યામ જે. ગોહિલ, હિરેન ગોહિલ, મૃદુલા ગોહિલ, દિવ્યેશ કણજારીયા, પુનીતા વેકરીયા, અશોક કે.લુંભાણી રોકાયા હતા.

# બોકસ ક્રિકેટના કમિશન મુદ્દે યુવાન ઉપર તલવાર વડે હુમલો કરી કાર નીચે કચડવાનો પ્રયાસ

## રાજકોટમાં બનેલી ઘટનાઃ ત્રણ શખ્સો વિરુદ્ધ હત્યાના પ્રયાસની ફરિયાદ

**સમય મિરર | રાજકોટ**

રાજકોટમાં મોરબી રોડ પર નવા માર્કેટિંગ યાર્ડ પાસે ઇન્દ્રપ્રસ્થમાં રહેતો અને રેલનગરમાં ચાની હોટેલ ધરાવતા યુવાન પર બે શખસોએ તલવાર વડે હુમલો કરી મારી નાખવાના ઈરાદે કાર ચડાવવાનો પ્રયાસ કર્યો હોવાની ફરિયાદ નોંધાવતા ગાંધીગ્રામ પોલીસે ત્રિપુટી સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. વધુ વિગતો મુજબ,નવા માર્કેટીંગ યાર્ડ સામે ઈન્દ્રપ્રસ્થ-૬માં રહેતા હાર્દીક રાજેશભાઈ કુવારીયા (ઉ.૩૦)એ ગાંધીગ્રામ પોલીસમાં સાગર મહીપત ડાંગર, ખોડા લાલભાઈ ડાંગર અને સતીષ ઉર્ફે હરીયો બેગડો રાઠોડ સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે, રેલનગર પાસે આવેલ મૈસુર ભગત ચોકમાં અરવિંદભાઈ ડાંગરની જગ્યા પર સવાએક વર્ષ પૂર્વે મે બોકસ ક્રિકેટ શરૂ કરેલ હતું.બાદ દસ માસ ચલાવી આ બોકસ ક્રિકેટ મહીપત ડાંગરને પાંચેક મહિના પૂર્વે રૂ.૧૨.૨૧

લાખમાં વેચાણ કર્યુ હતું.આ વેચાણ કરેલ ત્યારે મૌખીક વાત થયેલ કે મારા ગ્રાહકો આવેલ તેની રૂ.૧૦૦૦ ફી પેટે મને રૂ.૧૦૦ કમીશન પેટે આપવાનું નક્કી થયું હતું. બાદમાં રાત્રીના ઉપરોકત હોટેલથી ઘરે જતો હતો ત્યારે સાગરનો ફોન આવ્યો અને કમીશન પેટે વાત કરવી જેથી તે ઓમ વે બ્રિજ પાસે ગયેલ ત્યારે સાગર અને ખોડો બોકસ ક્રિકેટના કમીશન પેટે બોલાચાલી થયેલ જેથી મારો મોટોભાઈ આવીને મને હોટેલ લઈ ગયેલ હતો.બાદ હોટેલ ઉપર હતો ત્યારે એક સફેદ કલરની કાર આવી તેમાંથી ખોડો અને સતીષ તલવાર લઈને ઉતરી તને કમીશન આપવાનું થતું નથી તારાથી થાય તે કરી લેજે કહી તલવાર વડે હુમલો કર્યો હતો અને જતા-જતા મારી નાખવાના ઈરાદે મારા પર કાર ચડાવવાનો પ્રયાસ કર્યો હતો.

આમ આ સાગર ડાંગરે કમીશન બાબતે થયેલ બોલાચાલીનો ખાર રાખી ખોડા અને સતીષને મને મારી નાખવાના ઈરાદે મોકલેલ હોવાની ફરિયાદ નોંધાવતા ગાંધીગ્રામ પોલીસે ત્રિપુટી સામે હત્યાના પ્રયાસ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી આરોપીઓને સકંજામાં લેવા તજવીજ શરૂ કરી છે.

# રાજકોટમાં બેકાબૂ ટ્રેઈલરે બે સ્કૂટરને ઉલાળતા સાસુ-વહુના મોત : ચાલક પિતા-પુત્રને ઈજા

## જનોઈ પ્રસંગમાંથી પરત ફરતી વેળાએ સર્જાયો અકસ્માત; પોલીસે ટ્રેઈલર ચાલકનો પીછો કરી પકડી પાડ્યો

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ શહેરમાં તાજેતરમાં જ બનેલી સીટી બસની અકસ્માતની ઘટનાની સાહી સુકાઈ નથી ત્યાં વધુ એક અકસ્માતની ઘટના સામે આવી છે. મોડી રાત્રે નવા દોઢસો ફુટ રીંગરોડ પર આવતા કોરાટ ચોક નજીક રસ્તો ઓળંગવા ઉભા રહેલા ગોંડલના પરિવારના બે સ્કુટરને બેકાબુ થયેલા ટ્રેઈલરના ચાલકે ઠોકરે લેતા સાસુ-વહુના ઘટનાસ્થળે જ મોત થયા હતા. તેમજ બન્નેના પતિને ઈજા થતા સારવારમાં ખસેડાયા છે તેમજ અકસ્માતની ઘટના બાદ ટ્રેઈલર ચાલકનો પીછો કરી પોલીસે પકડી લીધો હતો. આ ઘટનામાં શાપર-વેરાવળ પોલીસે ગુનો નોંધવા તજવીજ શરૂ કરી છે. તેમજ એક જ પરિવારનાં બે વ્યક્તિના મોતથી પરિવારમાં શોક છવાયો છે.

વધુ વિગતો અનુસાર ગોંડલના કૈલાસબાગ સોસાયટીમાં રહેતા મનોજભાઇ હરદાસભાઈ બાવનીયા (ઉ.વ.૪૯) (રામાનંદી સાધુ), તેમના



પત્ની જયોતિબેન (ઉ.વ.૪૯), પુત્ર વ્યોમ મનોજભાઈ (ઉ.વ.૨૫) અને પુત્રવધુ જાનવી (ઉ.વ.૨૩) એમ ચારેય બે અલગ અલગ સ્કુટર પર ગઈકાલે સવારથી તેમના સંબંધી રશ્મીબેન રજનીભાઈ દેવમુરારીના દીકરા રીપીની જનોઈ પ્રસંગમાં કટારીયા ચોકડી પાસે ભાવભુમી પાર્ટી પ્લોટમાં આવ્યા હતા. ગઈકાલે ત્યાં પ્રસંગ પુરો થયા બાદ રાત્રે એકાદ વાગ્યે બન્ને દંપતી પોતાનું સ્કુટર લઈ કોરાટ ચોક પાસે ટ્રાફીક હોય માટે રસ્તો ઓળંગતા હતા ત્યારે કાળ બનીને આવેલા ટ્રેઈલરના ચાલકે ઠોકરે ચડાવતા પ્રથમ જયોતિબેન પર અને બાદમાં ચાંદનીબેન પર વ્હીલ ફરી વળતા બન્નેના ઘટના સ્થળે જ મોત થયા હતા. જયારે પિતા મનોજભાઈ અને પુત્ર વ્યોમને ઇજા થતા સારવારમાં ખસેડાયા હતા.અકસ્માતની ઘટના બાદ બન્નેના મૃત દેહોને પોસ્ટમોર્ટમ માટે રાજકોટ સિવિલ હોસ્પીટલે ખસેડાયા છે. અકસ્માત સર્જયા બાદ ટ્રેઈલરનો ચાલક ભાગી ગયો હતો અને આ સમયે ત્યાં પોલીસ હાજર હોય પીછો કરી ચાલકને એક કી.મી. દુરથી પકડી લીધો હતો.

મનોજભાઈ બાવનીયા ગોંડલમાં પતંજલી હર્બલ સ્ટોરમાં નોકરી કરે છે. તેમને સંતાનમાં વ્યોમ એક પુત્ર છે. જયારે વ્યોમ પ્રાઈવેટ કંપનીમાં નોકરી કરે છે. તેમના એક વર્ષ પહેલા જ જાનવી સાથે લગ્ન થયા હતા. જાનવીનું માવતર કાલાવડના ઘુળશીયામાં આવેલું છે. તેમના પિતાનું નામ ધર્મેન્દ્રભાઈ અગ્રાવત છે અને પોતે એક ભાઈની એકની એક બહેન હતી. આ અકસ્માતની ઘટના મામલે પરિવારે પોલીસ પર આક્ષેપ કર્યો હતો કે પોલીસ હાલ હીટ એન્ડ રનની કલમ હેઠળ ગુનો નથી નોંધી રહી આરોપી અકસ્માત સર્જી ભાગ્યો હોય તો હીટ એન્ડ રનની કલ હેઠળ ફરીયાદ બને છે.જો પોલીસ હીટ એન્ડ રનની કલમ હેઠળ ગુનો નોંધશે તો જ બન્ને મૃતદેહો પોસ્ટમોર્ટમ કરવા દઈશું. જ કે આ મામલે હવે શાપર-વેરાવળ પોલીસ દ્વારા ફરીયાદ નોંધવા તજવીજ શરૂ કરાઈ છે. એક જ પરિવારના બેના મોતથી પરિવારમાં શોક છવાયો છે.

# સાયન્સમાં ગોંડલનું ૯૬.૬૦, સા.પ્ર.માં બનાસકાંઠાનું ૯૭.૨૦ ટકા પરિણામ

## વિજ્ઞાનપ્રવાહનું ૮૩.૫૧ અને સામાન્ય પ્રવાહનું ૯૩.૦૭ ટકા રેકોડબ્રેક રિઝલ્ટ : સાયન્સમાં મોરબી જિલ્લો ૯૨.૯૧ ટકા સાથે રાજ્યમાં મોખરે : દાહોદનું ૫૪.૪૮ ટકા સાથે સૌથી નીચું

**સમય મિરર | રાજકોટ**

શિક્ષણ બોર્ડ દ્વારા ફેબ્રુઆરી-માર્ચ મહિનામાં લેવામાં આવેલી ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાનું ૮૩.૫૧ ટકા અને સામાન્ય પ્રવાહનું ૯૩.૦૭ ટકા જેવું ઉદાર પરિણામ આવ્યું છે. ગત વર્ષે સાયન્સનું પરિણામ ૮૨.૪૫ ટકા અને કોમર્સનું પરિણામ ૯૧.૯૩ ટકા હતું. જેમાં આ વર્ષે સરેરાશ બે-બે ટકા જેટલો વધારો થયો છે.

ધો.૧૨ સાયન્સની પરીક્ષા ૧૬૨ કેન્દ્રો પરથી ૧૧૦૩૯૫ વિદ્યાર્થીઓએ આપી હતી. જે પૈકી ૮૩૯૮૭ વિદ્યાથીર્ઓ પાસ થયા છે. વિજ્ઞાન પ્રવાહમાં ૮૩.૭૯ ટકા વિદ્યાર્થી અને ૮૩.૨૦ ટકા વિદ્યાર્થીનીઓ ઉતીર્ણ થઇ છે.

રાજયમાં સૌથી ઉંચુ પરિણામ ગત વર્ષની જેમ આ વર્ષે પણ મોરબી જિલ્લાનું જ ૯૨.૯૧ ટકા આવ્યું છે. તો સૌથી ઓછું પરિણામ ૫૪.૪૮ ટકા દાહોદ જિલ્લાનું આવેલુ છે. કેન્દ્રોમાં સૌથી વધુ પરિણામ ગોંડલનું ૯૬.૬૦ ટકા અને સૌથી ઓછું દાહોદનું ૫૪.૪૮ ટકા આવ્યું છે.

ધો.૧૨ વિજ્ઞાનમાં એ-૧ ગ્રેડના સૌથી વધુ છાત્રો સુરતમાં ૨૪૭ છે. આ સિવાય અમરેલી જિલ્લામાં ૧૫, કચ્છમાં ૧૭, જામનગર ૧૭, જુનાગઢ ૨૪,



(તસ્વીર : દિવ્યરાજસિંહ સરવૈયા)

ભાવનગર ૩૫, મોરબી ૪૭, રાજકોટ ૮૬, સુરેન્દ્રનગર ૧૨, પોરબંદર ૨, બોટાદ ૪, દ્વારકા ૨, ગીર સોમનાથ પાંચ વિદ્યાર્થી નોંધાયા છે.

સાયન્સમાં ૧૦૦ ટકા પરિણામ ધરાવતી શાળાઓ ગત વર્ષે ૧૨૭ હતી જે આ વર્ષે વધીને ૧૯૪ થઇ છે. તો ૧૦ ટકાથી ઓછું પરિણામ ધરાવતી શાળાની સંખ્યા ૨૭માંથી વધીને ૩૪ થઇ છે. એ-૧ ગ્રેડમાં છાત્રો ઘટયા છે, ગત વષે ૧૦૩૪ અને આ વર્ષે ૮૩૧ નોંધાયા છે. તો એ-૨ ગ્રેડમાં પણ છાત્રો ઘટીને ૮૦૮૩ થયા છે.અંગ્રેજી માધ્યમનું પરિણામ ૮૩.૪૯ ટકા અને ગુજરાતી માધ્યમનું પરિણામ ૮૩.૭૭ ટકા આવ્યું છે. એ ગ્રુપના છાત્રોનું પરિણામ ૯૧.૯૦ ટકા, બી ગ્રુપનું ૭૮.૭૪ ટકા, એ-બી ગ્રુપનું ૭૩.૬૮ ટકા પરિણામ આવ્યું છે.

સામાન્ય પ્રવાહના પરિણામ પર નજર કરીએ તો આ પરીક્ષામાં નોંધાયેલા ૩૬૨૫૦૬ પૈકી ૩૩૭૩૮૭ વિદ્યાર્થી પાસ થયા છે. સૌથી વધુ પરિણામ બનાસકાંઠા જિલ્લાનું ૯૭.૨૦ ટકા અને સૌથી ઓછું વડોદરા જિલ્લાનું ૮૭.૭૭ ટકા આવ્યું છે. મીઠાપુર કેન્દ્રનું પરિણામ ૧૦૦ ટકા છે. તો સૌથી ઓછું પરિણામ ખાવડા કેન્દ્રનું ૫૨.૫૬ ટકા છે.

કોમર્સમાં ૧૦૦ ટકા પરિણામવાળી શાળા ગત વર્ષે ૧૬૦૯ અને આ વર્ષે વધીને ૨૦૦૫ થઇ છે. ૧૦ ટકાથી ઓછા પરિણામવાળી સ્કુલ ૨૧ છે. વિદ્યાર્થીઓનું પરિણામ ૯૦.૭૮ ટકા અને વિદ્યાર્થીનીઓનું ૯૫.૨૩ ટકા આવ્યું છે.

### ૧૦ ટકાથી ઓછું પરિણામ ધરાવતી શાળા વધતા શિક્ષણ મંત્રીએ ગૌરવ અનુભવ્યું

શિક્ષણની ગુણવત્તા ઘટી હોવાનું સામે આવ્યું તે શિક્ષણ મંત્રી કુબેર ડીંડોર માટે સારી બાબત છે, ધોરણ ૧૨માં ૧૦ ટકાથી ઓછું પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા વધી, આજે જાહેર થયેલા ૧૨ સાયન્સમાં ૧૦ ટકા થી ઓછું પરિણામ ધરાવતી શાળા ૩૪ સામે આવી, વર્ષ ૨૦૨૪માં ૧૨ સાયન્સમાં ૧૦ ટકાથી ઓછા પરિણામ વાળી ૨૭ શાળા હતી, ૧૨ સામાન્ય પ્રવાહમાં ૧૦ ટકા થી ઓછા પરિણામવાળી આ વર્ષે ૨૧ શાળાઓ છે, વર્ષ ૨૦૨૪માં ૧૨ સામાન્ય પ્રવાહમાં ૧૦ ટકાથી ઓછા પરિણામવાળી ૧૯ શાળા હતી.

# ભાવનગરમાં ભારે પવનથી સમુહલગ્નનો મંડપ ધરાશાયી

## બોટાદ, ગઢડા, ધોળકા સહિતના વિસ્તારોમાં ભારે પવન સાથે વરસાદ અને કરા પડ્યા : વાતાવરણમાં ઠંડક પ્રસરી

**સમય મિરર | ભાવનગર**

રાજ્યમાં હવામાન વિભાગે આપેલી કમોસમી વરસાદ ની આગાહી ને પગલે શરૂ થયો છે. ભાવનગર જિલ્લા અને શહેરના અનેક વિસ્તારોમાં ભારે પવન અને કરા સાથે વરસાદ થયો છે. ભાવનગર શહેરના કુંભારવાડા વિસ્તારમાં આવેલી અમર સોસાયટીમાં મકાન પર વીજળી પડી હતી.અમર સોસાયટીમાં એક મકાનમાં વીજળી પડતા મકાનની દીવાલનો થોડોક ભાગ ધરાશાઈ થયો હતો તેમજ મકાનમાં રહેલું વાયરીંગ ઇલેક્ટ્રોનિક્સ સામાનને વ્યાપક નુકસાન થયું હતું.તેમજ બાજુમાં રહેલા હીરાના કારખાનામાં પણ વ્યાપક નુકસાન થવા પામ્યું છે સદનસીબે કોઈ જાનહાની થઈ નથી. ભારે પવન અને વીજળીના કડાકા સાથે વરસાદ થતાં વલ્લભીપુર તાલુકાના રામપર, પીપળી,ચમારડી, પાટી સહિત



ગ્રામ્યમાં પણ વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત બોટાગ શહેરમાં પણ કડાકા ભડાકા સાથે વરસાદ થયો છે. જોરદાર પવનના કારણે ભાવનગર રોડ પર ગેટ ધરાશાયી થતાં થોડીવાર માટે વાહન વ્યવહાર ખોરવાયો હતો. જ્યારે ગઢડા રોડ પર આવેલ કેબીનના પતરા ઉડયા હતાં.

અમદાવાદના ધોળકામાં પણ કરા સાથે વરસાદ ખાબક્યો છે. ધોળકા શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં કરા સાથે વરસાદ વરસ્યો છે. કમોસમી વરસાદથી ડાંગરના પાકને નુકસાનની ભીતિ સેવાઈ રહી છે. આ ઉપરાંત અમદાવાદના નારોલ સહિતના વિસ્તારોમાં વાતાવરણમાં પલટો આવ્યો છે. ધૂળની ડમરી ઉડતા વાહન ચાલકો પરેશાન થયા હતાં. ભરૂચમાં પણ જંબુસર સહિતના વિસ્તારોમાં વરસાદ નોંધાયો છે. અમદાવાદ શહેરના પ્રહલાદનગર, શ્યામલ, નારોલ,બોપલ,શેલા, વસ્ત્રાપુર યુનિવર્સિટી સહિતના વિસ્તારોમાં ભારે પવન ફૂંકાયો છે. બીજી તરફ ખંભાતમાં પણ અનેક વિસ્તારોમાં કરા સાથે વરસાદ શરૂ થયો છે. કચ્છમાં પણ રાપરના જાટાવાડામાં કરા સાથે વરસાદ થયો છે. ધોળાવીરામાં કરા સાથે વરસાદ પડ્યો છે.

### ગાંધીનગરમાં ભારે પવનથી રામકથા મેદાનમાં મંડપ ઉડ્યો

સમગ્ર ગુજરાતમાં ભારે પવન અને કરા સાથે વરસાદ ખાબક્યો છે. અનેક વિસ્તારોમાં પવનને કારણે ધૂળની ડમરીઓ ઉડી છે. ગાંધીનગરમાં ભારે પવન સાથે વરસાદ થતાં રામ કથા મેદાનમાં સમૂહ લગ્નનો મંડપ ઉડ્યો હતો. ધૂળની ડમરીઓ ઉડતાં વિઝિબિલિટિ ઘટી ગઈ હોવાથી વાહન ચાલકો અટવાયા હતાં.

અઠવાડિયામાં સુરેન્દ્રનગર જિલ્લામાં બીજી વખત SMC ત્રાટકી

# સાયલાના વાંટાવછ ગામની સીમમાંથી વિદેશી દારૂની ૧૦,૩૬૩ બોટલ ઝડપાઈ

## બે શખ્સો ઝડપાયા, ૩૩ સામે ગુનો નોંધતી SMC, રૂા. ૧.૧૯ કરોડનો મુદ્દામાલ જપ્ત કરાયો : બુટલેગરોમાં ફફડાટ ફેલાયો



**સમય મિરર | સાયલા**

સુરેન્દ્રનગર જિલ્લો નશીલા પદાર્થોનું હોસ્ટસ્પોટ બન્યો છે. જિલ્લામાંથી સતત દારૂનો જથ્થો ઝડપાઈ રહ્યો છે. ત્યારે આજે સ્ટેટ મોનિટરીંગ સેલે ફરી સાયલામાં દરોડો પાડ્યો છે. વાંટાવછ ગામની સીમમાં ત્રાંટકી રૂા. ૧.૬૧ કરોડનો મુદ્દામાલ ઝડપી લીધો છે. જેમાં બે શખ્સની અટકાયત કરી ૩૩ સામે ગુનો દાખલ કર્યો છે.

સાયલા તાલુકાના વાંટાવછ ગામની સીમમાં દારૂનું કટિંગ ચાલતું હોવાની બાતમીના આધારે સ્ટેટ મોનિટરિંગ સેલએ દરોડો પાડયો હતો. એસએમસીની ટીમ ત્રાટકી ત્યારે દારૂ ભરેલી ટ્રકમાંથી પીકઅપ વાનમાં કટિંગ કરી દારૂ ભરવામાં આવતો હતો. એસએમસીના દરોડાના પગલે બુટલેગરોમાં નાસભાગ મચી હતી.

એસએમસીની ટીમે સ્થળ પરથી દારૂની કુલ ૧૦,૩૬૩ બોટલ (કિં.રૂ.૧,૧૯,૫૯,૯૦૦) ટ્રક, પીકઅપ, અને કાર (કુ.કિં. ૪૦ લાખ) તેમજ રોકડ રૂપિયા (૬૫૦૦) ઢોરને ચારો આપવાની ઘઉંની ૨૮૫ થેલીઓ (કુ.કિં.૧,૪૨,૫૦૦) સહિત રૂ.૧,૬૧,૦૮,૯૦૦નો મુદ્દામાલ ઝડપી પાડયો હતો. એસએમસીની તપાસ દરમિયાન આરોપીઓએ પશુચારાની આડમાં દારૂ ઘુસાડયો હોવાનું જાણવા મળ્યું હતું. દરોડા દરમિયાન રિતેશ ધર્મપ્રક્ષ ડાગર (રહે. હરિયાણા), પંકજ કૃણાલ સિંહ ડાગર (રહે.હરિયાણા)ને ઝડપી પાડવામાં આવ્યો હતો.

જ્યારે દારૂનો જથ્થો મંગાવનાર મુખ્ય આરોપી દેવેન્દ્ર બોરીચા (રહે. સુદામડા), દશરથસિંહ ચંદુભા ઝાલા (રહે. સુદામડા), છત્રપાલ સતુ દરબાર (પીકઅપ ગાડીનો ડ્રાઈવર અને તેનો માલિક), ટ્રક માલિક, એક કાર ચાલક અને બે અજાણ્યા, તેમજ અન્ય કાર અને ત્રણ અજાણ્યા, અન્ય થાર કારચાલક અને બે અજાણ્યા, અન્ય સ્વિફ્ટ કારનો માલિક, બ્લેક ટોયેટા કારનો માલિક, બ્લેક કલરની મહેન્દ્ર થારનો માલિક, તેમજ મુખ્ય આરોપી દેવેન્દ્ર બોરીચાના ૧૦ જેટલા અજાણ્યા વ્યક્તિઓ, દારૂનો જથ્થો ભરી આપી જનાર સોની પંજાબ ખાટે, તેમજ સોનુ શેઠ પંજાબ ખાતેથી ઝડપાયેલા ટ્રકનો જથ્થો મોકલનાર મુખ્ય સપ્લાયર સહિત કુલ ૩૧ લોકો નાસી જનાર તેમજ દરોડા દરમિયાન ઝડપાઈ જનાર બે શખ્સ સહિત કુલ ૩૩ લોકો સામે ફરિયાદ નોંધાવામાં આવી છે.

### સ્થળ પર પોલીસ પર હુમલાની ચર્ચા

પોલીસ વર્તુળોમાં ચાલતો ગણગણાટ અને લોકમુખે ચાલતી ચર્ચા અનુસાર દરોડા દરમિયાન એસએમસીના કર્મીઓ અને બુટલેગરો વચ્ચે ઘર્ષણ થયું હતું. બુટલેગરોએ પોલીસકર્મીઓ પર પથ્થરમારો કરી નાસી છુટયા હતા. જોકે, એસએમસીના અધિકારીઓને જ્યારે આ અંગે પૃછા કરતા તેમને પથ્થરમારો કે ઘર્ષણ થયું હોવાની વાતને નકારી કાઢી હતી.

# પડ્યા પર પાટુ : આંબાના બાગમાંથી ૨૦૦૦ મણ કેસર કેરીની થઈ તસ્કરી

## નવસારી જિલ્લાના ગામડાઓમાં ૧૫ દિવસમાં નિશાચરો ફરી વળ્યા : ખેડૂતોમાં ચિંતા

**સમય મિરર | નવસારી**

નવસારીના પૂર્વપટ્ટાના ગામોમાં કેરીની ચોરીની ઘટનાઓમાં ચોંકાવનારી વૃદ્ધિ થઈ રહી છે. નાગધરા, સાતેમ, કુંભારફળિયા, સરપોર, ગોપીવાડી, મહુડી, પુણી, ડબલાઈ, બુટલાવ, ભૂલાફળિયા, નવા તળાવ, પારડી સહિત ૧૫ ગામોમાંથી ૧૫ દિવસમાં ૨૦૦૦ મણ કેરીની ચોરી થઈ રહી છે. જે ખેડૂતો માટે એક ગંભીર સમસ્યા બની ગઈ છે. ત્યારે આ મુદ્દે ખેડૂતોએ કલેક્ટરને આવેદન આપીને સુરક્ષા અને પોલીસ પેટ્રોલિંગની માગ કરી છે.

ચોરાયેલી કેરીઓ સુરત, અમદાવાદ, રાજકોટ અને વડોદરા જેવા શહેરોમાં વેચાણ માટે મોકલવામાં આવે છે. આ ચોરીના કારણે ખેડૂતોને મોટું નુકસાન થઈ રહ્યું છે, ખાસ કરીને જ્યારે ગ્લોબલ વોર્મિંગના કારણે પાકમાં ઘટાડો થઈ રહ્યો છે.

નવસારીના પૂર્વપટ્ટીના ગામડાઓમાં કેરી ચોરીની ઘટનાઓ વધી રહી છે. ૧૫ ગામોમાંથી ૧૫દિવસમાં લગભગ ૨૦૦૦ મણ કેરીની ચોરી થઈ રહી છે. દરેક ગામમાંથી ૧૦૦થી ૧૫૦ મણ જેટલી કેરીની ચોરી નોંધાઈ છે.આ સમસ્યાથી પરેશાન થયેલા ખેડૂતોએ નવસારી જિલ્લા અધિક કલેકટરને આવેદન આપ્યું છે. તેમણે પોલીસ



સુરક્ષા અને સતત પેટ્રોલિંગની માંગ કરી છે. ખેડૂતોએ આવેદનમાં ખેત મજૂરો અને તેમના બાળકો દ્વારા ચોરી થવાની શંકા વ્યક્ત કરી છે.

ખેતીમાં કામ કરતા મજૂરો અને તેમના બાળકો રાત્રિના સમયે આંબાવાડીમાં જઈને કેરી તોડી તેની ચોરી કરે છે. ત્યારબાદ આ કેરી ગેરકાયદે વેચાણ કરતા લોકોને આશરે ૫૦૦ રૂપિયા મણમાં વેચીને રોકડી કરે છે, ઓછા ભાવે ખરીદીને તે વેપારીઓ આ કેરીને ૧૫૦૦થી વધુ રૂપિયામાં વેચી નાખે છે. જેથી ખેડૂતો અને વાડી રાખનાર દેવીપૂજક સમાજને મોટું નુકસાન થઈ રહ્યું છે.

# સૌથી વધારે મહિલાઓ ગુજરાતમાં સુરક્ષિત છે : ગૃહરાજ્યમંત્રી સંઘવી

## પાટીદાર અગ્રણીના નિવેદન સામે ગૃહમંત્રીનો જવાબ



**સમય મિરર | અમદાવાદ**

અમદાવાદના સરધારધામ ખાતે પાટીદાર અગ્રણી ગગજી સુતરિયાએ દિકરીઓને કમરે રિવોલવર લટકાવવાની સલાહ આપતુ નિવેદન આપતા સમગ્ર રાજ્યમાં ચર્ચાનો વિષય બન્યો છે. જ્યારે તેના નિવેદન સામે રાજ્યના ગૃહમંત્રીએ જણાવ્યું હતું કે, સૌથી વધારે મહિલાઓ ગુજરાતમાં સુરક્ષિત છે. બન્ને આગેવાનોના નિવેદનથી રાજ્યમાં આ મુદ્દો ટોક ઓફ ધ ટાઉન બન્યો છે. હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે, તેમણે મહિલા સશક્તિકરણની વાત કરી છે. તેઓ સરદારધામ સાથે જોડાયેલા છે. આ સંસ્થા મહિલાઓને સશક્ત બનાવવા પ્રયત્ન કરે છે. દેશમાં મહિલાઓ સૌથી વધુ ગુજરાતમાં જ સુરક્ષિત છે. ૧૦૦ દિવસની અંદર પીડિત મહિલાઓને ન્યાય અપાવવાના ઉદાહરણ છે. મહિલાઓ પરના અત્યાચાર કેસમાં ઝડપી કેસ ચલાવ્યા છે.


# IIM અમદાવાદના વિદ્યાર્થીએ AIનો ઉપયોગ કરી માર્કેટિંગમાં મેળવ્યો A+ પ્લસ

## અઈના ઉફયોગ પર શિક્ષણ જગતમાં ભારે ચર્ચા

**સમય મિરર | અમદાવાદ**

યુગાંતર ગુપ્તાએ જણાવ્યું કે IIM અમદાવાદમાં સાહિત્યચોરી સંપૂર્ણપણે પ્રતિબંધિત છે, પરંતુ AI નો ઉપયોગ માન્ય છે.

તેમના માર્કેટિંગ પ્રોજેક્ટમાં AI ના ઉપયોગથી તેમને A+ ગ્રેડ મળ્યો, જે સામાન્ય રીતે ફક્ત ટોચના ૫ ટકા વિદ્યાર્થીઓને જ મળે છે. આ પોસ્ટથી શિક્ષણમાં AI ના વધતા પ્રભાવ અને ઉપયોગ પર ચર્ચા શરૂ થઈ છે.



પોસ્ટમાં તેમણે લખ્યું, IIM અમદાવાદ ખાતે MBA પ્રોગ્રામમાં સોંપણીઓ અને પ્રોજેક્ટ્સ માટે હંમેશા ઘણી મહેનતની જરૂર પડે છે. સાહિત્યચોરીની મંજૂરી નથી, પરંતુ AIનો ઉપયોગ કરી શકાય છે. મને એ જાણીને આશ્ચર્ય થયું કે ChatGPT દ્વારા તૈયાર કરાયેલા અસાઈનમેન્ટે મને A+ ગ્રેડ આપ્યો, જે IIM અમદાવાદમાં સૌથી વધુ ગ્રેડમાંનો એક છે.

યુગાંતરે જણાવ્યું કે તેમના માર્કેટિંગ પ્રોજેક્ટ માટે, તેમણે આઠ સ્ટોર્સની મુલાકાત લીધી, ગ્રાહકોનું અવલોકન કર્યું અને તેમના પ્રશ્નોની વોઈસ નોટ્સ લીધી. આ નોંધો ChatGPT માં દાખલ કર્યા પછી, અઈ એ એક શાનદાર રિપોર્ટ જનરેટ કર્યો જેણે તેમને A+ ગ્રેડ મેળવ્યો. તેમણે એ પણ શેર કર્યું કે કેમ્પસમાં પાછા ફર્યા પછી, તેમણે ChatGPT પર પોતાનો ઓડિયો ટ્રાન્સક્રિપ્ટ અપલોડ કર્યો અને તેના આધારે પોતાનો પ્રોજેક્ટ તૈયાર કર્યો.

# રાજકોટની ફ્રિલાન્સર યુવતિ પર ઉજ્જૈન, ધારી, ઉદયપુર અને મુંબઈની હોટેલમાં પ્રેમીનું દુષ્કર્મ

## સોશિયલ મીડિયામાં સંપર્ક થયા બાદ લગ્નની લાલચ આપી વારંવાર દેહ અભડાવ્યો : ફરિયાદ

**સમય મિરર | રાજકોટ**

રાજકોટના કાલાવડ રોડ પર રહેતી યુવતીએ તેની ફરીયાદમા અટીકા ફાટક પાસે આવેલા અર્જુન પાર્કમા રહેતા દર્શન ભુપેન્દ્રભાઇ પીઠડીયાનુ નામ આપતા તેમની સામે દુષ્કર્મ અંગેની ફરીયાદ નોંધવામા આવી છે. આ ઘટનામા ગાંધીગ્રામ પીએસઆઇ વી. ડી. રાવલીયા તપાસ ચલાવી રહયા છે. યુવતીએ પોતાની ફરીયાદમા આક્ષેપો સાથે જણાવ્યુ હતુ કે પોતે ઘરે બેઠા ઓનલાઇન ફ્રિલાન્સીંગનુ કામ કરે છે. સાતેક મહીના પહેલા તેણી પંચાયત ચોક પાસે આવેલા પેટ્રોલ પંપ નજીકની એક એકેડેમીમા લેકચરર તરીકે નોકરી કરતી હતી.

ત્યારબાદ તેમણે એક સાશિયલ મીડિયા એપ મારફતે દર્શનનો સંપર્ક



થયો હતો અને બાદમા બંને વચ્ચે વાતચીત થયા બાદ બંને એકબીજાની નજીક આવતા પ્રેમ પાંગર્યો હતો અને એક દિવસ ઓફીસમા કામ કરતી યુવતીનો જન્મદિવસ હોય જેથી ફરીયાદી, આરોપી દર્શન અને બધા મિત્રો ધારીમા આવેલા સુર્યા હિલ વ્યુ રીસોર્ટ એન્ડ સ્પા ખાતે ગયા હતા અને ત્યા આ દર્શને તુ મને બહુ ગમે છે તારી સાથે લગ્ન કરીશ તેમ કહી શરીર સબંધ બાંધ્યો હતો. ત્યારબાદ ત્યાથી સાળંગપુર ગયા હતા અને તા. ૩૧-૧૦ નાં રોજ તેઓ ઉજજૈન ખાતે યુવતીની કાર લઇ બંને હોટેલમા રોકાયા હતા. હોટેલમા રાત્રી રોકાણ દરમ્યાન પણ આરોપી એ શરીર સબંધ બાંધ્યો હતો.

ત્યારબાદ ત્યાથી ઓમકારેશ્વર મંદિર ખાતે દર્શન કર્યા હતા અને ત્યાથી ઉદેપુર ખાતે હોટલનો રૂમ ભાડે રાખી ત્યા ૩ દિવસ રાત્રી રોકાણ કર્યુ હતુ અને ત્યા પણ આરોપીએ શરીર સબંધ બાંધ્યો હતો. ત્યારબાદ બંને ત્યાથી પરત રાજકોટ ખાતે આવી પહોંચ્યા હતા અને આરોપીનો સંપર્ક ફરીયાદીની માતા સાથે થયો હોય જેથી આરોપીઓ અવાર નવાર યુવતીને મળવા ઘરે આવતો હોય ત્યા પણ આરોપીએ શરીર સબંધ બાંધ્યો હતો. ત્યાથી રાજકોટથી ગોવા ફરવા માટે ૭ દિવસ ગયા હતા ત્યા પણ શરીર સબંધ બાંધ્યો હતો. ત્યારબાદ જાન્યુઆરી ૨૦૨૫ મા ધારી ખાતે રીસોર્ટ ગયા હતા ત્યા પણ શરીર સબંધ બાંધ્યો હતો. ત્યારબાદ ૯-૪ નાં રોજ દર્શનને મુંબઇ ખાતે છોકરી જોવા જવાનુ હોય જેથી ત્યા છોકરી જોવા ગયો હતો અને તે સમયે દર્શને કહયુ કે હું લગ્ન તો તારી સાથે કરીશ આતો પરીવારમા આ છોકરી સબંધી થાય છે એટલે જોવા જવાનુ છે. ત્યારબાદ છોકરી પસંદ પડી જવાની વાત યુવતીને કરતા યુવતીને મનાવીને રાજકોટની ગેલેકસી હોટલમા લઇ જઇ ત્યા પણ શરીર સબંધ બાંધ્યો હતો. ત્યારબાદ દર્શને મુંબઇ ખાતે સગપણનુ નકકી કરી નાખ્યુ હતુ અને ફરીયાદી યુવતીને તરછોડી અને તેણીને ફોન કે કોલ કરવાની ના પાડી અને સબંધ તોડી નાખતા અંતે યુવતીએ પોલીસમા ફરીયાદ નોંધાવી હતી.

# સમાજને માર્ગદર્શન : દાહોદના ધારાસભ્ય કનૈયાલાલ કિશોરીએ સમુહલગ્નમાં ફેરા ફર્યા

## તમામ દંપતીઓનો ખર્ચ ઉઠાવ્યો, કન્યા દાન કર્યુ



**સમય મિરર | દાહોદ**

દાહોદના ભાજપના ધારાસભ્યએ સમાજને પ્રેરક સંદેશ આપ્યો છે. ધારાસભ્ય કનૈયાલાલ કિશોરીએ મુખ્યમંત્રીની હાજરીમાં બિરસા મુંડા ટ્રસ્ટ આયોજીત સમુહલગ્નમાં લગ્ન કરી પ્રભુતામાં પગલા માંડ્યા હતાં. સીએમએ નવદંપતિઓને આશિર્વચન પાઠવ્યા હતાં.

મહત્વની વાત એ હતી કે આ સમુહ લગ્ન મહોત્સવમાં બાકીના ત્રણ યુગલોના લગ્નનો તમામ ખર્ચ કનૈયાલાલ કિશોરીએ ઉપાડ્યો હતો. એટલું જનહીં ત્રણેય કન્યાઓનું કન્યાદાન પણ તેમણે કર્યુ હતું. આ સાથે નવદંપતિને જરૂરી ઘરવખરી પુરી પાડી હતી.

વર્તમાન સમયમાં ચાલતી મોંઘા સાદગીપૂર્ણ રીતે સમુહ લગ્નોત્સવ અંતર્ગત લગ્ન કરવાની આ પહેલને સમાજના મોભીઓ દ્વારા પણ વધાવી લેવાઇ છે અને સમાજના આગેવાનોએ આને આવનાર સમયમાં લગ્નગ્રંથી જોડાનારા યુગલો માટે એક ઉદાહરણરુપ ગણાવી રહી છે.